બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

સપ્ટેમ્બર-૨૦૨૧

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૮, અંક : ૦૯, સળંગ અંક : ૨૧૨

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●

| | | |
|---|---|---|
| 01 | ગૈરો સાથે મુસ્લિમ છોકરીઓ ભાગવાના સબબો અને તેનો ઈલાજ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 18 |
| 06 | કાનૂને શરીઅત | 22 |
| 07 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 25 |
| 08 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ના હાલાત.... | 28 |
| 09 | મુજાહિદે અકબર મુજદ્દિદે અલ્ફેષાની હઝરત શયખ અહમદ સરહિંદી رضی اللہ عنہ | 31 |
| 10 | આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની ભલી આદતો તથા નેક સોચ | 33 |
| 11 | કોના માટે ફરિશ્તા મગફેરતની દુઆ કરે છે ? | 37 |
| 12 | 'અહલે સુન્નત' તથા 'વહાબી અહલે હદીષ'ના બે પાયાના મતભેદો | 42 |
| 13 | મુસીબતઝદાઓને મદદ કરવાવાળા જન્નતી છે | 47 |

**તાજદારે એહલે સુન્નત હૈ ઈમામ અહમદ રઝા**

❑ નઝમ : કારી નસીર એહમદ રઝવી ❑

તાજદારે એહલે સુન્નત હૈ ઈમામ અહમદ રઝા
ચશ્મએ ફૈઝે રિસાલત હૈ ઈમામ અહમદ રઝા
વો મુજદ્દિદ ચૌદવી હિજરી કે બેશક ! લા જવાબ
માહતાબે ઈલ્મો હિકમત હૈ ઈમામ અહમદ રઝા
જિસ્કે દમસે હો ગયા કોહરામ બરપા નજદમેં
કાતએ કુફ્રો દલાલત હૈ ઈમામ અહમદ રઝા
સુન્નિયત કી લાજ રખી હૈ જિન્હોંને તા હયાત
પાસબાને દીનો મિલ્લત હૈ ઈમામ અહમદ રઝા
કહ દિયા દાનિશ્વરોંને આપકો બે મિષ્લ ગુલ
ગુલશને તૈયૂબાહ કી નકહત હૈ ઈમામ અહમદ રઝા
કી બગાવત આપસે જિસને વો મુર્તદ હો ગયા
શાહે બતહા કી અમાનત હૈ ઈમામ અહમદ રઝા
આ ગએ વો બાતિલોં કે વાસ્તે બનકર એતાબ !
એહલે સુન્નત કી કયાદત હૈ ઈમામ અહમદ રઝા
ખમ કિયા એહલે અરબને સરકો જિસ્કે સામને
વો મુજદ્દિદે દીનો મિલ્લત હૈ ઈમામ અહમદ રઝા
ફૈઝ જારી હી રહેગા તા કયામત અય ''નસીર''
મખ્ઝને ફૈઝાને રહમત હૈ ઈમામ અહમદ રઝા

# ગૈરો સાથે મુસ્લિમ છોકરીઓ ભાગવાના સબબો અને તેનો ઈલાજ

તંત્રી લેખ..

વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પર અવારનવાર મુસ્લિમ છોકરીઓ ગૈરક઼ૌમના છોકરાઓ સાથે ચાલી જવાના સાચા કે જૂઠા આંકડાઓ વારંવાર શેર થતા જોવા મળે છે. અવનવા કિસ્સા આ સંબંધે સાંભળવા મળે છે. આ બધી વાતોમાં કેટલું તથ્ય છે એ તો અલ્લાહ જ બેહતર જાણે પણ એક વાત નિશ્ચિત છે કે મુસ્લિમ છોકરીઓ ગૈરના ફંદામાં ફસાયને પોતાની દુનિયા તથા આખેરત બંને બર્બાદ કરી રહી હોવાના બનાવો તો બની જ રહ્યા છે. બલ્કે કેટલાક સમયથી મુસ્લિમ દુશ્મન કેટલાંક કોમવાદી હિંદુ સંગઠનો બાક઼ાયદા પોતાના સ્ટેજો પરથી મુસ્લિમ છોકરીઓને ફસાવવા માટેનાં એલાનો કરી રહ્યા છે. હિંદુ છોકરાઓને છ મહિનામાં ૨૧૦૦ મુસ્લિમ છોકરીઓને ફસાવીને શાદી કરવાનો ટાર્ગેટ આપી રહ્યા છે. અને આ કામ કરનારા ફસાદીઓને બે બે લાખ રૂપિયા રોકડા ઈનામ અને ક઼ાનૂની મદદ પૂરી પાડવાની પેશકશ કરી રહ્યા છે. આ કેવી દોગલી પોલીસી છે કે એક તરફ ઈસ્લામ જેવા પવિત્ર ધર્મમાં જ્યાં 'લવ જેહાદ'ની કોઈ કલ્પના પણ નથી છતાં મુસ્લિમ છોકરો હિંદુ સાથે શાદી કરે તો તેને 'લવ જેહાદ', 'લવ જેહાદ' કહીને એક જબરદસ્ત તૂટ ચલાવવામાં આવી રહ્યું છે બલ્કે એના નામથી ક઼ાયદા બની રહ્યા છે ! અને બીજી બાજુ મુસ્લિમ છોકરીઓને ફસાવવાની બાક઼ાયદા ચળવળ ખુલ્લે આમ ચાલી રહી છે ! દેશની એકતા તથા અખંડિતતા અને ભાઈચારાને તોડવાનું કાયદેસર રીતે ષડયંત્ર ચાલી રહ્યું છે જેને રોકનાર જાણે હવે કોઈ જ નથી ! આવા નાઝુક સમયે મુસલમાનોએ સાવધાન થવાની અને તેમના ગલત મનસૂબાઓને નાકામ કરવા માટે વિચારણાપૂર્વક પગલાં ભરવાની જરૂર છે.

## ★ મુસ્લિમ છોકરીઓ ગૈરો સાથે શા માટે ભાગી રહી છે ? ★

વિચારવાની વાત છે કે **કુફ્ર** અને **ઈસ્લામ** આ બે વિરોધાભાષી ચીજો છે. પ્રથમ જે છે એ ઈન્સાન માટે ભયાનક છે કે જેને અપનાવવાથી માનવી જહન્નમનો હક્ક઼દાર બની જાય છે, જ્યારે બીજાને અપનાવી રાખવાથી માનવી દુનિયામાં ભલે ગમે તેવી તકલીફવાળી જિંદગી જીવી જશે પણ ઈસ્લામ અને ઈમાન પર મરશે તો હમેશાંની જન્નતનો હક્ક઼દાર બનશે. દરેક મુસલમાન બાળકથી લઈને યુવાન વૃદ્ધ દરેકના દિલો દિમાગમાં આ વાત ગંભીરપણે અને મજબૂતીપૂર્વક જામેલી હોવી જોઈએ, તો કદાપિ કોઈ મુસ્લિમ છોકરો છોકરી હિંદુ કે અન્ય ગૈર મુસ્લિમ સાથે શાદી કરવાની કલ્પના પણ કરશે નહીં. કેમ કે એ કામ તેને ઈસ્લામથી અને ઈમાનથી ખાલી કરીને કુફ્રમાં સપડાવી દેશે જેનાથી તે આખેરતમાં હમેશાંની જહન્નમમાં સળગવાને પાત્ર થઈ જશે. **આ પાયાનો અક઼ીદો છે જેને દરેક માબાપે પોતે પણ સમજીને પોતાની ઔલાદના દિલો દિમાગમાં બેસાડવો જોઈએ.** પણ માબાપો આ બાબતે ગંભીર નથી, દીન ઈમાન બાબતે ન પોતે ગંભીર છે ન પોતાનાં બાળકોને આ બાબતે તૈયાર કરે છે. પોતાનાં બાળકોને મોડર્ન એજ્યુકેશનની તા'લીમ અપાવવા હજારો ખર્ચે છે પણ દીન ઈમાન કે જેના પર આપણી હમેશાંની જિંદગી આખેરતનો આધાર છે તેની તા'લીમ માટે કોઈ ખાસ આયોજન હોતુ નથી. **કઈ બાબતો કરવાથી માણસ ઈસ્લામમાંથી નીકળી કુફ્રની ગુમરાહીમાં પડી જાય છે એ**

web: www.barkatekhwaja.net

**બાબતોનું જ્ઞાન અપાવવાની કોઈ દરકાર લેવામાં નથી આવતી.** ઈલ્લા માશા અલ્લાહ ! દુનિયવી એજ્યુકેશન માટે પાંચ વરસની ઉમરથી લગભગ ૨૫ વરસની ઉમર સુધી વિવિધ ડિગ્રીઓ મેળવવા સઘળો અરસો નાણા, સમય તથા સર્વ કુર્બાની આપવામાં આવે છે પણ **જે ઈલ્મ દરેક મુસલમાન પર ફર્ઝ છે તેના માટે કોઈ ખાસ આયોજન થતુ નથી ન તેના માટે ગંભીરતાથી વિચારવામાં આવે છે.** જેથી છોકરા છોકરીઓ ઈસ્લામ તથા ઈમાનનું મહત્વ સમજી શક્તાં નથી અને કેવળ કહેવાનાં મુસ્લિમ રહી જાય છે, કુફ્ર અને ઈસ્લામમાં શું ફર્ક છે તેનું એમને ભાન હોતુ નથી, અને મા બાપ તરફથી મોબાઈલની સુવિધા તથા ગમે ત્યાં હરવા ફરવાની છૂટ હોય છે જેથી નાદાન છોકરીઓ ગૈરોની લપસણી મીઠી મીઠી વાતોમાં આવી જઈ, તેમની વાતોને સાચો પ્રેમ સમજીને ફસાય જાય છે અને છેવટે ભાગી જઈને પોતાની દુનિયા તથા આખેરતને બર્બાદ કરી નાખે છે.

## ★ દરેક મુસલમાન પોતાના ઘરની હાલત વિશે ગંભીરતાથી વિચારે ★

આપણે આપણી જાતને મુસલમાન કહીએ છીએ પણ દિલ પર હાથ રાખીને કહો કે તે ઈમાન તથા ઈસ્લામ જે આપણને જન્નતમાં લઈ જશે તેની રક્ષા માટે તમે શું વ્યવસ્થા કરી છે ? શું તમારા ઘરમાં કોઈ પુત્ર કે પુત્રીને આલિમ કે આલિમા બનાવેલ છે કે જે ઘરવાળાંને ઈમાન તથા ઈસ્લામની સતત તા'લીમ આપતાં રહે ? તૌહીદ તથા રિસાલત શું છે એ સમજવા માટે તમારા ઘરમાં કોઈ કિતાબ છે ? અલ્લાહની તથા નબી પાક ﷺની મહોબ્બત આપણા દિલમાં કેવી હોવી જોઈએ એને સમજાવતુ કોઈ પુસ્તક તમારા ઘરમાં છે ? ગુનાહોથી બચવા સમજાવતાં કેટલાં પુસ્તકો તમારા ઘરમાં છે ? કેટલાં દીની "સુન્ની માસિકો" જેમ કે તમારા ઘરમાં "બરકાતે ખ્વાજા" વગેરે દર મહિને આવે છે ? શું કુર્આન શરીફનો શ્રેષ્ઠ ઉર્દૂ તર્જુમો "કન્ઝુલ ઈમાન" જે ગુજરાતીમાં પણ મળે છે તે તમારા ઘરમાં છે ? અલ્લાહનું ફર્માન કે, "નબી પાક ﷺની જિંદગી તમારા માટે શ્રેષ્ઠ નમૂનો છે" તો એ નબી પાક ﷺના જીવનચરિત્રની, આપના કથનો તથા અખ્લાક઼ દર્શાવતી કોઈ કિતાબ છે તમારે ત્યાં ? પોતાને આશિકે રસૂલ, આશિકે ગૌષે, આશિકે હુસૈન વગેરે કહો છો તો એમની સીરતની તથા તેમનાં આદેશો વર્ણવતી કોઈ કિતાબ છે તમારે ત્યાં ? માફ કરજો મને પણ 95% લોકોના તરફથી જવાબ "ના"માં હશે. અને કિતાબો છે ક્યાંક તો તેનો કેટલો અભ્યાસ થાય છે ? કુર્આનનો તર્જુમો તથા તફસીર પ્રતિ અમુક ભાગ્યે જ નજર કરનારાં હશે. કોને ફુરસત છે !

web.www.barkatekhwaja.net

બીજી બાજુ વર્તમાનકાળનું સૌથી દુરૂપયોગ થઈ રહેલ યંત્ર મોબાઈલ, સ્માર્ટ મોબાઈલ ! એ દરેકના હાથમાં હશે. લગભગ યુવાનો, વડીલો બલ્કે બાળકો સૌ પોતાની અમૂલ્ય જિંદગીના અગણિત કલાકો તેની પાછળ વેડફી રહ્યા છે. 99% છોકરા છોકરીઓ, યુવાનો, વડીલો તેનો કોઈ સારા કામ માટે ભાગ્યે જ અને જુઝ જ ઉપયોગ કરે છે, બલ્કે ફુઝૂલ કામો બલ્કે હરામ ગેમો તથા હરામ ડ્રામાઓ પાછળ સઘળો સમય ખર્ચે છે. બલ્કે કેટલાક લોકો બિભત્સ ફિલ્મો બલ્કે ગંદી ફિલ્મો, ઝિનાના મન્ઝરો જોવા પાછળ ખોવાય જઈને કલાકોના કલાકો કાઢી નાખે છે, રાત રાતભર જાગીને દિલો દિમાગની તબાહી વહોરી લે છે અને એનાથી અનેક ખરાબીઓ સમાજમાં જન્મ લઈ રહી છે અને દીનથી દૂર લોકો જઈ રહ્યા છે. જ્યારે આ જ પરિસ્થિતિ સમાજની હોય તો શું સારી અપેક્ષા આપણી ઔલાદથી આપણે રાખી શકીએ. શેરીઓમાં, ઓટલાઓ પર ઠેરે ઠેર છોકરાઓના ટોળા, છોકરીઓ પણ ઘરોમાં કે બહાર સૌ સતત બીઝી રહે છે શેમાં ? મોબાઈલમાં !

ટી.વી.ની ખરાબીની તો એક હદ હતી કે ટી.વી. સામે જવું પડે પણ ડ્રામા જોવા કે ચેટિંગ કરવા મોબાઈલ તો મોઢે માથે ચાદર નાખીને પણ જોવાય રહ્યો છે !

## ★ મોબાઈલથી વોટસએપ, ફેસબુક વગેરે પર છોકરા છોકરીઓની ફ્રેન્ડશીપ શું છે ? ★

એક ઈમાનવાળા મો'મિને વિચારવું જોઈએ કે દોસ્તી તથા દિલી મહોબ્બતનો સંબંધ રાખવા વિશે ઈસ્લામ શું કહે છે ? હદીષે પાકમાં છે : **"જે જેની સાથે મહોબ્બત રાખશે તેનો હશ્ર કયામતમાં તેની સાથે થશે."** જો નેક મોમિન સાથે દોસ્તી તથા મહોબ્બત હશે તો તેની સાથે હશ્ર થશે અને ફાસિક઼ કે કાફિર સાથે દોસ્તી હશે તો તેની સાથે હશ્ર થશે. જે તેનો અંજામ થશે તે એનો થશે. ફાસિક઼ તથા કાફિરનો અંજામ નિશ્ચિત છે કે જહન્નમના અઝાબમાં પડશે, તો તેમને દોસ્ત બનાવનાર પણ તેમાં પડશે. જેથી નેક લોકોને દોસ્ત બનાવો, અલ્લાહવાળાઓથી મહોબ્બત રાખો તો કયામતમાં અંજામ પણ સારો થશે. પણ **સ્ત્રી પુરૂષની દોસ્તી તથા મહોબ્બતને નિકાહ વિના ઈસ્લામમાં કોઈ સ્થાન જ નથી. બલ્કે દોસ્તીના નામ પર જે કાંઈ થશે તે વ્યભિચાર પ્રતિ ક઼દમ વધારવું ગણાશે. ઈસ્લામમાં "બોયફ્રેન્ડ" કે "ગર્લ ફ્રેન્ડ"ની કોઈ કલ્પના પણ નથી.** ગૈર મર્દ કે ગૈર સ્ત્રી સાથે વિના જરૂરતે વાતચીત, જોવું કે મુલાકાત કે સાથે હરવુ ફરવું, સ્પર્શ કરવો, હસી મજાક સર્વ હરામ અને ઝિનામાં ગણાશે. ગૈર સ્ત્રીએ કે પુરૂષે એકબીજાને જોવું એ આંખનો ઝિના, ઝબાનથી વાતચીત કરવી ઝબાનનો ઝિના, હાથ વડે સ્પર્શ કે ચેનચાળા કરવા હાથનો ઝિના, પગો વડે ચાલી તેણી તરફ જવું પગોનો ઝિના, અને બધી ચીજો છેવટે નાજાઈઝ શરીર સંબંધમાં પરિણમે છે જે શરીરનો ઝિના છે. જેનો અંજામ જહન્નમની આગ છે. કુર્આનમાં છે : وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيْلًا "ઝિનાની નજીક પણ ન જાવ. બેશક ! તે બેહયાઈ છે અને ઘણો જ બુરો માર્ગ." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૩૨)*

ગૈર ધર્મવાળા સાથે કે સહધર્મી (મુસ્લિમ) સાથે પણ નિકાહ વિના જે સંબંધ દોસ્તીના નામે રાખવામાં તે વ્યભિચાર (ઝિના) છે અને તેની બુરાઈ ઉપરની આયતમાં ખુદ રબ તઆલાએ દર્શાવેલ છે. હદીષે પાકમાં નબી કરીમ ﷺના આદેશો પણ જોઈ લો :

- ❑ ગૈર મેહરમ સ્ત્રી સાથે હાથ મિલાવે તો કાલે ક઼યામતના દિવસે એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે, અને એ હાથોનો ઝિના છે. *(મુસ્લિમ, બુખારી)*
- ❑ જે ગૈર સ્ત્રીને જુએ તે આંખોમાં ક઼યામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે. અને જે ગૈર મેહરમને જુએ તેના પર અને જેના તરફ જોવામાં આવે તેના પર અલ્લાહની લઅનત છે.
- ❑ કોઈના માથામાં સોય ખોસી દેવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી. *(તિબ્રાની તથા બયહક઼ી)*
- ❑ કોઈ ગૈર સ્ત્રીના ખભાથી ખભા અડાડવો એ એના કરતાં બુરુ છે કે તમે કોઈ સુવ્વર સાથે શરીર અડાડો. *(તિબ્રાની તથા તરગીબ)*

જો તમે મુસલમાન છો તો ગંભીર બનીને વિચારો કે અલ્લાહ વ રસૂલ તરફથી આ ચેતવણીઓ આપણી ભલાઈ માટે જ છે પછી શા માટે પોતાની જાતને ઉંધા ધંધા કરીને બંને જહાનની મુસીબતમાં નાખવી ?! મુસલમાન

Web : www.barkatekhwaja.net

સ્ત્રી પુરૂષ વિના નિકાહે જ્યારે નથી મળી શકતાં તો જે છોકરા છોકરીઓ ગૈર ધર્મવાળાઓ સાથે ''ફ્રેન્ડશીપ'' કરે તો ઔર ભયાનક અંજામ થશે અને ઈમાન જવાનો પણ ખતરો ! અને એ તેની સાથે શાદી કરે તો અધિક રીતે બંને જહાનની તબાહી છે. છોકરા છોકરી વચ્ચે ''ફ્રેન્ડશીપ'' એ વાસનામય આકર્ષણ સિવાય કાંઈ જ નથી કે જે અંતે વ્યભિચારમાં જ પરિણમે છે.

## ★ ઔલાદને ખોટા માર્ગોએ જતી બચાવવાનો ઈલાજ ★

જો તમે મુસલમાન છો તો સમજી લો રબ તઆલાનું આ ફર્માન કે :–

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ۚ وَ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدِ افْتَرٰۤى اِثْمًا عَظِيْمًا ﴿۴۸﴾

''બેશક ! **અલ્લાહ એને નથી માફ કરતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે** અને કુફ્રની નીચે જે કાંઈ છે (એ સિવાયના ગુનાહો) એમાંથી જેને ચાહે માફ કરી આપે છે. અને જેણે ખુદાનો શરીક (ભાગીદાર) ઠરાવ્યો તેણે મહાન ગુનાહનું તુફાન ખડુ કર્યું.'' *(સૂ. નિસાઅ, ૪/૪૮)*

દીન ઈમાનની વિરૂધ્ધનું કોઈ પણ કાર્ય માણસને હમેશાંની જહન્નમમાં નાખી દે છે. આ બાબત આપણા બાળકોને સતત સમજાવતા રહેવું જોઈએ, તો મોટાં થતાં એની ગંભીરતાને ધ્યાનમાં રાખે અને કોઈ કુફ્ર તથા શિર્કના કામમાં ન પડે. જે છોકરો કે છોકરી ગૈર મઝહબવાળા સાથે શાદી કરે અને તેનો ધર્મ સ્વીકારી લે તો મુશ્રિક બની જશે. અને કુફ્રી કામો કરશે, કેમ કે ત્યાં અલ્લાહને છોડીને અન્ય મઅબૂદો મૂર્તિઓની પૂજા છે તેમાં સપડાશે અને હમેશાંની જહન્નમની હક્કદાર બની જશે. બલ્કે કોઈ એવું કહે કે અમે તેમનો ધર્મ નહીં અપનાવીએ, તો પણ સાથે રહેવાથી સતત વ્યભિચારનો ગુનો તો થશે જ ! અને તે જે શિર્ક કરશે તેમાં તમે રાજી રહેશો, કેમ કે તેની જ સાથે રહેવાનુ છે તો પણ તમે ઈસ્લામથી નીકળી જશો. કોઈને જો તમે કેવળ એટલુ જ કહો કે, ''તમે પૂજા કરી લો'' તો એ કુફ્રમાં રાજી રહેવું છે અને એ પણ કુફ્ર છે.

દુનિયાભરની વાતો બાળકોને શીખવાડો છો પણ આ પાયાની વાત જરૂર શીખવાડો તો કદાપિ તમારુ બાળક ખોટા રવાડે ચડશે નહીં. ઈન્શા અલ્લાહ ! તેને એ તાલીમ આપો અપાવો કે ખુદાની ગુસ્તાખી કરનાર, ખુદા માટે ખોટા શબ્દો બોલનાર કે રસૂલુલ્લાહ ﷺ માટે અપમાનજનક શબ્દો બોલનાર કાફિર થઈ જાય છે. તેમજ અન્ય દીન ઈમાન વિશે, નેક અમલો વિશે, ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ વિશે તાલીમ આપો અપાવો. એના માટે મોબાઈલથી નહીં ! કેમ કે મોબાઈલ પર ઈસ્લામના નામે કેટલીય ચેનલો યહૂદીઓએ ચાલુ કરેલી છે. બાતિલ ફિર્ક઼ાઓ શીઆ, વહાબી, ક઼ાદયાની વગેરેની પણ છે, તો તેમાં ગુંચવાશે તો ઔર મુસીબતમાં પડશે. કેમ કે હક્ક઼ તથા બાતિલ (ખોટા)નો ફરક એને નહીં સમજાય. જેથી તમો ઘરોમાં દીની સુન્ની સાહિત્ય ''કન્ઝુલ ઈમાન'' (કુર્આનનો તર્જુમો–તફસીર) બહારે શરીઅત, ક઼ાનૂને શરીઅત, સીરતે રસૂલે અરબી ﷺ .... વગેરે કિતાબોની લાયબ્રેરી બનાવો અને સુન્ની માસિકો જેમ કે **બરકાતે ખ્વાજા,** તયબહ, અલ મુઈન, ફયઝે રઝા, અલ અશરફ, અલ મદીના વગેરેમાંથી જે ચાહો મંગાવો જેમાં દીન ઈમાનની, નેક રાહે ચાલવાની તાલીમ સતત આવતી હોય છે. દુનિયવી કામો માટે હજારો ખર્ચો છો. બીમાર પડયા તો ડોક્ટર કહે તેટલી રકમ હાજર કરી દો છો ! તો દીનની તાલીમ માટે ૨૦૦–૫૦૦–૧૦૦૦ વરસે નહીં ખર્ચી શકો ?! વિચારો ! ગંભીરતાથી વિચારો અને દીની લાયબ્રેરી ઘરમાં ઉભી કરો, તેનો સતત થોડો થોડો અભ્યાસ કરતા રહો તો દીની ઈલ્મની રોશની તમને ગુમરાહી

તથા તબાહીમાં જતાં બચાવશે. ઈન્શા અલ્લાહ ! **"અમારે ત્યાં માસિક તથા કિતાબો હવે ન મોકલતા, કેમ કે કોઈ વાંચનાર નથી !"** એવા સંદેશા પ્રકાશન સંસ્થાઓને ન મોકલો કે જેઓ તમારા ઘરમાં દીની ઈમાની ઈલ્મની રોશની ફેલાવવા ચાહે છે. એ રોશનીને તમારા ઘરોમાં આવવા દો તો તમારી ઔલાદ અને તમો સૌ ગુમરાહીથી બચી જશો.

## ★ અંતમાં ગૈરો પ્રતિ આકર્ષાતી મુસ્લિમ બહેનોને દર્દભરી અપીલ ★

મારી પ્યારી દીની બહેનો ! યુવાની એ અલ્લાહની એક અણમોલ નેઅમત છે. એમાં તમારા દિલમાં અવનવા ઉમંગો જાગે એ સ્વભાવિક છે. પણ એ ઉમંગોના જોશમાં ખોટી દિશામાં ન દોરાય જશો, નહીં તો ઉલમાંથી ચુલમાં પડી જશો. તમો મુસલમાન છો તો ઈસ્લામી ઢબથી જીવો અને મોબાઈલ પર કે અન્ય રીતે કોઈ ગૈર મહરમ ભલે મુસ્લિમ હોય તેનાથી ખોટો સંપર્ક કે મિત્રતા ન રાખો, કેમ કે ઈસ્લામમાં એ હરામ છે. દીને ઈસ્લામને વાંચો સમજો અને નેક રાહે જીવો. મશહૂર ઉલમાએ એહલે સુન્નતની તથા મુબલ્લિગોની તક઼રીરો તથા નઅતોને સાંભળો એમાંથી પણ તમને જીવનની સીધી રાહની પ્રેરણા મળશે, અને ખુદા પર ભરોસો રાખો તો તમારું સારું જ થશે. હવે જ્યારે મુસલમાન ગૈર મેહરમ સાથે દોસ્તી જાઈઝ નથી તો ગૈર ધર્મવાળાઓ કે જેઓ કુફ્ર શિર્કમાં જીવે છે તેમનાથી દોસ્તીનો વિચાર પણ કેવી રીતે આવે ?! માટે દીન ઈમાનની, ઈસ્લામની, મુસલમાનોની, તમારા ખાનદાનની ઈજ્જતને સલામત રાખવાનું શીખો અને કોઈ એવું ખોટુ ક઼દમ ન ભરશો. અને જેમણે માબાપને અવગણીને ગૈરો સાથે શાદી કરી તેમના બુરા અંજામ શું આવ્યા તે પણ જાણી લો. અનેક દુઃખી દીકરીઓ હવે પસ્તાય છે, તેમની જિંદગી ઝહેર બની ગઈ અને આખેરત પણ તબાહ થઈ ગઈ. અમુક દષ્ટાંતો હાજર છે :

- હાલમાં જ એક ખબર મળી કે એક નાદાન મુસ્લિમ છોકરી સાથે ગૈર મઝહબવાળાએ ફેસબુક પર દોસ્તી કરી અને તેને ફસાવી. પછી થોડા દિવસ વાતો થતી રહી છેવટે તેને પલાળી અને કહ્યું કે હું તને લેવા આવીશ પછી શાદી કરીશું. અને રાત્રે ચાર વાગ્યે જણાવ્યું કે હું તારા ઘર પાસે છું તું બહાર આવ. જેવી બહાર નીકળી તો ચાર પાંચ બદમાશો તેને ઉઠાવી ગયા અને તેણી સાથે ગેંગ રેપ કરીને પછી તેને મારી નાખી. ગુંડારાજ એટલુ આમ છે કે ક઼ાનૂન પણ તમારો સાથ નહીં આપે.
- લખનૌની રૂકૈયા નામની મુસ્લિમ છોકરી હિંદુ યશોર્ધન નામના છોકરા સાથે યુવાનીના આવેશમાં લવ કરીને ઘરેથી ભાગીને શાદી કરે છે અને હિંદુ પણ બને છે. પછી તેણીના એ હાલ થાય છે કે પતિ તેણીને ઘરે નથી લઈ જતો કેમ કે તેનાં ઘરવાળાં તેણીને મુસલમાન તથા અશુધ્ધ કહે છે અને છોકરીનાં માબાપ તેને હિંદુ કહે છે. અને હવે તે અનેક જાતના ત્રાસો વેઠી રહી છે. ક઼ાનૂન પણ તેનો સાથ આપવા, તેનું સાંભળવા તૈયાર નથી એ હાલત છે.

લેખની શરૂઆતમાં દર્શાવ્યું તેમ મુસ્લિમ છોકરીઓની જિંદગી બર્બાદ કરવાનું એક ષડયંત્ર પૂરા દેશમાં ચાલે છે અને ફ્રેન્ડશીપ, લવના નામે પતાવીને કે અપહરણ કરી જઈને બનાવટી શાદી કરી તેને ધર્મ તબદીલ કરાવી થોડો સમય રાખી રસકસ ચૂંસી લઈને પછી તેણીને રઝળતી કરી દેવી, એ કામો થઈ રહ્યાં છે. એવા અનેક દષ્ટાંતો મીડિયા, સોશિયલ મીડિયા પર જોવા મળે છે. જેથી બહેનો ! કોઈ લાગણીવેડામાં ન પડશો અને સાવધાન

Web.: www.barkatekhwaja.net

રહેશો અને માબાપો પણ છોકરીઓ પર નજર રાખે કે ક્યાં ક્યાં જાય છે ને શું કરે છે, મોબાઈલ પર ક્યાં વાતો કરે છે, ચેટિંગ કરે છે તેની પણ તપાસ રાખે અને અમુક સમય સિવાય મોબાઈલ તેણીઓને ન આપો.

અંતમાં વધુ એક તબાહીની દાસ્તાન રજૂ કરી દઉં જે મુસ્લિમ બહેનોએ ગંભીરતાથી લેવાની જરૂર છે.

## ★ દુબઈમાં ભારતીય મુસ્લિમ છોકરીઓની ભયાનક હાલત ★

અલ્લાહ બેહતર જાણનાર છે પણ સલાહુદ્દીન અન્સારી નામના એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર આ રિપોર્ટ ફરતો કર્યો છે જેને વાંચો અને બોધ ગ્રહણ કરો. લખે છે : મેં દુબઈના દૌરા દરમ્યાન હોટલો, રેસ્ટોરન્ટો, નાચઘરોમાં છોકરીઓને કામ કરતી જોઈ. તો મેં તેમનાથી વાત કરવાની કોશિશ કરી પણ તે ગભરાયેલી રહેતી અને વાત ન કરી શકતી. તેમની સાથે એક બે નિગ્રો રહેતા. છેવટે મેં એક પઠાણ ટેકસી ડ્રાઈવર થકી નિગ્રોને અમુક રકમ આપીને તે છોકરીઓ સાથે વાત કરવામાં સફળતા મેળવી. અને મારી મુલાકાત એક ભારતીય રેસ્ટોરન્ટ સાગર રત્નામાં તેણીઓ સાથે થઈ. સર્વ છોકરીઓ ભારતના અલગ અલગ ભાગોથી સારા મુસ્લિમ ઘરાનાની છે. અને અમુકે તો પોતાના પરિવાર સાથે વિદ્રોહ કરીને, પોતાના જ ઘરમાં ચોરી કરીને ઘરેણા તથા રોકડ લઈને હિંદુ પ્રેમી સાથે ભાગીને શાદી કરી હતી. અને કેટલાક મહિના પ્રેમી સાથે પસાર કરીને દુબઈ ફરવા આવી હતી અને હિંદુ છોકરાઓએ તેણી સાથે મોજ મજા કર્યા બાદ તેણીઓને વેચી દીધી હતી. અમુકે બતાવ્યું કે તેમનો હિંદુ પતિ દુબઈમાં જ જોબ કરે છે તેની સાથે રહેવા આવી હતી પણ અહીં તેણે એને વેચી દીધી. એવી ઘણી અમારા જેવી છોકરીઓ અહીં આ કામમાં સપડાયેલી છે. મેં તેણીઓને ભારત પોતાના ઘરે પરત આવવા કહ્યું તો સૌએ ના પાડી દીધી કે હવે અમે ન પરિવાર કે સમાજને મોં દેખાડવા લાયક રહી છીએ અને અમારી પાસે હવે રહેવા ખાવાનો ગુજારો કરવા કોઈ અન્ય સોર્સ પણ નથી. હવે ત્યાં એ છોકરીઓ હોટલમાં કામ કરવાના બહાને દેહ વ્યાપારમાં પડી ચૂકી છે. આ તે જ છોકરીઓ છે જેમણે અભ્યાસ દરમ્યાન ગૈર મઝહબના છોકરાઓ સાથે ફ્રેન્ડશીપ કરી, પ્યાર કર્યો અને પછી શાદી કરી હિંદુ પણ બની છતાં તેમની આ દશા થઈ છે. આ બધુ ઉપર દર્શાવ્યું તે પ્રમાણે કટ્ટરવાદી હિંદુ સંગઠનોના ષડયંત્રના ભાગરૂપ જણાય છે. જેથી મુસ્લિમ બહેનો દીકરીઓ આ બધાથી ચેતી જાય અને પોતે ઈમાની તથા ઈસ્લામી જિંદગી જીવે તેમાં જ બંને જહાનનું સુખ તથા ભલાઈ છે.

અંતમાં દીની બહેનોને વિનંતિ કે તમારાં મા બાપની તમો ખૂબ જ વહાલી દીકરીઓ છો, જેથી તેમની નારાઝગી થાય તેવું કોઈ પગલુ ન ભરો. તેમના કહ્યા પ્રમાણે જીવન જીવો અને પોતાને બુદ્ધિશાળી હોવાના વહેમ રાખી જાતે જીવન સાથીનું સિલેક્શન કરવાને બદલે મા બાપની, ભાઈઓની મદદ લો અને સર્વ રાજી રહે ત્યાં શાદી કરો. અને એથી વિશેષ આખરી સંદેશ એ છે કે આપણો ખાલિક઼ માલિક રબ આપણને ૭૦ માઓ કરતાં અધિક ચાહે છે તો એના જે આદેશો છે તે આપણી ભલાઈ માટેના જ છે, જેથી તેના પર ચાલવા તૈયાર થઈ જાવ અને રસૂલુલ્લાહ ﷺના આદેશોને અપનાવો, કે ઉમ્મતીના પગમાં કાંટો ચુભે તેનાથી પણ તેમને તકલીફ થાય છે, તો સૌ માનવો કરતાં આપણુ ભલુ ચાહનાર કોઈ હોય તો તે આપણા નબી પાક ﷺ છે, તેમના ફર્માનોનો અભ્યાસ કરો તેમજ ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا તથા અન્ય ઈસ્લામી નેક ખાતૂનોના જીવનોનો અભ્યાસ કરો અને તેના વડે જીવનને શણગારો તો સુખ શાંતિ તમારા કદમોમાં હશે. ઈન્શા અલ્લાહ !



સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા (માસિક) દયાદરાના ગ્રાહક બનો.
બેંકની વિગત
બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
IFSC Code : BARB0DAYADR
Razvi Kitab Ghar
PhonePe Paytm/GPay 9427464411
વાર્ષિક લવાજમ Rs. 230/- Mob. 9427464411
સરનામુ : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત-ઈન્ડિયા

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ رَفَعْنَا فَوْقَهُمُ الطُّوْرَ بِمِیْثَاقِهِمْ وَ قُلْنَا لَهُمُ ادْخُلُوا
الْبَابَ سُجَّدًا وَّ قُلْنَا لَهُمْ لَا تَعْدُوْا فِی السَّبْتِ وَ اَخَذْنَا
مِنْهُمْ مِّیْثَاقًا غَلِیْظًا (۱۵۴) فَبِمَا نَقْضِهِمْ مِّیْثَاقَهُمْ وَ
كُفْرِهِمْ بِاٰیٰتِ اللّٰهِ وَ قَتْلِهِمُ الْاَنْۢبِیَآءَ بِغَیْرِ حَقٍّ وَّ
قَوْلِهِمْ قُلُوْبُنَا غُلْفٌ ؕ بَلْ طَبَعَ اللّٰهُ عَلَیْهَا بِكُفْرِهِمْ فَلَا
یُؤْمِنُوْنَ اِلَّا قَلِیْلًا (۱۵۵) وَّ بِكُفْرِهِمْ وَ قَوْلِهِمْ عَلٰى مَرْیَمَ
بُهْتَانًا عَظِیْمًا (۱۵۶) وَّ قَوْلِهِمْ اِنَّا قَتَلْنَا الْمَسِیْحَ عِیْسَى
ابْنَ مَرْیَمَ رَسُوْلَ اللّٰهِ ۚ وَ مَا قَتَلُوْهُ وَ مَا صَلَبُوْهُ وَ لٰكِنْ
شُبِّهَ لَهُمْ ؕ وَ اِنَّ الَّذِیْنَ اخْتَلَفُوْا فِیْهِ لَفِیْ شَكٍّ مِّنْهُ ؕ مَا
لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ ۚ وَ مَا قَتَلُوْهُ یَقِیْنًۢا (۱۵۷)
بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَیْهِ ؕ وَ كَانَ اللّٰهُ عَزِیْزًا حَكِیْمًا (۱۵۸) وَ اِنْ
مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَیُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ ۚ وَ یَوْمَ
الْقِیٰمَةِ یَكُوْنُ عَلَیْهِمْ شَهِیْدًا (۱۵۹) فَبِظُلْمٍ مِّنَ الَّذِیْنَ
هَادُوْا حَرَّمْنَا عَلَیْهِمْ طَیِّبٰتٍ اُحِلَّتْ لَهُمْ وَ بِصَدِّهِمْ
عَنْ سَبِیْلِ اللّٰهِ كَثِیْرًا (۱۶۰) وَّ اَخْذِهِمُ الرِّبٰوا وَ قَدْ نُهُوْا
عَنْهُ وَ اَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ ؕ وَ اَعْتَدْنَا
لِلْكٰفِرِیْنَ مِنْهُمْ عَذَابًا اَلِیْمًا (۱۶۱) لٰكِنِ الرّٰسِخُوْنَ فِی
الْعِلْمِ مِنْهُمْ وَ الْمُؤْمِنُوْنَ یُؤْمِنُوْنَ بِمَاۤ اُنْزِلَ اِلَیْكَ وَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

પછી અમે તેમના પર તૂર (પહાડ) ને અદ્ધર કર્યો, તેમની પાસે વાયદો લેવા, અને તેમને કહ્યું કે દરવાજામાં સિજદો કરતાં કરતાં પ્રવેશો. અને તેમને કહ્યું કે, શનિવાર (ની બાબત)માં હદથી ન વધો[૧૬] અને અમે તેમનાથી પાકું વચન લીધું. (૧૫૪)[૧૭] તો તેમના કેવા (કેવા) વચનભંગના કારણે અમે તેમના પર લઅનત કરી, અને એ કારણે કે તેઓ અલ્લાહની આયતોના ઈન્કારી બન્યા.[૧૮] અને નબીઓને નાહક શહીદ કરતા[૧૯] અને તેમના એ કહેવાથી કે, અમારા હૃદયો પર કવચ છે[૨૦] બલ્કે અલ્લાહે તેમના કુફ્રના કારણે તેમના દિલો પર મહોર મારી દીધી છે તો ઈમાન લાવતા નથી પણ થોડા (૧૫૫) અને એટલા માટે કે તેમણ કુફ્ર કર્યું[૨૧] અને મરયમ પર મહા આક્ષેપ મૂક્યો (૧૫૬) અને તેમના એ કહેવાથી કે અમે અલ્લાહના રસૂલ ઈસા મરયમના પુત્રને શહીદ કર્યા[૨૨] અને (પરિસ્થિતિ)એ છે કે, તેમણે તેમને ન શહીદ કર્યા, કે ન તેમને સૂળીએ ચઢાવ્યા, પણ તેમના માટે તેમની આકૃતિનો એક બનાવી દેવાયો[23] અને તે જેઓ તેમના વિશે મતભેદ કરી રહ્યા છે, (તેઓ) ચોક્કસ તેમના તરફથી શંકામાં પડેલા

છે[૨૪] તેઓને એની કશી જ ખબર નથી[૨૫] પણ એ જ ગુમાનનું અનુસરણ[૨૬] અને બેશક ! તેમણે તેમને કૃત્લ નથી કર્યા[૨૭] (૧૫૭) પણ અલ્લાહે તેમને પોતાની તરફ ઊંચકી લીધા[૨૮] અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૧૫૮) કોઈ (આકાશી) કિતાબવાળો એવો નથી જે તેમના (હઝરત ઈસાના) મૃત્યુ પહેલાં તેમના પર ઈમાન ન લાવે[૨૯] અને કૃયામતના દિવસે તે (હઝરત ઈસા) તેમના પર ગવાહ હશે[30] (૧૫૯) તો યહૂદીઓના મહાપાપોના કારણે અમે અમુક તે સ્વચ્છ વસ્તુઓ જે તેમના માટે હલાલ હતી[૩૧] તે તેમના પર હરામ ફર્માવી દીધી. અને એટલા માટે કે તેમણે ઘણાઓને અલ્લાહના માર્ગથી રોક્યા (૧૬૦) અને એટલા માટે કે તેઓ વ્યાજ લેતા હતા, જો કે તેઓ એનાથી મના કરાયા હતા. અને લોકોનો માલ નાહક ખાઈ જતા.[૩૨] એમનામાં જે કાફિર થયા, અમે તેમના માટે દુ:ખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૧૬૧) હા ! જે એમનામાં જ્ઞાનમાં પાકા[33] અને ઈમાનવાળા છે, તેઓ હે મહબૂબ ! જે તમારા પર ઉતર્યું અને જે તમારાથી પહેલાં ઉતર્યુ[૩૪] તેના પર ઈમાન લાવે છે. અને નમાઝ કૃાયમ રાખનાર અને ઝકાત દેનાર, અને અલ્લાહ તેમજ કૃયામત પર ઈમાન લાવનાર, એવાઓને અમે નજીકમાં જ મહા સવાબ આપીશું (૧૬૨)

## :: સમજૂતી ::

**૧૬** : અર્થાત માછલીનો શિકાર વગેરે જે કાર્યો એ દિવસે તમારા માટે હલાલ નથી તે ન કરો. સૂરએ બકરહમાં એ તમામ હુકમોની વિગત વર્ણવાઈ ગઈ છે.

**૧૭** : કે જે હુકમો તેમને કરવામાં આવ્યા છે તે

مَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَ الْمُقِيْمِيْنَ الصَّلٰوةَ وَ الْمُؤْتُوْنَ الزَّكٰوةَ وَ الْمُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ ؕ اُولٰٓىِٕكَ سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ﴿۱۶۲﴾

કરે, અને જેની મનાઈ ફર્માવવામાં આવી છે. તેનાથી દૂર રહે, પછી તેમણે એ વચન તોડી નાખ્યું.

**૧૮** : જે નબીઓની સત્યતા પુરવાર કરતી હતી, જેમ કે હઝરત મૂસા علیہ السلام ના મુઅજિઝા.

**૧૯** : નબીઓને શહીદ કરવાનું તો નાહક છે જ, કોઈ રીતે વ્યાજબી ઠરી શકતું જ નથી. પરંતુ અહીં મતલબ એ છે કે તેમના ખ્યાલમાં પણ તેમને એનો કોઈ હક પહોંચતો ન હતો.

**૨૦** : માટે કોઈ નસીહત કે ઉપદેશ યથાસ્થાને લાગી શકતો નથી.

**૨૧** : હઝરત ઈસા علیہ السلام સાથે પણ.

**૨૨** : યહૂદીઓએ બણગું માર્યું હતું કે તેમણે હઝરત ઈસા علیہ السلام ને શહીદ કરી દીધા છે, અને નસરાનીઓએ એ વાતને સાચી કહી હતી. અલ્લાહ તઆલાએ એ બન્નેનું જૂઠ જાહેર કર્યું.

**૨૩** : જેને તેમણે મારી નાખ્યો. અને સમજતા રહ્યા કે એ હઝરત ઈસા છે જો કે તેમની એ સમજ ખોટી હતી.

**૨૪** : અને શ્રદ્ધાપૂર્વક કહી શકતા નથી કે જે મરાયો તે કોણ છે. અમુક કહે છે, કે એ હઝરત ઈસા હતા, અને અમુક કહે છે કે તે મુખાકૃતિ તો હઝરત ઈસાની હતી, પણ શરીર તેમનું ન હતું, માટે તે એ નથી એવી જ આશંકામાં છે.

**૨૫** : અને અનુમાન કર્યું.

**૨૬** : તેમનો કૃત્લ કરી નાખવાનો દાવો જૂઠો છે.

**૨૭** : સહી સલામત, આકાશ તરફ, એની

barkatekhwaja.net

વિગતો હદીષોમાં વર્ણવાઈ છે. અને સૂરહ આલે ઈમરાનમાં એ બનાવનું વર્ણન થઈ ચૂક્યું છે.

**૨૮** : આ આયતની તફસીરમાં અનેક મંતવ્યો છે. એક કથન એવું છે કે યહૂદીઓ અને નસરાનીઓને પોતાના મૃત્યુ ટાણે જ્યારે અઝાબના ફરિશ્તા દેખાય છે, ત્યારે તેઓ હઝરત ઈસા પર ઈમાન લઈ આવે છે. જેમની સાથે તેમણે કુફ્ર કર્યું હતું પણ તે વખતનું ઈમાન માન્ય નથી વિશ્વસનીય નથી.

બીજુ કથન એ છે કે કયામતની નજીકના સમયે જ્યારે હઝરત ઈસા આકાશમાંથી ઉતરશે, ત્યારે તે સમયના બધા જ કિતાબીઓ તેમના પર ઈમાન લઈ આવશે. ત્યારે હઝરત ઈસા عليه السلام મુહમ્મદી શરીઅત અનુસાર આદેશો આપશે. અને એ જ ધર્મના ઈમામોમાં એક ઈમામ તરીકે હશે. અને નસરાનીઓએ એમના વિશે જે આશંકાઓ બાંધી રાખી છે તેનું ખંડન કરશે. દીને મુહમ્મદીનો પ્રચાર કરશે. ત્યારે યહૂદીઓ અને નસરાનીઓને ક્યાં તો ઈસ્લામ સ્વીકારવો પડશે, અથવા મારી નાખવામાં આવશે. જિઝયો સ્વીકારવાનો હુકમ હઝરત ઈસાના ઉતરાણ સુધી જ છે.

ત્રીજુ કથન એ છે કે દરેક કિતાબી પોતાના મૃત્યુ પહેલાં સૈયદે આલમ ﷺ પર ઈમાન લઈ આવશે.

ચોથુ કથન એ છે કે અલ્લાહ તઆલા પર ઈમાન લઈ આવશે, પણ મૃત્યુ સમયનુ ઈસ્લામ સ્વીકાર્ય નથી. ફાયદાકારક નહીં બને.

**૨૯** : અર્થાત હઝરત ઈસા عليه السلام યહૂદીઓ પર તો એવી ગવાહી આપશે કે તેમણે એમને જૂઠલાવ્યા, અને એમના વિશે અજુગતી ભાષા વાપરી. અને નસરાનીઓ પર એવી (ગવાહી આપશે) કે તેમણે એમને અલ્લાહ ઠરાવ્યા, અને અલ્લાહના ભાગીદાર બનાવ્યા. અને કિતાબવાળાઓમાંથી જે ઈમાન લઈ આવ્યા હશે, તેમના ઈમાનની પણ ગવાહી આપશે.

**૩૦** : વચનભંગ વગેરે, જેનું વર્ણન ઉપરની આયતોમાં થઈ ગયું.

**૩૧** : જેનું વર્ણન સૂરએ અન્આમની وَعَلَى الَّذِينَ هَادُوا حَرَّمْنَا (અને યહૂદીઓ પર અમે હરામ કર્યું દરેક નખોવાળુ જાનવર. –*સૂરએ અન્આમ, ૬/૧૪૬*) વાળી આયતમાં છે.

**૩૨** : લાંચ વગેરે હરામ તરીકાઓથી.

**૩૩** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ અને તેમના સાથીદારો જેવા. જેઓ પાકુ જ્ઞાન અને શુદ્ધ બુદ્ધિ તેમજ સંપૂર્ણ સમજદારી ધરાવતા હતા. તેમણે પોતાના જ્ઞાન દ્વારા ઈસ્લામ ધર્મની વાસ્તવિકતાને જાણી લીધી અને સૈયદે આલમ ﷺ પર ઈમાન લઈ આવ્યા.

**૩૪** : આગલા નબીઓ પર. *(ક્રમશઃ)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web.: www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

### બાબુસ્સુતરહ[૧] (સુતરા વિશે બયાન)

**(વિભાગ : ૧)** **૧.** સુતરો સતરથી બન્યો છે, ઢાંકવાના અર્થમાં. સુતરાનો શાબ્દિક અર્થ "છુપાવનારી ચીજ" એટલે આડ થાય છે. શરીઅતમાં સુતરો એ ચીજ છે જેને નમાઝી પોતાની સામે રાખે જેથી કરીને એ સુતરા પાછળથી લોકો પસાર થઈ શકે. તેની **લંબાઈ કમસે કમ એક હાથ** અને **જાડાઈ એક આંગળી** હોવી જોઈએ. સુતરા વિના નમાઝી આગળથી **પસાર થવું હરામ** છે પણ **હરમ શરીફની મસ્જિદમાં જાઈઝ છે.** મિર્કાતે ફર્માવ્યું કે **જો પ્રથમ સફમાં લોકોએ ખાલી જગા છોડી હોય તો બાદમાં આવનારો સફોની સામેથી પસાર થતો ત્યાં પહોંચે અને જગા પૂરી કરે કેમ કે એમાં કુસૂર જમાઅતવાળાઓનો છે, ન કે તેનો.**

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ સવારના સમયે ઈદગાહ તશરીફ લઈ જતા[૧]. આપની સમક્ષ ભાલો લઈ જવામાં આવતો અને આપની આગળ ઈદગાહમાં ખોસી દેવામાં આવતો. હુઝૂર ﷺ એની તરફ નમાઝ પઢતા[૨]." (બુખારી)*

**૧.** ઈદની નમાઝો માટે. ઈદુલ અદ્હાના માટે ખૂબ જ જલ્દી જેથી બાદમાં કુર્બાનીઓ કરવામાં આવી શકે. અને ઈદુલ ફિત્રમાં થોડા મોડેથી જેથી કરીને મુસલમાન કાંઈક ખાયને અને ફિત્રો અદા કરીને આસાનીથી પહોંચી શકે. આ પરથી માલૂમ પડયું કે ઈદની નમાઝ જંગલમાં પઢવી સુન્નત છે, જો કે શહેરમાં પણ જાઈઝ છે.

**૨.** જેથી કરીને પસાર થનારાઓને સામેથી પસાર થવામાં રુકાવટ ન થાય. એ જમાનામાં ઈદગાહની ઈમારત ન હતી, મેદાનમાં નમાઝ પઢવામાં આવતી હતી.

### ★ હુઝૂર ﷺના વુઝૂનુ ધોવણ અને સહાબા ★

*"ઈબ્ને અબી જુહૈફાથી રિવાયત છે[૧]. ફર્માવે છે કે મેં નબી ﷺને મક્કાના અબતહ સ્થળે ચામડાના લાલ તંબૂમાં જોયા. અને હઝરત બિલાલને જોયા કે તેમણે હુઝૂરના વુઝૂનું પાણી લીધું[૩] અન્ય લોકોને જોયા કે એ પાણીની તરફ દોડી રહ્યા છે[૪] જેણે એમાંથી કાંઈક મેળવી લીધું તો એને ચોપડી લીધું અને જેને ન મળ્યું તો તેણે પોતાના સાથીના હાથેથી તરી[૫] લઈ લીધી. પછી મેં હઝરત બિલાલને જોયા, તેમણે એક ભાલો લીધો અને એને ખોસી દીધો. અને નબી ﷺ લાલ જોડા (કપડાં)માં દામન સમેટીને તશરીફ[૬] લાવ્યા. ભાલા તરફ ઉભા રહીને લોકોને બે રકાતો પઢાવી[૭] અને મેં લોકો તથા જાનવરોને ભાલા આગળથી પસાર થતાં જોયા[૮]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આપનું નામ વહબ ઈબ્ને અબ્દુલ્લાહ આમિરી છે. આપ ખૂબ જ ઓછી ઉમરના સહાબી છે. હુઝૂર ﷺની વફાતના સમયે આપ નાબાલિગ હતા. હિ.સ. ૭૪માં કૂફામાં વિસાલ થયો.

Web.:www.barkatekhwaja.net

**૨.** આ જગા જન્નતે મુઅલ્લાથી થોડાક આગળ મિના તરફ છે જેને વાદીએ મુહસબ અને બત્હા પણ કહેવામાં આવે છે. એની નિસ્બતથી હુઝૂર ﷺને અબત્હીના લકબથી પણ યાદ કરવામાં આવે છે. અબત્હનો અર્થ છે, બજરીવાળુ મેદાન જેમાં વરસાદમાં પુર આવી જાય છે.

**૩.** એટલે કે હુઝૂર ﷺએ તંબૂમાં વુઝૂ કર્યું. ધોવાણનું પાણી એક ટબમાં પડયું. **હઝરત બિલાલ رضی اللہ عنہ એ પાણીનું ટબ બહાર સહાબીઓ પાસે લાવ્યા જેથી સહાબીઓ તેનાથી બરકત હાંસલ કરી લે.** સહાબાએ કિરામ એ ધોવણ શરીફ પર તૂટી પડયા.

**૪.** એને હાંસલ કરવા તથા બરકત લેવાના માટે, કેમ કે એ પાણી હુઝૂર પાક ﷺના અંગોથી સ્પર્શીને નૂરાની પણ બની ગયું અને નૂરગર પણ. ફૂલથી લાગેલી હવા દિમાગ મહેકાવી દે છે, હુઝૂર પાક ﷺના શરીર પાકથી લાગેલુ પાણી રૂહ તથા ઈમાન મહેકાવી આપશે.

**૫.** અને તેને પોતાનાં માથા તથા મોં પર ચોપડી લીધું. મિર્કાતમાં એ જ જગાએ છે કે હઝરત અબૂ તયબહએ હુઝૂરે પાક ﷺની રગથી લોહી કાઢયું અને લોહી ફેંકવાના બદલે પી લીધુ. **યાદ રાખશો કે આપણુ વુઝૂનું ધોવાણ પીવાને પાત્ર નથી કે તે આપણા ગુનાહ લઈને નીકળેલ છે. હુઝૂર પાક ﷺનું ધોવાણ બરકતવંત છે, કેમ કે તે નૂર લઈને નીકળેલ છે.** અમુક મુરીદ પોતાના મશાઈખનું એવુ પાણી તા'ઝીમ સાથે વાપરે છે, તેમની દલીલ આ હદીષ છે.

**૬.** લાલ જોડાથી મુરાદ **તદ્દન લાલ રંગમાં રંગાયેલુ** કપડુ નથી, કેમ કે એ તો **પુરૂષ માટે મના** છે બલ્કે લાલ રેખાઓ દોરાયેલ કપડુ અથવા લાલ સુતરથી બનેલ કપડુ મુરાદ છે. જેથી આ હદીષ મનાવાળી હદીષની વિરુદ્ધ નથી.

**૭.** ક્યાં તો ફજરની અથવા ઝોહરની, કેમ કે આપ મુસાફિર હતા. લગભગ આ બનાવ હજ્જતુલ વિદાઅ અથવા ઉમરતુલ કઝાનો છે.

**૮.** કેમ કે ઈમામનો સુતરો પૂરી જમાઅતનો સુતરો હોય છે, એની આગળ થઈને પસાર થવું જાઈઝ છે.

*"રિવાયત છે હઝરત નાફેઅથી, તે હઝરત ઈબ્ને ઉમરથી રાવી કે નબી ﷺ પોતાની સવારીને સામે કરી લેતા પછી એની તરફ નમાઝ પઢી લેતા[1]. (મુસ્લિમ, બુખારી) બુખારીએ આટલુ પણ વધાર્યું, મેં કહ્યું, બતાવો તો જો સવારી ચાલી દેત ? ફર્માવ્યું, કાઠલાને ઠીક કરી લેતા હતા પછી તેની (પુશ્ત) પીઠવાળી બાજુ નમાઝ પઢતા[2]."*

**૧.** એ રીતે કે બેઠેલા ઊંટની સામે નમાઝ પઢતા જેથી લોકો એ તરફથી પસાર થઈ શકે. જાણવા મળ્યું કે **સુતરો કેવળ લાકડી વગેરેનો જ નથી થતો બલ્કે જાનવર તથા માણસનો પણ થઈ જાય છે.**

**૨.** એટલે કે નાફેએ હઝરત ઈબ્ને ઉમરને પૂછયું કે નમાઝની આ સ્થિતિ ખતરનાક છે, જો નમાઝ દરમ્યાન ઊંટ ઉઠીને ચાલવા માંડે તો નમાઝી શું કરે ? તો ફર્માવ્યું, સરકાર પહેલેથી એની વ્યવસ્થા કરી લેતા હતા જેનાથી ઊંટ ન જઈ શકે. આખરે અને છેલ્લી કાઠલાની તે પાછલી લાકડી છે જેનાથી સવાર પીઠ ટેકવી લે છે, એ એક હાથ એટલે દોઢ ફૂટ હોય છે તેને આપણા ઉર્ફમાં ઊંટવાળા પુશ્તી કહે છે.


**અણમોલ કિતાબ મંગાવો !**

**ઈસાલે સવાબ અને તેના પ્રકારો** (પેજીસ : ૨૦૦)

લેખક : ખલીફએ આ'લા હઝરત, **મલિકુલ ઉલમા મુફ્તી ઝફરૂદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : આલિમા અનીસા આપા (હલદરવા)**

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

તા.જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૭૪૨૭૪૬૪૪૧૧

**નોંધ : ઈસાલે સવાબના ૨૫ પ્રકારો કુર્આન હદીષની સાબિતી સાથેની અજોડ કિતાબ આજે જ મંગાવો.**

**હદિયો : ૧૫૦** (ટપાલ ખર્ચ સાથે)

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**રૂમી ગુલામ દિન, હબ્શી બાંદિયાં શબેં**
**ગિનતી કનીઝ ઝાદોં મેં શામ વ સહર કી હૈ**

*(રૂમી = સફેદ રંગનો. હબ્શી = કાળા રંગનો. બાંદિયાં = લોંડીઓ, નોકરાણીઓ. શબેં = રાતો. કનીઝ ઝાદે =લોંડીઓના પુત્રો. કનીઝ = નોકરાણી. = લોંડી શામો સહર = રાત દિવસ)*

**અર્થાત :** દિવસ તથા રાતની વાત પણ સાંભળી લો ! દરેક દિવસ હુઝૂર ﷺની બારગાહનો રૂમી ગુલામ (ગોરો ગુલામ) છે અને દરેક રાત મારા આક઼ા ﷺની કાળા રંગની લોંડી (હબ્શી બાંદી) છે. તો આ રીતે દિવસ રાતની ગણના તો હુઝૂર ﷺના ગુલામ ઈબ્ને ગુલામ ઈબ્ને ગુલામમાં થાય છે, જેથી સમયના ચક્રનો ડર રાખવાની જરૂરત નથી, કેમ કે જમાનાની લગામો આપના જ હાથમાં છે, એટલા માટે તો કદી રાતના ચાંદ તોડી રહ્યા છે તો કદી દિવસનો સૂરજ પલ્ટાવી રહ્યા છે.

**ઈતના અજબ બુલંદી જન્નતપે કિસ લિએ**
**દેખા નહીં કે ભીક યહ કિસ ઊંચે ઘરકી હૈ**

**અર્થાત :** હાશિયા હદાઈકે બખ્શિશમાં આ શેઅરનો ખુલાસો આ પ્રમાણે છે : "જન્નત સાતમા આસ્માનથી ઉપર છે જેની છત અર્શે મુઅલ્લા છે. અમુક બારગાહના ગદા (ભીખારીઓ) જો આશ્ચર્ય કરે કે આપણા જેવા નીચ તથા કોડીના માણસ અને આટલી મહાન અતા ?! તો જવાબ બતાવ્યો છે કે આ તમારી લાયકાત તથા કાબેલિયતના કારણે નથી ! બલ્કે આપનારની રહમત તથા અતા છે. જોતા નથી કે ભીખ કેવા ઊંચા ઘરની છે ! તો પછી એની આટલી બુલંદીમાં આશ્ચર્યની શું વાત છે ?!

**અર્શે બરીં પર ક્યૂં ન હો ફિરદૌસકા દિમાગ**
**ઉતરી હૂઈ શબીહ તેરે બામો દરકી હૈ**

*(ફિરદૌસ = સૌથી ઉચ્ચ જન્નત. શબીહ = છબી. બામો દર = છત તથા દરવાજા)*

**અર્થાત :** અર્શે મુઅલ્લાનું દિમાગ જન્નતુલ ફિરદૌસ પર કેમ ગર્વ ન કરે કે એને પણ આપણા આક઼ા સામે એક પ્રકારની નિસ્બતે એટલુ ઊંચુ દિમાગ અર્પણ કરી આપ્યું છે, અને તે એ કે (એક તો મેઅરાજની રાતે તેણે હુઝૂર ﷺના ક઼દમોના બોસા લીધા છે અને બીજુ એ કે આપણા આક઼ા ﷺના આસ્તાના આલિયાની છત અને દરવાજાની તસ્વીર ઉતારીને એણે પોતાની પાસે રાખેલી હશે. અને જેમણે ગુંબદે ખદ઼રાનો નઝારો કરી લીધો છે

Web : www.barkatekhwaja.net

તેઓ કહેતા ફરે છે :–

*સમાએ કૈસે મેરે દિલમેં અર્શ કી રિફઅત–જમાલે ગુંબદે ખદ્દરા નઝરમેં રહતા હૈ*
*ગમે ફિરાકે દયારે હબીબકે બાઈષ–હુજૂમે અશ્કે રવાં ચશ્મે તરમેં રહતા હૈ*

**વો ખુલ્દ જિસમેં ઉતરેગી અબરારકી બરાત**
**અદના નિછાવર ઉસ મેરે દુલ્હા કે સરકી હૈ**

*(ખુલ્દ = જન્નત. અબરાર = નેક લોકો. નિછાવર = ઉતારો, સદકો)*

**અર્થાત :** તે જન્નત કે જેમાં અલ્લાહના નેક બંદાઓની બારાત કયામતના દિવસે રવાના થશે અને તેઓ એમાં રહેશે. કાંઈ જાણો પણ છો કે એ જન્નત શું છે ? એ જન્નત સામાન્ય સરખો સદકો તથા ઉતારો છે શબે અસરાના દુલ્હા (આપણા આકા ﷺ)ના માથાનો ! હદાઈકે બખ્શિશના હાશિયામાં એનો ભાવાર્થ આ પ્રમાણે છે :

અબરારનો મર્તબો મુકર્રિબીનથી ઘણો જ ઓછો છે, ત્યાં સુધી કે حَسَنَاتُ الْاَبْرَارِ سَیِّاٰتُ الْمُقَرَّبِیْنَ વળી મુકર્રિબીનમાં પણ અગણિત દરજાઓ છે અને તેમને પણ આ'લા, અને આ'લાથી આ'લા જે દરજાઓ મળશે તે પણ સર્વ હુઝૂરનો સદકો છે. એટલા માટે એને અદના નિછાવર કહ્યું, નહીં તો જન્નતમાં અદના કાંઈ જ નથી.

**અંબર ઝમીન ઉબૈર હુવા મુશ્ક તર ગુબાર**
**અદના સી યહ શનાખ્ત તેરી રાહગુઝર કી હૈ**

*(અંબર = સંદલ તથા મુશ્ક ગુલાબ મિલાવીને એક ખાસ ખુશ્બુ તૈયાર કરવામાં આવે છે. મુશ્કતર = કસ્તૂરીથી પણ ઉપર અથવા તાજી કસ્તૂરી. શનાખ્ત = ઓળખ. રાહગુઝર = માર્ગ)*

**અર્થાત :** મદીના મુનવ્વરાની પાકીઝા અને ખુશ્બોદાર જમીનની મામૂલી સરખી નિશાની એ છે કે જમીન અંબર જેવી છે, હવા મુશ્કે ગુલાબ અને સંદલના મિશ્રિત ખુશ્બુની જેમ છે. અને આપના ગલી કૂચાઓની ધૂળ તથા માટી કસ્તૂરીથી વધીને ખુશ્બોદાર છે. આ મારા આકા ﷺના રસ્તાઓની મામૂલી સરખી ઓળખ તથા પહેચાન છે.

હાશિયા હદાઈકે બખ્શિશમાં છે : એટલે કે જે રસ્તે થઈને હુઝૂર ﷺ પસાર થાય ત્યાંની જમીન અંબર બની જાય છે, હવા અંબરી બની જાય છે, ધૂળ મુશ્કમય બની જાય છે.

જ્યારે કેવળ પસાર થવાથી આ હાલ થઈ જાય છે તો જે ગુંબદે ખદ્દરામાં હુઝૂર ﷺ સદીઓથી આરામ ફર્માવી રહ્યા છે તેનો મર્તબો કેમ ન અર્શથી વધી જાય ?!

*દિલકી આંખોંસે મુહમ્મદ ﷺ કા મદીના દેખો–ઘૂમ કે ચારોં તરફ આપકા જલ્વા દેખો*
*હજ કિયા હૈ તો મદીનેકી ઝિયારત ભી કરો–હાજીઓ ! આઓ ! ઝરા ગુંબદે ખદ્દરા દેખો*

**સરકાર હમ ગંવારોંમેં તર્ઝે અદબ કહાં**
**હમકો તો બસ તમીઝ યહી ભીક ભરકી હૈ**

**અર્થાત :** હે અમારા પ્યારા નબી ! ﷺ ક્યાં આપની બારગાહનો અદબ તથા એહતેરામ (જે અલ્લાહ શીખવે છે) અને ક્યાં અમો ગામડાવાસી, ગમાર, અદબ તથા આદાબથી નાવાકેફ ! અમને તો કોઈએ બતાવ્યું છે કે આપના દરબારથી સૌને સર્વ કાંઈ મળે છે, જેથી અમો ભીખારી બનીને આપની બારગાહમાં હાજર થઈ ગયા.

Web.:www.barkatekhwaja.net

જો કે ભીખ માગનારાઓને આદાબ પણ આવડવા જોઈએ, પણ અમે તો એવા ભીખારી છીએ કે આદાબથી પણ અજાણ છીએ, આપ અમારી બેઅદબીઓને માફ કરો અને અમારા હાલના પ્રમાણે નહીં, બલ્કે તમારી શાનના પ્રમાણે ખૈરાત અતા ફર્માવો. *નઝર ઝુકાકે ચલ અય ઝાઈરે દયારે મદીના–યહાં ફરિશ્તા સદ એહતેરામ કરતા હય*

**માંગેંગે માંગે જાએંગે મુંહ માંગી પાએંગે**
**સરકારમેં ન લા હૈ ન હાજત અગર કી હૈ**

**અર્થાત** : હે અતાએ મુસ્તફાના મુન્કિરો ! ધ્યાનપૂર્વક સાંભળી લો ! અમે આમારા કરીમ આકા ﷺથી માગી રહ્યા છીએ, માગતા રહીશું અને સરકાર ﷺ અલ્લાહની અતાથી અમને મોં માગ્યી મુરાદ અતા કરતા રહેશે. કેમ કે (એની દલીલ એ છે કે) સરકાર ﷺએ કદી "લા" (માગવાવાળાને) એટલે "ના" ફર્માવ્યું જ નથી કે મારી પાસે નથી અથવા નથી આપી શકતો. અને ન કદી અગર મગરની શર્ત રાખી છે, કે જો હશે તો આપી દઈશ. જાહેરી રીતે હાથ ખાલી હોય તો પણ : *દો જહાં કી નેઅમતેં હૈ ઉન્કે ખાલી હાથમેં*

માગનારાને ન મળવાની બે જ સ્થિતિઓ હોય શકે છે : એક એ કે જેની પાસે માગ્યું તે ધડમૂળથી ના પાડી દે એ "લા" થયું એટલે "ના" અને બીજુ એ કે શર્ત પર મૌકૂફ કરે કે જો અમારી પાસે હશે તો આપીશું અથવા જો તેં ફલાણુ કામ કર્યું તો આપીશ. આપ ﷺની સરકારમાં આ બંનેવ વાતો નથી. જેથી જરૂર અમને ઉમ્મીદ છે કે જે આપણે માગીશું તે મળી જશે.

મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*જાને ગુલઝારે મુસ્તફાઈ તુમ હો–માલિકે ખુદાઈ તુમ હો*
*જલ્વેસે તુમ્હારે હૈં અયાં–શાને મુસ્તફા આઈનએ ઝાતે કિબ્રિયા તુમ હો*

**ઉફ ! બેહયાઈયાં કે યહ મુંહ ઔર તેરે હુઝૂર !**
**હાં ! તૂ કરીમ હૈ તેરી ખૂ દર ગુઝરકી હૈ**

**અર્થાત** : હે મારા આકા ! ﷺ અમને અમારા કરતૂતો પર ઘણો જ અફસોસ છે. અમે જાણીએ છીએ કે આટલી બેહયાઈઓ તથા બદકારીઓ કર્યા બાદ આપની બારગાહમાં હાજર થવું બેઅદબી છે, પરંતું એ વિચારીને આવી ગયા છીએ કે આપ તો કરીમ છો અને કરીમ પણ એવા છો કે માફ કરવું આપની આદત છે. અમારું કામ જુર્મ કરવું છે અને આપનુ કામ કરમ કરવાનું છે. અમારું કામ ખતા કરવું છે, આપનુ કામ અતા કરવાનું છે. અમારું કામ ગુનાહ કરવાનું છે તો આપનુ કામ દુઆ કરવાનું છે.

*ગાલિયાં દેતા હૈ કોઈ તો દુઆ દેતે હૈં–દુશ્મન આ જાએ તો ચાદર ભી બિછા દેતે હૈં*

**તુઝસે છુપાઉં મુંહ તો કરું કિસકે સામને**
**ક્યા ઔર ભી કિસીસે તવક્કોઅ નઝરકી હૈ**

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! ﷺ જો આપનાથી પણ મોં છુપાવતો ફરીશ તો પછી કોની સામે પોતાની હાલત લઈને જઈશ ?! શું આપના સિવાય કોઈ જાત એવી છે કે જેનાથી એવી ઉમ્મીદ કરી શકાય કે આપને છોડીને એનાથી અમારી ખાલી જોલી ભરી શકાય ? નહીં ! કોઈ નથી ! *(ક્રમશઃ)*

Web: www.barkatekhwaja.net

## અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

# પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ

હપ્તો : ૦૬

## બદ્ મઝહબ સૈયદની તા'ઝીમ વાજિબ હોવાનો અર્થ શું છે ?

સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબ ''ગાયતુત્તબજીલ'' લેખક : શયખ સઈદ મહમૂદના અનુવાદની શરૂઆતમાં પેજ ૨૧ પર લખે છે :

''ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, અશ્શાહ ઈમામ અહમદ રઝાખાં સૈયદની તાઝીમ તથા તૌકીરના વિશે ઈર્શાદ ફર્માવતાં લખે છે કે સૈયદ તફઝીલી હોય તો પણ તેની તાઝીમ તથા એહતેરામ લાઝમી તથા જરૂરી છે. વધુમાં એ કે તે પેજ નં. ૨૨ ઉપર આ'લા હઝરતનો ફત્વો નકલ કરે છે :

''સૈયદ સુન્ની મઝહબવાળાની તાઝીમ લાઝિમ છે ભલે તેના અમલો ગમે તેવા હોય. એ અમલોના સબબે તેનાથી નફરત ન કરવામાં આવે. નફ્સે આમાલ (મૂળ અમલો)થી નફરત કરવામાં આવે, બલ્કે તેના મઝહબમાં પણ થોડો ફરક હોય કે કુફ્રની હદ સુધી ન પહોંચે, જેમ કે તફઝીલ, તો એ હાલતમાં પણ તેની તાઝીમે સયાદત (સૈયદ હોવાને લીધે તાઝીમ) જશે નહીં. હા ! જો તેની બદમઝહબી કુફ્રની હદે પહોંચે જેમ કે રાફઝી, વહાબી, કાદયાની, નેચરી વગેરે. તો હવે તેની તાઝીમ હરામ છે કે જે તાઝીમનું કારણ હતું એટલે સયાદત તે જ ન રહી.'' આ'લા હઝરતનો આ ફત્વો સમયના પ્રખ્યાત તફઝીલી કારી ઝહૂર અહમદ ફૈઝી સાહબે પણ પોતાની કિતાબ ''મનાકિબે ઝહ્રા'' પેજ ૨૨૪–૨૨૫ પર નકલ કર્યો છે.

કહેવું એ છે કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ખાન કાદરી رحمۃ اللہ علیہના આ ફત્વા પર પોતાની રાય આપવા કરતાં બેહતર છે કે આ'લા હઝરતનો પોતાનો ખુલાસો રજૂ કરી દેવામાં આવે જેથી મામલો સાફ થઈ જાય અને વાંચકો સરળતાપૂર્વક ફેંસલો કરી શકે. તો આ'લા હઝરતનો એક અન્ય ફત્વો પણ જુઓ :–

**મસ્અલા–૮૦૯** : અહલે સુન્નત વ જમાઅતનો મુત્તફક અલૈહ અકીદો છે કે સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ અંબિયા علیہم السلام બાદ અફઝલુલ બશર (માનવોમાં શ્રેષ્ઠ) છે. ઝયદ તથા ખાલિદ બંનેવ સાદાતમાંથી છે. ઝયદ કહે છે, જે શખ્સ હઝરત અલીને હઝરત અબૂ બક્ર પર ફઝીલત આપે છે તેની પાછળ નમાઝ મકરૂહ થાય છે. ખાલિદ કહે છે : હું અલલ એલાન કહું છું કે હઝરત અબૂબક્ર સિદ્દીક પર હઝરત અલીને ફઝીલત છે. અને દરેક સૈયદ તફઝીલિયહ છે અને તફઝીલિયહ પાછળ નમાઝ મકરૂહ નથી થતી, બલ્કે જે તફઝીલિયા પાછળ નમાઝ મકરૂહ બતાવે ખુદ તેના પાછળ નમાઝ મકરૂહ થાય છે.

**અલ્જવાબ** : તમામ અહલે સુન્નતનો ઈજમાઈ અકીદો છે કે સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ, મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી અફઝલ છે. દીનના ઈમામોની સ્પષ્ટતા છે કે જે કોઈ મૌલા અલીને તેમના પર ફઝીલત આપે તે દીનમાં નવી વાત કાઢનાર બદમઝહબ છે. તેની પાછળ નમાઝ મકરૂહ છે. ''ફતાવા ખુલાસા'' તથા ''ફત્હુલ કદીર'' તથા ''બહરુર્રાઈક'' તથા ''ફતાવા આલમગીરી'' વગેરે ઘણી કિતાબોમાં છે : ''જો કોઈ હઝરત અલીને સિદ્દીક તથા ફારૂક પર ફઝીલત આપે છે તો તે બિદઅતી છે.'' ગુન્યહ તથા રદુલ મુહતારમાં છે : ''બદ્મઝહબની પાછળ નમાઝ દરેક હાલમાં મકરૂહ છે.'' અરકાને

❑ સંપાદક : મુફતી મુનીબુર્રહમાન સાહબ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

Web.:www.barkatekhwaja.net

અરબમાં છે : "તેઓ એટલે તફઝીલી શીઆની ઈક્તેદામાં નમાઝ સખત મકરૂહ છે. તફઝીલીઓની પાછળ નમાઝ સખત મકરૂહ, એટલે મકરૂહે તહરીમી છે કે પઢવી ગુનોહ અને દોહરાવવી વાજિબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવા રઝવિય્યહ, ૬/૬૨૨)*

**નોંધ** : આ મુદ્દો પણ ધ્યાનમાં રાખશો કે આ ફત્વાની તારીખ ૧૪ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૩૯ છે અને આ અલ્લામા સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબના રજૂ કરેલ ફત્વાથી પછીનો છે. વાંચકો ! આપ આ'લા હઝરતના બંનેવ ફત્વા તથા બંનેવ ફરક્ને જુઓ અને વિચારણાપૂર્વક પઢનારને આ'લા હઝરતનો મૌક્ફ સારી રીતે માલૂમ થઈ જશે. સારાંશ, ઈલ્મી પ્રમાણિક્તાનો તક્।ઝો એ હતો કે સૈયદ ઝાહિદ હુસૈન શાહ સાહબે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાન ક્।દરી رحمۃ اللہ علیہના બંનેવ ફત્વા ઈલ્મવાળાઓ સામે રજૂ કરવા જોઈતા હતા જેથી ઈમામે અહલે સુન્નતનો મસ્લક તથા આ મસ્અલામાં તેમનો ખયાલ સંપૂર્ણપણે ઈલ્મવાળાઓની સામે આવે.

ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہના બંનેવ ફત્વા સામે રાખીને એ જ સમજમાં આવે છે કે આપે જે ફર્માવ્યું, "સૈયદ જો બદ્દમઝહબ પણ હોય તો પણ તેની તા'ઝીમ જરૂરી છે." ત્યાં આપનો આશય એ છે કે તેની અંગત તથા નસબી તૌહીન કરવાથી બચવામાં આવે અને દુનિયવી મામલાઓ તથા સામાજિક બાબતોમાં તેમની સાથે માનપૂર્વકનો વર્તાવ કરવામાં આવે. ન એ કે તેને લોકો સમક્ષ રેહબર તથા પેશવા બનાવીને પેશ કરવામાં આવે કે જેથી તે પોતાની ગુમરાહીને ફેલાવે. એટલા જ માટે બીજા ફત્વામાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ઈમામે અહલે સુન્નતે ફર્માવ્યું, "ગુમરાહ સૈયદને ઈમામ નથી બનાવી શક્તા." જેથી ફત્વાનો ભાવાર્થ સમજ્યા વિના પોતાની ખ્વાહિશને ઈમામે અહલે સુન્નતનો મસ્લક બતાવીને અવામની સામે પેશ કરવું તેમને હલાકત (બર્બાદી)માં ફેંકવું છે.

બદ્ મઝહબનો સામનો કરવાથી બેહતર એ છે કે તેમને ચેતવણી કરવામાં આવે, શરીઅતની વોર્નિંગો સંભળાવીને તેમને સુન્નતની નિશાનીઓ તરફ દા'વત આપવામાં આવે અને અમ્ર બિલ મઅરૂફ તથા નહી અનિલ મુન્કરનો શરઈ ફરીઝો અંજામ આપવામાં આવે.

જો બદ્ અમલ તથા બદ્ મઝહબ સૈયદને પોતાનો દીની પેશવા તથા રહબર બનાવવાની કોશિશ કરવામાં આવી રહી છે તો લોકો દીની પેશવા સમજીને તેમની રવિશને અપનાવશે અને એ અધિક બદ્મઝહબીને ઉત્તેજન આપવાનો સબબ બનશે કે જે શરીઅતની રૂએ હરામ છે.

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાન ક્।દરી رحمۃ اللہ علیہથી સવાલ કરવામાં આવ્યો :–

"ઝયદની માનો એ અક્।દો છે કે, હઝરત અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریمના બરાબર કોઈ સહાબીનો રુત્બો નથી." તો આપે એના જવાબમાં ફર્માવ્યું, "ઝયદની મા આ મજકૂર અક્।દાના કારણે અહલે સુન્નતથી ખારિજ (બહાર) અને ગુમરાહ ફિર્ક્। તફઝીલિયામાં દાખલ છે. જેમને દીનના ઈમામોએ રાફઝીઓના નાના ભાઈ કહ્યા છે."

*(ફતાવા રઝવિય્યહ, ૨૧/૧૫૨, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

સારાંશ કે કેવળ પોતાના લાભ ખાતર ઈમામે અહલે સુન્નતના મસ્લકમાં પનાહ લેનારાને અમારી એલાનિયા દા'વત છે કે તેમના મસ્લકને જે છે તેવો જ ક્બૂલ કરે જે એ છે કે, "હક્ક્ બદસ્તે હૈદરે કર્રાર, મુઆવિયા પણ અમારા સરદાર છે, તેમના પર ટોણાં મારવાં એ ફાજિરોનું કામ છે.

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાને સવાલ થયો : "સૈયદના છોકરાને તેનો ઉસ્તાદ અદબ શીખવવા માટે મારી શકે છે કે નહીં ?" આપે જવાબમાં ફર્માવ્યું, : ક્।ઝી જે અલ્લાહની નિશ્ચિત કરેલી સજાઓ

web : www.barkatekhwaja.net

ક઼ાયમ કરવા માટે મજબૂર છે, તેની સામે જો કોઈ સૈયદ પર સજા સાબિત થઈ તો તેમ છતાં કે તેના પર શિક્ષા લાગુ કરવી ફર્ઝ છે અને તે શિક્ષા કરશે. પરંતુ તેને હુકમ છે કે સજા આપવાની નિય્યત ન કરે, બલ્કે દિલમાં એવી નિય્યત કરે કે શહઝાદાના પગોમાં કીચડ લાગી ગયેલ છે તેને સાફ કરી રહ્યો છું. તો પછી ક઼ાઝી જેના પર સજા આપવું ફર્ઝ છે તેને તો આ હુકમ છે તો : ''ઉસ્તાદ કઈ મંઝિલમાં છે !'' *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ૩/૩૬૬)*

જેમ કે અનુભવ છે કે ફખ્રુસ્સાદાત સરકાર ગ઼ૌષે આ'ઝમ હોય કે દાતાગંજ બખ્શ અલી હિજવેરી, ઈમામુસ્સાદાત શહાબુદ્દીન સુહરવર્દી હોય કે ખ્વાજા ગરીબ નવાઝ, સૌ સયાદત તથા શરાફતવાળા આ બુઝુર્ગો, ચાર ઈમામો (ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ)માંથી કોઈના મુક઼લ્લિદ તથા પયરવી કરનારા છે. જ્યારે કે ઈમામોમાંથી કોઈપણ સૈયદઝાદા નથી. બલ્ખે ફખ્રુસ્સાદાત અલ્લામા સૈયદ અહમદ તહતાવી ફર્માવે છે :

فَمَنْ كَانَ خَارِجًا عَنْ هٰذَا الْاَرْبَعَةِ فَهُوَ مِنْ اَهْلِ الْبِدْعَةِ وَالنَّارِ

''તો જે કોઈ (સૈયદ હોય કે ગૈર સૈયદ, પીર હોય કે મુરીદ) આ ચારેવ (ઈમામોમાંથી કોઈની તકલીદ)થી બહાર છે તે બિદઅતીઓ તથા જહન્નમીઓમાંથી છે.''

*(હાશિયતુત્તહતાવી અલદુર્રિમુખ્તાર, કિતાબુઝ્ઝબાઈહ, ૪/૧૫૩, મક્તબા ઈસ્લામિયા-કોઈટા)*

અહીં મુફસ્સિરે શહીર, ફખ્રુસ્સાદાત સૈયદ મહમૂદ આલૂસી બગદાદીનું લખાણ ઉલ્લેખનીય છે જે ઈલ્મી તથા અમલી કાબેલિયતોથી ખાલી, મુતકબ્બિર શાહઝાદગાન ચાહે સાદાતે કિરામ હોય કે આલે સૂફિયાએ કિરામ કે આલે ઉલમાએ કિરામ સૌને માટે ધ્યાન કરવા જેવું તથા સબક઼ લેવા જેવું છે :

''આલે રસૂલ ﷺએ તક઼વાથી ખાલી તથા ખ્વાહિશોની પયરવી કરનાર હોવું ન જોઈએ. નેકી (પણ) ફી નફસહા સારી ચીજ છે પરંતુ આલે રસૂલમાં હોય તો અધિક અંશે સારી, અને બુરાઈ (પણ) ફી નફસહા બુરી ચીજ છે પણ આલે રસૂલમાં હોય તો અધિક અંશે બુરી છે. કદીક કોઈ સૈયદઝાદાની બેરાહ રવીઓ લોકોને તેને આલે રસૂલ ﷺ ગણવામાં શરમિંદા કરે છે. અને ઘણીવાર લોકો તેના નસબનો (જ) ઈન્કાર કર કરી આપે છે. અને જે વખતે લોકો આવા સૈયદઝાદાને તેની મકરૂહ પ્રવૃત્તિના કારણે ભલુ બુરૂ કહે અને ગૈર સૈયદને તે સૈયદઝાદા પર અગ્રતા આપે તો સૈયદઝાદા પોતે પોતાને જ ભલુ બુરુ કહે. જેમ કે ખુરાસાન શહેરના એક સૈયદઝાદાની હિકમત નક઼લ થયેલ છે. તે રસૂલુલ્લાહ ﷺથી નસબ (વંશ)ની રીતે તો નિકટતા ધરાવતા હતા પણ અમલી રીતે એલાનિયા ફિસ્ક઼ (ગુનાહો)માં સપડાયેલા હતા. અને ત્યાં જ એક શ્યામ વર્ણના આઝાદ કરેલ ગુલામ પણ હતા જે ઈલ્મ તથા અમલમાં અગ્રસ્થાને હતા જેના કારણે લોકોમાં બાઈઝ્ઝત તથા મોઅઝ્ઝમ હતા.

એક દિવસે સંજોગોવસાત તે આલિમ સાહબ ઘરેથી મસ્જિદ જવા નીકળ્યા તો ખૂબ જ સંખ્યામાં લોકો તેમની આસપાસ ભેગા થઈને તેમનાથી બરકત હાંસલ કરવા લાગ્યા. સૈયદઝાદા નશાની હાલતમાં તે આલિમને મળવા ચાહતા હતા પણ લોકો તેમને હટાવી દેતા. તે કોઈ રીતે આલિમ સાહબ સુધી પહોંચી ગયા અને આલિમ સાહબનું બાઝુ પકડીને બોલ્યા, હે કાળા પગ તથા હોઠોવાળા ! હે કાફિર ઈબ્ને કાફિર ! હું રસૂલ ﷺની ઔલાદ છું છતાં લોકો મને ઝલીલ કરી રહ્યા છે અને તારી તા'ઝીમ કરી રહ્યા છે ! મારી તૌહીન કરી રહ્યા છે અને તારી મદદ ! તો લોકો સૈયદઝાદાને મારવા માટે તૈયાર થયા પરંતુ આલિમ સાહબે રોકી દીધા, અને કહ્યું, ભલે એ હદથી ગુજરી ગયા છે પણ નિસ્બતે રસૂલ ﷺના કારણે દરગુઝર કરવાને પાત્ર છે. અને પછી સૈયદઝાદાને સંબોધીને કહ્યું, હે શહઝાદા ! મેં મારા બાતિન (અંતર)ને (ઈલ્મ

Web.: www.barkatekhwaja.net

તથા અમલ વડે) રોશન કર્યું અને આપે સિયાહ કર્યું. તો મારા બાતિનનું નૂર મારા ચહેરાની કાળાશ પર ગાલિબ આવી ગયું અને હું (લોકોમાં) હસીનો જમીલ થઈ ગયો. અને આપના દિલની સિયાહી આપના ચહેરાની સફેદી પર ગાલિબ આવી ગઈ અને આપ (લોકોમાં) ખરાબ થઈ ગયા. મેં આપના જદ્દે કરીમ (નાનજાન) ﷺની સીરતને અપનાવી લીધી અને આપે મારા દાદાની, તો લોકોએ મને આપના જદ્દે કરીમ ﷺની સીરત પર અમલ કરતો પામ્યો અને આપને મારા જદ્દે કરીમની સીરત પર ! (એટલા માટે) મને આપના જદ્દે કરીમ ﷺનો (રૂહાની) પુત્ર સમજી લીધો અને આપને મારા દાદાના (રૂહાની) પુત્ર માન્યા. જેથી તેમણે આપની સાથે આવો વર્તાવ કર્યો જે મારા બાપની સાથે કરવામાં આવતો હતો. અને મારી સાથે તે સુલૂક કર્યો જે આપના નાનાજાન સાથે કરવામાં આવતો હતો. *(તફસીરે રૂહુલ મઆની, સૂ. હુજુરાત, આ. ૧૩)*

આટલી પ્રસ્તાવના પછી આપના સવાલ (ઈલ્મ તથા તક્વાને બદલે પોતાના સૈયદ હોવાને પાયો બનાવવો અને .... છેવટ સુધી)નો જવાબ :–

વર્તમાનકાળમાં આપણા સમાજમાં પીરાને એઝામ બે પ્રકારના જોવા મળે છે :–

૦૧. સુન્ની સહીહુલ અક઼ીદા આલિમ, મુત્તસિલુસ્સિલસિલા, ગૈરે ફાસિક઼ે મુઅ્લીન, મુત્તબએ મુઆસિરીન ઉલમાએ અહલે સુન્નત.

૦૨. જેનામાં ઉપરોક્ત શરતો અથવા એક પણ શરત ગાયબ હોય.

પ્રથમ પ્રકારના પીર સાહબ પોતાના માટે લક઼બો તથા વંશિક પ્રતિષ્ઠાનો ઉપયોગ દીનની તરક્કી, મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતના ગલ્બા તથા મુસલમાનોની ઈસ્લાહ માટે કરે જેથી લોકો નસબી શરાફતના કારણે આકર્ષાય અને બયઅત કરીને બદ્‌મઝહબોના ધોકાઓથી બચે. તો આ લક઼બોનો ઉપયોગ જાઈઝ છે. કેમ કે એમાં મુસલમાનોની ખૈર ખ્વાહી છે. અલ્બત્ત ! તેમ છતાં તેણે જોઈએ કે તવાઝોઅ (આજીજી, નમ્રતા) પ્રદર્શિત કરવામાં કમી ન કરે. મુરીદોને એના માટે (લકબો વાપરવા) પ્રોત્સાહિત ન કરે, લોકોને પોતાના પર બદ્‌ગુમાનીનો માર્ગ ન આપે. અને જો કેવળ નફ્સના સંતોષ તથા માલની મહોબ્બતમાં તથા વાહ વાહીના માટે અથવા પોતાના સમકાલિનોથી મુક઼ાબલો કરવા માટે અથવા કોઈ દુનિયવી હેતુ પામવા માટે એવું કરે તો એ નાજાઈઝ તથા હરામ છે.

તરીક઼એ મુહમ્મદિયા તથા હદીક઼એ નદિયામાં છે : "સરદારીની ચાહત તથા મહોબ્બતના ત્રણ સબબો છે. બીજો એ છે કે સત્તા એટલા માટે ચાહે છે કે જેથી જેના સબબથી હક્ક઼ લાગુ કરવું, દીનની પ્રતિષ્ઠા વધારવી અને લોકોની ઈસ્લાહ કરી શકે. જો આ મના બાબતો દા.ત. રિયા, ધોકો, તથા વાજિબ તથા સુન્નતના છોડવાથી ખાલી હોય તો ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ (અજરો સવાબનો સબબ) છે. જેમ કે અલ્લાહ તઆલાએ નેક બંદાઓની હિકાયત વર્ણવી (કે તેઓ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્ઝ કરે છે :) "હે પરવરદિગાર ! અમને પરહેઝગાર તથા ડરનારા લોકોનો ઈમામ (પેશવા) બનાવી દે."


*(અત્તરીક઼તુલ મુહમ્મદિયહ્, ૧/૧૫૩–૧૫૪, મક્તબે હનફિયા કોઈટા, અલ્ હદીક઼તુન્નદિય્યહ્, ૧/૪૪૧, ૪૪૨, મક્તબે નૂરિયા રઝવિય્યા–ફૈઝાબાદ)*

બાકી બીજા પ્રકારના પીર સાહબ આલિમ તો આલિમ અવામની નિગાહમાં શૈખુલ ઈસ્લામ જ કેમ ન હોય, તેને પીર બનાવવો જ જાઈઝ નથી, તેની તારીફ તથા લક઼બો વડે તેની જાહેરાત કરવાનું તો દૂરની વાત છે ! એવા શખ્સો તથા વ્યક્તિઓ બમણા મુજરિમ છે કે એક તો ગુનાહમાં પડયા (કે પીરને અપાત્રને પીર બનાવ્યો) વધુ પેજ 27 પર..



web.www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## કિતાબુલ બુયૂઅ એટલે ખરીદ વેચાણનું બયાન

**મસ્અલા :** કાપડની એક ગાંસડી ખરીદી એવી શર્તે કે આમાં દસ તાકા છે પરંતુ નવ નીકળ્યા અથવા અગિયાર નીકળ્યા. તો વેચાણ ફાસિદ થયું. [એટલા માટે કે કમીના કારણે કિંમત **મજહૂલ** થઈ ગઈ અને વધારાના કારણે વેચાણનો જથ્થો (જથ્થાની જાણકારી ન રહી) **મજહૂલ** થઈ ગયો] પરંતુ જો દરેક તાકાની કિંમત કહી દેવામાં આવી હોત તો કમીની (ઓછા નીકળવાની) હાલતમાં વેચાણ જાઈઝ થાત. કેમ કે નવ તાકાની કિંમત ચૂકવીને લઈ લે, પરંતુ ખરીદનારને સોદો રદ કરવાનો અખત્યાર છે અને જો અગિયાર તાકા નીકળ્યા તો વેચાણનો માલ નાજાઈઝ છે. (એટલા માટે કે કયો એક તાકો ઓછો કરવામાં આવે તેની જાણકારી નથી.) *(હિદાયા)*

**મસ્અલા :** દસ ગજનો તાકો છે, એમ સમજી એક રૂપિયાના એક ગજની કિંમતે દસ ગજનો તાકો ખરીદ્યો. તાકો સાડા દસ ગજ નીકળ્યો તો દસ રૂપિયામાં લેવો પડશે અને જો સાડા નવ ગજ નીકળ્યો તો ખરીદનારને અખત્યાર છે કે તે નવ રૂપિયામાં લે અથવા ન લે.

**મસ્અલા :** કોઈ મકાન ખરીદ્યું તો એમાં જેટલા રૂમો હોય તે સર્વે વેચાણમાં ગણાશે. એ રીતે જે ચીજ વેચાણના જથ્થા સાથે સામેલ હોય (જોડાયેલી) અને તેનું જોડાણ જથ્થા સાથે ગણાતું જ હોય (એટલે એને જદું પાડી શકાય એમ ન હોય) તો એ પણ વેચાણમાં સામિલ ગણાશે. દા.ત. મકાનનો દાદર, કે લાકડાનો દાદર જે મકાનની સાથે લગાવેલો છે, દરવાજા, ચોખટ અને કુંડી અને તે તાળું જે દરવાજા સાથે લગાડેલું છે તે અને તેની કૂંચી દુકાનની સામે જે લોકર લગાડેલા હોય છે તે તમામ વેચાણમાં ગણાશે. પરંતુ તે તાળું જે દરવાજા સાથે લગાડેલું નથી બલ્કે અલગ રાખવામાં આવે છે (રહે છે) જેવાં કે ખાસ કરીને અલગ તાળાં રાખવામાં આવતાં હોય તો તે વેચાણમાં દાખલ થશે નહીં અને વેચનાર લઈ લેશે. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલા :** ગાય કે ભેંસ ખરીદી તો એનું નાનું બચ્ચું જે દૂધ પીએ છે તે વેચાણમાં ગણાશે, ભલે એની વાત કરવામાં ન આવી હોય તો પણ. અને ગધેડી ખરીદી તો એનું દૂધ પીતું બચ્ચું વેચાણમાં દાખલ થશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** ઘોડો કે ઊંટ વેચ્યું તો લગામ અને નકેલ વેચાણમાં દાખલ ગણાશે એટલે કે વેચતી વખતે તેને વેચવાની વાત ન થઈ હોય તો પણ વેચનારે આપવી પડશે અને જીન કે કાઠી વેચાણમાં દાખલ ગણાશે નહીં. *(હિંદિયા)*

**મસ્અલા :** જમીન વેચી તો એમાં નાના મોટા ફળ આપનાર કે ન આપનાર જેટલાં ઝાડો હોય તે તમામ વેચાણમાં ગણાશે. પરંતુ સૂકું ઝાડ જે હજુ જમીનમાંથી ઉખડયું નથી તે વેચાણમાં દાખલ ગણાશે નહીં. (કેમ કે સૂકી લાકડી ગણાશે જે જમીન પર રાખવામાં આવી છે) પરિણામે આંબા વગેરેના નાના રોપ જમીનમાં હોય છે કે જેને વરસાદ વરસ્યા પછી એક જગ્યાએથી ખોદી બીજી જગ્યાએ લગાડવામાં (રોપવામાં) આવે છે તે પણ જમીનના વેચાણમાં ગણાશે. *(ફત્હુલ કદીર)*

Web.:www.barkatekhwaja.net

**મસ્અલા :** માછલી ખરીદી અને તેના પેટમાંથી મોતી નીકળ્યું. જો એ મોતી છીપલામાં છે તો ખરીદનારનું ગણાશે અને જો છીપલા વગરનું એકલું મોતી નીકળ્યું તો જે વેચનારે એ માછલીનો શિકાર કર્યો હોય તો વેચનારને પાછું આપી દે. વેચનાર પાસે એ મોતી અમાનત રૂપે રહેશે. માલિકની શોધખોળ કરે. જો માલિકનો પતો ન મળે તો ખેરાત કરી દે. અને જો મરઘીના પેટમાંથી મોતી મળ્યું તો વેચનારને પાછું આપી દે. *(ખાનિયા, હિંદિયા)*

**મસ્અલા :** જે ચીજ વેચાણમાં સ્વભાવિક (તબઅન) ગણાતી હોય એના મુકાબલામાં કિંમતનો કોઈ હિસ્સો નથી હોતો એટલે કે તે ચીજ જો બરબાદ થઈ જાય તો કિંમતમાં કોઈ કમી નહીં થાય, ખરીદનારે પૂરી કિંમતે લેવું પડશે.

*(રદ્દુલ મુહ્તાર, હિદાયા, બહાર)*

**મસ્અલા :** જમીન વેચી અને એમાં ખેતીનો પાક છે તો તે વેચનારનો ગણાશે. અલબત્ત જો ખરીદનારે શર્ત કરીને ખરીદી હોય તો, એટલે કે ખેતીના પાક સાથે ખરીદી હોય તો ખેતીનો પાક ખરીદનારનો ગણાશે. એ રીતે ઝાડ વેચવામાં આવ્યું, જેને ફળો લાગેલાં છે તો એ ફળ ખરીદનારનાં ગણાશે. એ રીતે ચમેલી, ગુલામ વગેરે છોડ ખરીદ્યાં તો ફૂલ વેચનારનાં રહેશે, પરંતુ ખરીદનારે શર્ત કરીને લીધું હોય તો એ ખરીદનારનું ગણાશે. *(હિદાયા, ફત્હુલ્ કદીર)*

**મસ્અલા :** ખેતીના પાકવાળી જમીન કે ફળદાર ઝાડનું વેચાણ કર્યું તો વેચનારને હક્ક નથી કે તે ઈચ્છે ત્યાં સુધી પાક રહેવા દે અને ફળો પણ લાગેલાં રહેવા દે, બલ્કે વેચનારને કહેવામાં આવે પાક લઈ લે (કાપી લે), ફળો તોડી લે અને જમીન, ઝાડ ખરીદનારને સુપરત કરી દે. કેમ કે હવે તે ખરીદનારની માલિકીનું છે અને બીજાની મિલ્કત કબ્જામાં રાખવાનો એને કોઈ હક્ક નથી. અલબત્ત, જો ખરીદનારને કિંમત અદા ન કરી દીધી હોય તો વેચેલો માલ સુપરત કરી દેવાનો વેચનાર પર વાજિબ નથી. *(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** ખેતીની જમીન વેચી જેમાં પાક છે. વેચનાર એવું ઈચ્છે છે કે જ્યાં સુધી પાક તૈયાર ન થઈ જાય ત્યાં સુધી ખેતરમાં જ રહે. તૈયાર થઈ ગયા પછી કાપી લેવામાં આવે અને એ સમય દરમિયાનનું વળતર આપવાનું કહે છે. જો ખરીદનાર આ બાબતમાં રાજી હોય તો એવું કરી શકે છે, રાજી ન હોય તો એ પ્રમાણે કરી શકતો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** જો કાપવા માટે ઝાડ ખરીદ્યું હોય તો નીચેની જમીન વેચાણમાં ગણાશે નહીં અને જો બાકી રાખવા માટે (કાપવા માટે નહીં) ખરીદ્યું હોય તો જમીન વેચાણમાં ગણાશે. જો ખરીદતી વખતે એવી ચોખવટ કરવામાં ન આવે કે એ (ઝાડ) કાપવા માટે ખરીદ્યું છે કે બાકી રાખવા માટે ખરીદયું છું તો પણ નીચેની જમીન વેચાણમાં દાખલ થશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા :** ઝાડ કાપવા માટે ખરીદ્યું છે તો ખરીદનારને હુકમ આપવામાં આવશે કે (ઝાડને) કાપી લે, બાકી રહેવા દેવાની ઈજાઝત નથી અને જો બાકી રાખવા માટે ખરીદ્યું હોય તો કાપી નાખવાનું કહી શકાશે નહીં અને તેને કાપી લે તો એની જગ્યાએ બીજું ઝાડ વાવી શકે છે, વેચનાર રોકી શકશે નહીં. એટલા માટે કે જમીનનો એટલો ભાગ (એ હાલતમાં) ખરીદનારનો થઈ ચૂક્યો છે.

*(આલમગીરી)*

**મસ્અલા :** પાક તૈયાર થતા પહેલાં વેચી દીધો એવી શરત કરી કે જ્યાં સુધી પાક તૈયાર થઈ ન જાય ત્યાં સુધી ખેતરમાં જ રહેશે, એ નાજાઈઝ છે. એ રીતે ખેતરની જમીન વેચી દીધી (ખેતર વેચ્યું) અને એમાં ખેતી (પાક) મૌજૂદ છે, શરત એવી કરી કે જ્યાં સુધી પાક તૈયાર ન થઈ જાય ત્યાં સુધી ખેતરમાં રહેશે એ પણ નાજાઈઝ છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

www.barkatekhwaja.net

**મસ્અલા** : જમીન વેચી તો તે ચીજો જે કાયમ રાખવા માટે જમીનમાં આવેલી છે, જેમ કે ઝાડ અને મકાન એ વેચાણમાં ગણાશે ભલે વેચતી વખતે એની વાત કરવામાં ન આવી હોય, વળી એવું પણ ન કહેવામાં આવ્યું હોય કે તમામ હક્કો સાથે ખરીદું છું. પરંતુ જો એ જમીનમાં સૂકાયેલું ઝાડ હોય તો આ પ્રકારના વેચાણમાં એ ગણાશે નહીં અને જે ચીજો (કાયમ) બાકી રાખવા માટેની ન હોય જેમ કે વાંસ, નરકલ (સેઢો), ઘાસ એ વેચાણમાં દાખલ થશે નહીં. પરંતુ એ જો વેચતી વખતે એની વાત કરવામાં આવે તો એ પણ (વેચાણમાં) ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : બાગમાં ફળો આવતા પહેલાં જ પાકનું વેચાણ કર્યું તો એ નાજાઈઝ છે. થોડાંક ફળો આવ્યાં હોય અને થોડાંક ફળો આવવાનાં બાકી હોય તો પણ (વેચાણ કરવું) નાજાઈઝ છે. એટલે કે અત્યારે આવેલાં ફળો તેમજ હવે પછી આવવાનાં ફળો એ રીતે વેચાણ જાઈઝ નથી અને જો તમામ ફળો લાગી ચૂકયાં હોય તો એ વેચાણ દુરસ્ત ગણાશે. પરંતુ ખરીદનારને કહેવામાં આવે કે અત્યારે ફળો તોડીને ઝાડ ખાલી કરી આપ. અને જો એ શર્ત છે કે જ્યાં સુધી ફળો તૈયાર થશે નહીં ત્યાં સુધી ઝાડો પર રહેશે અને ફળો તૈયાર થયા પછી તોડી લેવામાં આવશે તો એ શર્ત ફાસિદ છે અને વેચાણ નાજાઈઝ. ફળો આવ્યા પછી વેચાણ થયું પરંતુ હજુ ખરીદનારનો કબ્જો ન થયો હતો એ દરમિયાન બીજાં ફળો લાગ્યાં તો એ વેચાણ ફાસિદ થઈ ગયું. એટલા માટે કે વેચાયેલા માલ અને નહીં વેચાયેલ માલનો ફરક બાકી ન રહયો. અને કબ્જો લીધા પછી બીજા વધારાનાં ફળો વેચનારનાં ગણાશે પરંતુ ફરક માલમ પડશે નહીં (વેચાયેલાં ફળો અને નવાં ફળો) પરિણામે વેચનાર અને ખરીદનાર બન્ને શરીક ગણાશે. રહી એ વાત કે કેટલાં ફળો વેચનારનાં છે અને કેટલાં ફળો ખરીદનારનાં છે તો એ બાબતમાં ખરીદનાર સોગંદપૂર્વક જે કહે તે માની લેવામાં આવે. *(રદ્દુલ્ મુહ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલા** : ફળો ખરીદ્યાં પણ એવી કોઈ શરત કરી નહીં કે હમણાં (તાત્કાલિક) તોડી લઈશું કે પાકતાં સુધી રહેશે અને વાત થઈ ગયા પછી જો વેચનારે ઝાડ પર જ રહેવા દેવાની સંમતિ (રજા) આપી તો એ જાઈઝ છે. પછીથી ફળોમાં જે કંઈ વધારો થશે તે ખરીદનાર માટે હલાલ છે જ્યારે કે ઝાડ પર ફળો રહેવા દેવાની વાત થઈ ન હતી. કેમ કે જો વાત થઈ ચૂકી હોય જેમ કે અત્યારના સમયમાં ખાસ કરીને હિન્દુસ્તાનમાં એવું થાય છે કે અહીં શર્ત ન હોય તો પણ શર્તનો હુકમ લાગુ પડશે અને વેચાણ ફાસિદ થશે. અલબત્ત, જો ચોખવટ કરી દેવામાં આવે કે હાલમાં જ તોડી લેવા પડશે. પાછળથી જો ખરીદનાર માટે વેચનારે ઈજાઝત આપી દીધી તો વેચાણ ફાસિદ થશે નહીં અને જો વેચાણ વખતે શર્તની વાત ન કરી અને વેચનારે ઝાડ પર રહેવા દેવાની સંમતિ ન આપી હોય તેમ છતાં ખરીદનારે ફળો તોડયાં નહીં અને પહેલાં કરતાં ફળો મોટાં થઈ ગયાં તો જે કંઈ વધારો થયો એનો સદકો કરી આપે. એટલે કે વેચાણના દિવસે ફળોની જે કિંમત હતી તેના મુકાબલામાં આજની કિંમતમાં જે કંઈ વધારો થયો તેની ખેરાત કરી દે. (જેમ કે તે દિવસે ૧૦ રૂા. કિંમત હતી અને આજે એની કિંમત ૧૨ રૂપિયા છે તો બે રૂપિયા ખૈરાત કરી દે) અને વેચાણના દિવસે ફળો પૂરેપૂરાં વિકસિત થઈ ચૂક્યાં હતાં પછીથી અત્યારે ફળોમાં કોઈ વધારો ન થયો. ફક્ત તે વખતે કાચાં ફળો હતાં તે અત્યારે (પાછળથી) પાકી ચૂક્યાં છે તો એ હાલતમાં સદકો કરવાની જરૂર નથી. અલબત્ત, ઈજાઝત વગર આટલા દિવસો સુધી ઝાડ પર રહેવા દીધાં તેનો ગુનોહ થયો.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

Web : www.barkatekhwaja.net

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૮

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક़ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### દુરવેશ ક્યારે બને છે ?

ફર્માવ્યું, દુરવેશના દિલની ઈસ્લાહ ત્યારે થાય છે જ્યારે તે પોતાના બાતિન (અંતર)ને દુનિયાની સર્વ ગંદકીઓ તથા નાપાકીઓથી સાફ કરી લે છે. જેમ કે હઝરત શયખ શહાબુદ્દીન સુહરવર્દી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ ફર્માવ્યું : ''અને એ ધોકો, કીનો, હસદ, લાલચ, અભિમાન, અદાવત, ગુસ્સો અને દિખાવો (રિયા) છે.'' મતલબ જ્યાં સુધી સૂફીનું દિલ આ સર્વ બુરાઈઓથી પાક નથી થતું ત્યાં સુધી તે દુરવેશ નથી બનતો. અને દુરવેશીનો જામો કંબલ તથા સૌફ પહેરવાને પાત્ર નથી બનતો. હઝરત ખ્વાજા સુલ્તાન ઈબ્રાહીમ ખવાસે તસવ્વુફનો મઝહબ વર્ણવતાં ફર્માવ્યું, સૂફીઓ તથા ફક़ીરોના મઝહબમાં કીનો તથા હસદ માન્ય નથી. તંગદસ્તી ફક़ીરને બખીલ નથી બનાવતી. તેની અસર ફક़ીર પર નથી પડતી, કેમ કે ફક़ીર તો તે હોય છે જેની પાસે કાંઈ ન હોય.

ફક્ર (ફક़ીરી) તથા તસવ્વુફના મક़ામો અગણિત છે, પરંતુ એ સર્વ મક़ામોને નષ્ટ કરનાર અયબ રિયાકારી તથા ધોકો પ્રપંચ છે. અને આ રિયાકારી તથા ધોકો એ સમય સુધી નથી આવતો જ્યાં સુધી સૂફી માલ તથા વાહ વાહીની મહોબ્બતમાં સપડાય ન જાય. મક़ામ તથા મર્તબો દુનિયાવાળાઓમાં બુલંદ કરવાનો હેતુ ન બને. જ્યારે ગોદડીપોશ ફક़ીર પોતાનો હેતુ લોકોને આકર્ષવાના અને પોતાની સત્તા ચલાવવાનો ઠરાવી લે છે તો સુલૂકવાળાઓને ત્યાં તેને જૂઠા દાવેદાર તરીકે ઓળખવામાં આવે છે.

ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના મુબારક જમાનામાં સૂફીઓના સર્વ મસ્લકોમાં અમીર ઉમરાવો (સત્તાધારીઓ) સાથે મેલ જોલ અને સમયના રાજાઓને ત્યાં આવન જાવન હરામ હતી. હદીષ શરીફમાં સૂફીઓના મઝહબના બારામાં આ પ્રમાણે ઈર્શાદ છે કે માણસ સફા (પાકીઝગી) મેળવે છે તો એનામાં કોઈ જાતની ખરાબી તથા હસદ બાકી નથી રહેતો. એટલે કીનો, પ્રપંચ તથા રિયાથી પાક અને સાફ થઈ જાય છે. અને અલ્લાહ કરીમ عزوجل تعالیٰએ ફર્માવ્યું : وَنَزَعْنَا مَا فِیْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ اِخْوَانًا ''અને અમે તેમના સીનાઓમાં જે કાંઈ કીના હતા સૌ ખેંચી લીધા, આપસમાં ભાઈ છે.'' *(સૂરએ હિજ્ર, ૧૫/૪૭)*

ગોદડીપોશે દુનિયાવાળાઓ તથા તેમની બુરાઈઓથી દૂરી અપનાવવી પડશે. આ મક़સદ દુનિયવાળાઓથી સંબંધ કટ કરવાથી અને તસવ્વુફવાળાઓ તથા ગોદડીપોશોની સોહબતમાં બેસવાથી હાંસલ થાય છે. દુરવેશ લોકો જ

Web : www.barkatekhwaja.net

કરામતવાળા છે જેનું વર્ણન આયતે મુકૃદસા : وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ "અને બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી....." (સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૦)માં આવેલ છે. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે આ આયતે કરીમા સૂફીઓની શાનમાં નાઝિલ થઈ, કેમ કે એ એ હઝરાતને જ ઈન્સાની શર્ફ (બુઝુર્ગી)ના તાજના મુસ્તહિક઼ ઠરાવવામાં આવ્યા.

## દુરવેશની અઝમત

ફર્માવ્યું, હે દુરવેશ ! સૈયદના આદમ علیہ السلامને "સફી"નો લક઼બ એટલા માટે આપવામાં આવ્યો કે તેમણે આલમે બાલામાં તસવ્વુફનો મસ્લક અપનાવ્યો હતો. હલાલ લુક઼્મા અને શંકાસ્પદ ચીજોથી પરહેઝ અને અમીર ઉમરાવો તથા બાદશાહોની સોહબતથી દૂર ન રહેનારો કંબલ કે ગોદડી ઓઢવાને (સૂફી હોવાને) પાત્ર કદાપિ નથી. આ મુબારક લિબાસની શાનની અઝમત (મહાનતા) અને ઉચ્ચતાના મક઼ામની ક઼દર મૂસા કલીમુલ્લાહ, ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, આદમ સફીયુલ્લાહ عَلَیْہِمُ السَّلَامُ અને મશાઈખે કિરામ તથા ઉલમાએ એઝામના સિવાય કોઈ નથી કરી શકતું. *(આજે તો દુનિયા તથા વાહવાહી કમાવા માટે **કહેવાતા સૂફીઓ** ખુલ્લમ ખુલ્લા ઈસ્લામ તથા **મુસલમાનોની બેઈજ્જતી કરતા નેતાઓ તથા રાજકરણીઓના પગે પડી રહ્યા છે ! તેમનાં ગુણો ગાઈ રહ્યા છે ! તો લોકોએ તેમને ઓળખી લેવા જોઈએ કે એઓ ખુલ્લા ગુમરાહ છે. સૂફીઈઝમની તો તેમને હવા પણ લાગી નથી.** તેઓ **જૂઠા સૂફીઓ** છે. **-અનુવાદક**)*

પછી ફર્માવ્યું, કંબલ કે ગોદડી પોશોએ સ્વાદિષ્ટ, મીઠા ભોજનોથી પણ બચવું જોઈએ કે એ રીતે તેઓ બાદશાહો તથા દુનિયાદારોથી ભળી જશે. જો એવું કરશે તો સાલિકીન (રાહે સુલુકવાળાઓ, સૂફીઓ) તથા અંબિયાએ કિરામના લિબાસ મુબારકમાં ખયાનત કરનારા ઠરશે, અને એનો હક્ક઼ અદા કરી શક્શે નહીં. કંબલ તથા સૌફના રંગમાં સૂફીઓ વચ્ચે મતભેદ છે, અમુકની નજીક લાલ લીલા રંગનો લિબાસ ન પહેરવો જોઈએ, કેમ કે એ શૈતાનનો પસંદીદા લિબાસ છે. (અલ્લાહ બેહતર જાણનાર છે)

ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہથી તઅલ્લુક઼ રાખનારાઓ અને અમુક અન્ય મશાઈખની નજીક કંબલ (ગુલૈમ)થી પાયજામો, કમીસ અને રૂમાલ વગેરે બનાવવાનો રિવાજ હતો પરંતુ શલવાર, પાયજામામાં મતભેદ છે. અમુક એને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامથી નક઼લ કરે છે કે તેમણે પહેરી છે. ફર્માવ્યું, આ લિબાસને ઝલીલો પર (બેઈજ્જત) ન કરવો જોઈએ. આ લિબાસ પહેરીને શરીઅતે પાકની હદો પાર કરીને લાલચીઓની જેમ સંગ્રહખોરીની તરફ ન વળે. કેમ કે આ લિબાસ સાબિર તથા મુતવક્કિલ (તવક્કુલવાળા) દુરવેશોનો છે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! એકવાર આ દુઆગો દમિશ્કની તરફ સફર કરી રહ્યો હતો. એક ખાનક઼ાહમાં એક અતિશય મહાન બુઝુર્ગ સાહિબે વિલાયતની ભાળ મળી, જેમનું નામ શયખ શહાબુદ્દીન ઝંદીસ હતું, અને જે ખ્વાજા હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہથી નિસ્બત ધરાવતા હતા. જ્યારે હું ખાનક઼ાહની અંદર ગયો અને સલામ અર્ઝ કરી તો હુકમ થયો, બેસી જાવ ! હું બેસી ગયો. અન્ય કેટલાક સૂફીઓ પણ હાજર હતા. ચર્ચાનો વિષય ગોદડી તથા કંબલ તથા દુનિયાદારોના થકી આ લિબાસ પહેરવા બાબતે જ હતો. એક સાહબ બહારથી આવ્યા અને આદાબ બજાવી લાવ્યા બાદ અર્ઝ કરી કે ફલાણા સાહબ જે આપના મુરીદોમાંથી છે તે દુનિયાદારોની મજલિસમાં અધિક્તર સમય પસાર કરે છે. એ બુઝુર્ગે જ્યારે આ સાંભળ્યું તો ફર્માવ્યું, તરત જ એને મારી પાસે બોલાવવામાં આવે ! જ્યારે તે મુરીદ હાજર થયા તો હુકમ આપ્યો, એનો

Web.:www.barkatekhwaja.net

કંબલવાળો લિબાસ ઉતારીને એને આગમાં નાખી દેવામાં આવે. જ્યારે સળગી ગયો તો ગુસ્સાથી આંખો લાલ કરતાં એ મુરીદ તરફ જોયું. ફર્માવ્યું, એને બહાર કાઢી મૂકો કે હજી સુધી એ કંબલ પહેરવાને (સૂફી થવાને) પાત્ર નથી બન્યો. આ તો અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَامُ નો મુબારક લિબાસ છે અને જે આ લિબાસમાં ખયાનત કરે છે તો ક્યામતના મેદાનમાં ફેરવવામાં આવશે, અને અવાજ આવશે કે આ તે લોકો છે જેમણે કંબલનો ગોદડીનો લિબાસ પહેર્યો (સૂફી બન્યા) અને તેનો હક્ક અદા ન કર્યો.

ફર્માવ્યું, તસવ્વુફના મઝહબ તથા તરીક્તની રાહમાં ખામોશ આલમે હૈરતમાં લીન રહેવાનું છે. તસવ્વુફનો અર્થ ઈલ્મો તથા રસમો નથી, બલ્કે અખ્લાક્ છે. تَخَلَّقُوْا بِاَخْلَاقِ اللّٰهِ تَعَالٰی (અલ્લાહના અખ્લાક્ના પયકર બની જાવ)ની હદીષે કરીમા એટલા માટે ફર્માવવામાં આવી. તસવ્વુફવાળાઓ દુનિયાના દુશ્મન અને પોતાના મૌલાના દોસ્ત હોય છે. એ ઈન્સાનોનો એવો ગિરોહ છે કે હક્ક્ની ઝાતમાં એવા ડૂબી જાય છે કે તેમને મખ્લૂક્ની ખબર પણ નથી હોતી. વાતચીતને તો શું સ્થાન, એમની જિંદગી હક્ક્ને ખાતર હોય છે. પછી હઝરતની આંખોમાં આંસુ આવી ગયાં. ફર્માવ્યું, તસવ્વુફની અસલ એ છે કે તારી પોતાની કોઈ ચીજ ન હોય અને ન તું કોઈ ચીજમાં લાગેલો હોય, હક્ક્ની ઝાત સિવાય. ત્યારે તું કંબલ કે ગોદડી પહેરવાનો (સૂફી બનવાનો) હક્ક્દાર થઈશ. તસવ્વુફ "સફાઅ્" (પાકીઝગી)થી છે જે મૌલાની દોસ્તી સિવાય દુનિયા તથા આખેરતની કોઈ ચીજની તરફ ધ્યાનિત નથી થતા.

હે દુરવેશ ! એક બુઝુર્ગને પૂછવામાં આવ્યું ઈશ્ક્ તથા તસવ્વુફવાળાઓને ત્યાં કમાલ ક્યાં હાંસલ થાય છે ? જવાબ આપ્યો, જ્યારે એ લોકો દરરોજ પોતે પોતાને બાલાએ અર્શ પામે છે અને ત્યાં નમાઝે પંજગાના અદા કરે છે. કમાલિયતનો મક્ામ એ હોય છે. સૂફી એ હોય છે કે જેના દિલની સફાઈ એ પ્રમાણે થઈ ગઈ હોય કે દુનિયાની કોઈ ચીજ તેનાથી છુપી ન રહે (દિલ જામે જહાંનુમા બની ગયું હોય) "અહલે સફા"ના સિત્તેર મક્ામ છે, આ દુનિયા અને તેની છુપી બાબતો તો એમાંથી એક મક્ામ છે. *(ક્રમશઃ)*

પેજ 21 નું ચાલુ..

બીજા ગુનાહ પ્રતિ આકર્ષવું. (કે એ અપાત્રની લક્બો વડે જાહેરાત કરવાનું કામ કરવું.)

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

لَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ يَفۡرَحُوۡنَ بِمَاۤ اَتَوۡا وَّ يُحِبُّوۡنَ اَنۡ يُّحۡمَدُوۡا بِمَا لَمۡ يَفۡعَلُوۡا فَلَا تَحۡسَبَنَّهُمۡ بِمَفَازَةٍ مِّنَ الۡعَذَابِ‌ۚ وَلَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۱۸۸﴾

"કદાપિ ગુમાન ન કરશો તેમને જેઓ પોતાના કર્યા પર ખુશ થાય છે અને દોસ્ત રાખે છે કે ન કરેલા પર દાદ આપવામાં આવે, તો કદાપિ તેમને અઝાબના બચાવની જગા ગુમાન ન કરશો અને તેમના માટે દર્દનાક માર છે." *(આલે ઈમરાન, ૧૮૮)*

સદરુલ અફાઝિલ, બદરુલ અમાષિલ અલ્લામા સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી આ આયતની તફસીરમાં ફર્માવે છે : આ આયત યહૂદીના હક્ક્માં નાઝિલ થઈ જેઓ લોકોને ધોકો આપવા પર અને ગુમરાહ કરવા પર ખુશ થતા અને અજ્ઞાન હોવા છતાં પસંદ કરતા કે તેમને આલિમ કહેવામાં આવે.

**મસ્અલા** : આ આયતમાં ચેતવણી છે ખુદ પસંદી કરનારાઓ (પોતાની વાહવાહી ચાહનારાઓ)ના માટે અને તેમના માટે જેઓ લોકોથી પોતાની જૂઠી પ્રશંસા ચાહે, જે લોકો ઈલ્મ વિના પોતે પોતાને આલિમ કહેવડાવે છે, અથવા એ જ પ્રમાણે કોઈ અન્ય ખૂબી પોતાને માટે પસંદ કરે છે તેઓએ આના પરથી સબક હાંસલ કરવો જોઈએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

Web.: www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૩૭

એકવાર લોકોએ દુકાળથી મજબૂર થઈને આપને દુઆની દરખાસ્ત કરી તો આપે મુરાકેબામાંથી માથુ ઉઠાવીને ફર્માવ્યું કે જઈને પરનાલાં (નેવાણીઓ છાપરાં)ને ઠીક કરી લો, વરસાદ થવાનો છે. જેથી થોડીક જ વારમાં વરસાદ શરૂ થઈ ગયો અને એક દિવસ રાત સતત પાણી વરસતુ રહ્યું.

એક દિવસે આપે પોતાના પગો ફેલાવ્યા તો એક મુરીદે પણ ફેલાવી દીધા. અને જ્યારે આપે સમેટી લીધા તો તેણે પણ સમેટવાની કોશિશ કરી પણ તેના પગો સુન મારી ગયા અને મૃત્યુના સમય સુધી એ જ હાલત રહી, કેમ કે તેણે મુર્શિદના પગો ફેલાવવાને એક મામૂલી વાત સમજી હતી.

એક શખ્સે જે આપની અઝમત તથા કરામતનો મુન્કિર હતો. તેણે અર્ઝ કરી કે મને ખુદાવંદી રાઝોથી માહિતગાર કરો. આપે તેની બદ્બાતિનીને મહેસૂસ કરતાં ફર્માવ્યું કે ફલાણા પહાડ પર મારો એક દોસ્ત રહે છે તેની પાસે જઈને તમારી ખ્વાહિશને પ્રદર્શિત કરો. જેથી જ્યારે તે શખ્સ ત્યાં પહોંચ્યો તો જોયું કે એક ઘણો જ મોટો ભયાનક અજગર બેઠેલો છે, અને એ તેને જોતાં જ ભયનો માર્યો બેહોશ થઈ ગયો. અને જ્યારે હોશ આવ્યો તો હઝરત બાયઝીદની ખિદમતમાં હાજર થયો અને પૂરો બનાવ વર્ણવ્યો. આપે ફર્માવ્યું કે અજબની વાત છે કે તમે મખ્લૂકથી તો આટલા પ્રમાણમાં ડરી ગયા અને ખાલિક્ના ડરે તમારા દિલમાં જરા સરખી અસર ન કરી ! આ આધાર પર મારાથી ખુદા તઆલાનાં રહસ્યો માલૂમ કરવા આવ્યા હતા ?!

એ જ પ્રમાણે એક રંગ કામ કરનારો પણ આપની કરામતોને જોઈને કહ્યા કરતો હતો કે આવી કરામતો તો હું પણ રજૂ કરી શકુ છું, ફરક કેવળ એટલો છે કે એમની વાતો મને સમજમાં નથી આવતી. અને જ્યારે એક વખતે તે આપની ખિદમતમાં હાજર થયો તો કેમ કે આપ તેની મજાકોથી વાકેફ હતા એટલા માટે એક એવી આહ ખેંચી કે તે બેહોશ થઈને જમીન પર પડી ગયો અને ત્રણ દિવસ રાત એ જ હાલતમાં રહ્યો અને તેને તદ્દન ખબર ન પડી. પછી હોશમાં આવ્યા બાદ જ્યારે નહાય ધોઈને આપની સામે આવ્યો તો આપે ફર્માવ્યું કે એ વાત સારી રીતે દિમાગમાં બેસાડી લો કે હાથીનો બોજ ગધેડા પર નથી લાદવામાં આવતો.

હઝરત શયખ અબૂ સઈદ મૈખારાની આપની ખિદમતમાં ઈમ્તિહાન લેવા હાજર થયા તો આપે તેમની નિય્યત ભાંપીને ફર્માવ્યું કે તમો અબૂ સઈદ રાઈની પાસે ચાલ્યા જાવ, તે મારો મુરીદ પણ છે અને મેં મારી તમામ વિલાયત તેના હવાલે કરી આપી છે. જેથી જ્યારે તે ત્યાં પહોંચ્યા તો જોયું કે તે ઈબાદતમાં મશગૂલ છે, જેથી તે ઈન્તેઝારમાં ઉભા રહ્યા. અને ઈબાદતથી ફરાગત બાદ જ્યારે તેમણે પૂછ્યું કે, શું ઈચ્છો છો ? તો આપે અર્ઝ કર્યું કે તાજી દ્રાક્ષ ! જેથી અબૂ સઈદ રાઈએ એક લાકડીના બે ટુકડા કરીને એક પોતાની પાસે અને એક તેમની પાસે જમીનમાં દફન કરી આપ્યા. અને થોડીક જ વારમાં બંને સ્થળે દ્રાક્ષના લીલાંછમ ઝાડ પ્રદર્શિત થવાનું શરૂ થઈ ગયું, અને જોત જોતામાં એમનામાં દ્રાક્ષ લાગી

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

Web.:www.barkatekhwaja.net

થઈ. ફરક઼ કેવળ એ રહ્યો કે અબૂ સઈદ મૈખારાનીની નજીક ઝાડમાં કાળા રંગની અને અબૂ સઈદની નજીકના ઝાડમાં ખૂબ જ ઉમદા પ્રકારની સફેદ દ્રાક્ષ હતી. અને જ્યારે અબૂ સઈદ મૈખારાનીએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે મને તો સિદ્દક઼ તથા યક઼ીનનો દરજો હાંસલ છે અને તમને ઈમ્તિહાન (કસોટી લેવું) મંજૂર હતું ! એટલા માટે અલ્લાહે બંનેવ ઝાડો થકી દિલી કૈફિયત જાહેર કરી આપી. ત્યાર બાદ આપે એક કંબલ આપીને એ હિદાયત કરી આપી કે એને હિફાઝતથી રાખજો અને ક્યાંક ગુમ ન કરી દેશો જેથી તે કંબલ લઈને હજ્જ કરવા જતા રહ્યા, પરંતુ કંબલ અતિશય સાવધાની છતાં અરફાતમાં ગુમ થઈ ગઈ, અને જ્યારે બુસ્તામ પરત આવ્યા તો જોયું કે એ જ કંબલ અબૂ સઈદ રાઈની પાસે મૌજૂદ છે !

લોકોએ જ્યારે આપને એ સવાલ કર્યો કે આપનો મુર્શિદ કોણ છે ? ફર્માવ્યું કે એક વૃદ્ધ સ્ત્રી ! એટલા માટે કે હું એકવાર જંગલમાં હતો એવામાં એક વૃદ્ધા માથા પર આટો રાખીને મળી અને મને કહેવા લાગી કે આ આટો મારા મકાન સુધી પહોંચાડી આપો. એ દરમ્યાન મને એક સિંહ દેખાયો અને મેં આટો તેની પીઠ પર રાખીને વૃદ્ધાને કહ્યું કે જાવ ! આ તમારા ઘરે પહોંચાડી આપશે, પરંતુ તમો એ બતાવતાં જાવ કે શહેરમાં જઈને લોકોને શું કહેશો ?! વૃદ્ધાએ કહ્યું કે શરીઅતે સિંહને પાબંદ નથી કર્યો અને તમો જે પાબંદ નથી તેની પીઠ પર પોતાનો બોજ લાદી રહ્યા છો, એ જુલ્મ નથી તો પછી શું છે ? અને બીજો અયબ તમારી અંદર એ છે કે તમે પોતાની જાતને લોકો પર કરામતવાળો જાહેર કરવા ચાહો છો, અને એનું નામ પ્રદર્શન કરવું છે. જેથી મેં વૃદ્ધાની વાતથી એવી નસીહત તથા ઈબ્રત હાંસલ કરી કે હમેશાં માટે એવી ચીજોના પ્રદર્શન કરવાથી તૌબા કરી લીધી. બસ ! આ કારણે હું એ વૃદ્ધાને પોતાની મુર્શિદ માનુ છું. અને હવે મારી એ હાલત છે કે દરેક કરામત પર હું અલ્લાહ તઆલાના સમર્થનનો તાલિબ છું અને એ સમર્થનના માટે એ દિવસથી એક નૂર જાહેર થાય છે જેના પર લીલા અક્ષરોમાં લખેલું હોય છે : لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ﷺ (લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ) નૂહ નજીયુલ્લાહ, ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૂસા કલીમુલ્લાહ, ઈસા રૂહુલ્લાહ عَلَيْهِمُ السَّلَام) જેનાથી અંદાઝો થઈ જાય છે કે આ પાંચ ગવાહીઓ મારી કરામતની ગવાહ છે.

હઝરત અહમદ ખિઝરવિયા ફર્માવે છે કે એકવાર ખ્વાબમાં જમાલે ખુદાવંદીથી હું મુશર્રફ થયો તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તમો સૌ મારાથી પોતાની જરૂરી વાતની ચીજો તલબ કરો છો પરંતુ બાયઝીદ મારાથી મને જ માગે છે. એકવાર શફીક઼ બલ્ખી તથા અબૂ તુરાબ નખશબી હઝરત બાયઝીદથી મુલાકાત કરવા પહોંચ્યા તો આપે દસ્તરખાન પર ખાણુ મૂકાવ્યુ અને સર્વ લોકો ખાવામાં શરીક થઈ ગયા. પરંતુ અબૂ તુરાબે ફર્માવ્યું કે હું રોઝાથી છું. એ સાંભળીને તેમના એક મુરીદે કહ્યું કે જો દા'વતના માટે નફલી રોઝો તોડી નાખવામાં આવે તો રોઝદારને રોઝો તથા દા'વત બંનેનો સવાબ મળે છે. પરંતુ તેના કહ્યા પછી પણ તેમણે ઈન્કાર કરી આપ્યો. પછી હઝરત બાયઝીદે ફર્માવ્યું કે તમને લોકોને કદાચ ખબર નથી કે આ શખ્સ બારગાહે ખુદાવંદીથી ઘણો દૂર છે. જેથી થોડા દિવસો બાદ જ અબૂ તુરાબ ચોરીના જુર્મમાં પકડાતાં હાથ કાપી નાખવામાં આવ્યા.

જામા મસ્જિદના એક ખૂણામાં હઝરત બાયઝીદે પોતાની અસા મુબારક (લાકડી) ઉભી કરી દીધી પરંતુ આકસ્મિક રીતે પડી અને એક વૃદ્ધે ઉઠાવીને ફરી એ ખૂણામાં ઉભી કરી દીધી. અને જ્યારે આપને એની એની જાણ થઈ તો એ વૃદ્ધના મકાન પર પહોંચીને અસા ઉઠાવીને રાખવાની તકલીફ પર માફી ચાહી.

કોઈએ આપને હયાના વિશે પૂછયું તો આપે

એવા અસરકારક અંદાઝમાં હયાની ઓળખ આપી કે તે શખ્સ પાણી બનીને વહેવાનો શરૂ થઈ ગયો. એટલે તેનાં આંસુ વહેતાં થઈ ગયાં. આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર હું દજલા પર પહોંચ્યો તો પાણી જોશ મારતુ મારા સ્વાગત માટે આગળ વધ્યું, પરંતું મેં કહ્યું કે મને તારા સ્વાગત કરવાથી રજમાત્ર પણ ઘમંડ ન થશે અને હું મારી ત્રીસ વરસની રિયાઝતને તકબ્બુર કરીને કદાપિ બેકાર નથી કરી શક્તો, કેમ કે હું તો કરીમનો તાલિબ છું ન કે કરામતનો.

પછી ફર્માવ્યું કે મેં એકવાર એવો ખયાલ કર્યો કે અલ્લાહ તઆલા મને પત્નીઓના ભરણપોષણની પરેશાનીઓથી બચાવી રાખે. પરંતુ પછી ખયાલ આવ્યો કે એ સુન્નતે નબવીની વિરુદ્ધ છે, એ વિચારીને મેં દુઆ ન કરી અને એ જિમ્મેદારીને પોતાના માટે કાયમ રહેવા દીધી. અને અલ્લાહ તઆલાએ એટલી સહૂલત અતા કરી આપી કે મારી નજીક દીવાલ અને સ્ત્રીમાં કોઈ ફરક ન રહ્યો.

કોઈ ઈમામની પાછળ આપે નમાઝ પઢી લીધી અને નમાઝથી ફરાગત બાદ જ્યારે ઈમામે પૂછયું કે આપનો રોજીનો ઝરીયો શું છે ? તો આપે ફર્માવ્યું કે પ્રથમ હું મારી નમાઝની કઝા કરી લઉં પછી તને જવાબ આપીશ. અને જ્યારે તેણે પૂછયું કે નમાઝની કઝા કેમ કરો છો ? તો ફર્માવ્યું કે જે રોજી પહોંચાડનારાથી જ વાકેફ ન હોય તેની પાછળ નમાઝ દુરુસ્ત નથી.

આપ ફર્માવ્યા કરતા હતા કે મારાથી મુલાકાત કરવાવાળાઓમાંથી અમુકને રહ્‌મત હાંસલ થાય છે અને અમુકને લઅનત. કેમ કે જે લોકો મારી મદહોશીની હાલતમાં મુલાકાત કરે છે. તેઓ તો મારી હાલતથી પ્રભાવિત થઈને ગીબતમાં પડી જાય છે, અને ગીબતના કારણે લઅનતમાં સપડાય જાય છે. અને જે લોકો એ સમયે આવે છે જ્યારે મારા પર હક્કનો ગલ્બો હોય છે તો તેમને રહ્‌મત હાંસલ થાય છે. પછી ફર્માવ્યું કે કાશ ! કયામત જલ્દીથી આવી જાય કે જેથી હું જહન્નમની નજીક વસી જઉં અને મારા રોકાણના કારણે જહન્નમ ઠંડી પડી જાય જેથી જહન્નમવાસીઓને મારી જાતથી આરામ તથા સુકૂન હાંસલ થાય.

અમુક લોકોએ આપનાથી વર્ણન કર્યું કે હઝરત હાતિમ અસમ એવું કહે છે કે જે કયામતમાં જહન્નમવાસીઓની શફાઅત ન કરે તે મારો મુરીદ નથી. આપે ફર્માવ્યું કે જે મહેશરમાં જહન્નમના દરવાજા પર ઉભો રહીને અને જહન્નમવાળાઓને જન્નતમાં મોકલવા માટે પોતાને જહન્નમમાં ન ફેંકી દે તે મારો મુરીદ નથી. પછી કેટલાક લોકોએ પૂછયું કે જ્યારે આપને ફઝ્લો કમાલવાળા બનાવવામાં આવ્યા છે તો આપ મખ્લૂકને સીધા રસ્તા પર કેમ નથી ખેંચતા ? ફર્માવ્યું, જે પોતે જ મરદૂદે બારગાહ હોય તેને હું કેવી રીતે મકબૂલ બનાવી શકુ છું ! એકવાર આપ માથુ નીચુ કરીને ચિંતિત બેઠા હતા એવામાં એક બુઝુર્ગ આવ્યા. અને જ્યારે આપે માથુ ઉઠાવીને જોયું તો એ બુઝુર્ગે પૂછયું કે આપ ચિંતિત કેમ છો ? એ સાંભળતાં જ આપને એવો જોશ આવ્યો કે મિમ્બર સાથે ટકરાઈને બેહોશ થઈ ગયા. અને જ્યારે હોશ આવ્યો તો ફર્માવ્યું કે ન જાણે તારી એમાં શું મસ્લેહત છે કે મારા જેવું ગુમાન રાખનારાથી મઅરેફતનો દાવો કરાવી દીધો. *(ક્રમશઃ)*

Web: www.barkatekhwaja.net

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ઉર્સ : ૨૭ સફર

મુજાહિદે અકબર મુજદ્દિદે અલ્ફેષાની

# હઝરત શયખ અહમદ સરહિંદી رضی اللہ عنہ

:: રજૂકર્તા ::

મર્હૂમ ઇસ્માઇલ મુહમ્મદ હાફિઝ નબીપુરી

*સુરૂર અફઝા ફિઝા 'સરહિંદ'કી મઅલૂમ હોતી હૈ*
*યહાં કી ઝિંદગી મેં ઝિંદગી મઅલૂમ હોતી હૈ*

ફીરોઝશાહ તઘલખના સમયમાં પંજાબનું 'સરહિંદ' આબાદ થયું. અહીં ઉમ્મતના એક મહા માર્ગદર્શકનો જન્મ થયાની આગાહીઓ, તઘલખને તે જમાનાના મહાન બુઝુર્ગ હઝરત મખ્દૂમ જહાંનિયા જહાંગશ્ત رحمۃ اللہ علیہ એ કરેલી કે જે ફીરોઝશાહ તઘલખના પીરો મુર્શિદ હતા. પોતાના પીરો મુર્શિદના ઈશારે 'સરહિંદ શરીફ' આબાદ કરવાની કામગીરી તઘલખના વઝીર ખ્વાજા ફત્હુલ્લાહ તથા તેમના ભાઈ ઈમામ રફીઉદ્દીન رحمۃ اللہ علیہما ને સુપ્રત થતાં તેમણે ત્યાં આબાદીનું કામ અંજામ આપ્યું. એ પછી ત્યાંનો વહીવટ ઈમામ રફીઉદ્દીન સાહબને સુપ્રત કરી કેટલાયે ગામોની જાગીર બાદશાહે તેમને બખ્શિશ આપી. ઈમામ તેમની સાથે સહીહુન્નસબ ૨૭ કુરૈશી કુટુંબો અને હજારો પઠાણો લઈ ગયા અને 'સરહિંદ'ને કાયમી નિવાસ બનાવ્યું.

મુજદ્દિદ અલ્ફેષાનીના વાલિદ બુઝુર્ગવાર ઈમામ રફીઉદ્દીન સાહબની નસલના અને તેમના સજ્જાદાનશીન પણ હતા.

મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ એ જાહેરી તાલીમથી ફારિગ થઈ ચિશ્તિયા સિલસિલાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પોતાના વાલિદથી 'સુહરવર્દી' સિલસિલાની ખિલાફત હાંસલ કરી, કાદરી સિલસિલાની સંપૂર્ણતા હઝરત શયખ કમાલ કુથયલી رحمۃ اللہ علیہ થી સંપૂર્ણ ફર્માવી વાલિદની હયાતીમાં જ ચિશ્તી, કાદરી, સુહરવર્દી સિલસિલાઓ સબંધી ખાનકાહની ખિલાફત મુજદ્દિદ સાહબને જ સુપ્રત હતી.

મુજદ્દિદ સાહબનું ખાનદાની પેઢીનામુ બત્રીસ (૩૨) પેઢીએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને મળે છે. મુજદ્દિદે અલ્ફેષાની رضی اللہ عنہ નો જન્મ 'સરહિંદ શરીફ'માં ૧૪ શવ્વાલ હિ. ૯૭૧ જુમ્આની અડધી રાત્રીએ થયો હતો. આપનું નામ અહમદ અને અટક, અબુલ બરકાત, અને ઉપનામ બદરૂદ્દીન છે. સમજુ વયે પહોંચતાં જ આપે કુર્આન શરીફ હિફ્ઝ કરી, જાહેરી ઈલ્મ આપના વાલિદથી પ્રાપ્ત કરી, દર્સી કિતાબો સિયાલકોટ ખાતે હઝરત શયખ યાકૂબ કશ્મીરીથી બાળવયમાં જ સંપૂર્ણ કરી. તાલીમના સમય દરમિયાન આપે થોડાક રિસાલાઓ પણ લખ્યા. બાળપણમાં જ મુજદ્દિદ رضی اللہ عنہ હઝરત શાહ કમાલ رضی اللہ عنہ થી 'બયઅત' થયા. પોતાના વાલિદ તરફથી 'ચિશ્તિયા' સિલસિલાની બરકતો પ્રાપ્ત જ હતી. આરંભમાં આપને હજ્જ તથા ઝિયારતે નબવીનો અનહદ શોખ હતો, પરંતુ આપના વાલિદ સાહેબ એક પળ માટે પણ આપને અલગ જોવા ખુશી ન હોવાથી હિ. ૧૦૦૮માં વાલિદની વફાત પછી હજ્જના ઈરાદે રવાના થયા પરંતુ દિલ્હી પહોંચ્યા ત્યારે હઝરત ખ્વાજા બાકી બિલ્લાહની બુઝુર્ગીની ખ્યાતિ સાંભળતાં તેમની ખિદમતમાં રહી પડયા અને સફરનો ઈરાદો માંડી વાળ્યો અને થોડાક જ સમયમાં મુરાદોના દામનથી ભરપુર થઈ સ્વ વતન (સરહિંદ) પાછા ફર્યા અને રૂશ્દો હિદાયતના આસને બિરાજ્યા.

આ તે સમય હતો કે જ્યારે અકબર બાદશાહે ''દીને ઈલાહી''નો પાયો નાખ્યો હતો. તેણે હુકમ આપ્યો કે *લાઈલાહ ઈલ્લલ્લાહ* સાથે લોકો *અકબર ખલીફતુલ્લાહ* કહ્યા કરે, પોતાને સિજદો કરાવતો, સુવ્વર તથા કૂતરાને નાપાક ન સમજવામાં આવતુ, શરાબ, જૂગારની છૂટ આપી દીધી હતી, વગેરે ઘણી બાબતો એમાં ઈસ્લામ વિરુદ્ધ હતી. તેણે હિંદુ જેવી રસમોથી સુલેહકુલ્લી નવો ધર્મ ઉભો કર્યો હતો. આ પ્રસંગે મુજદ્દિદે અલ્ફેષાનીએ અકબરના નિકટવર્તીઓને ચેતવણી આપતાં ફર્માવ્યું કે, બાદશાહ અલ્લાહ અને તેના રસૂલનો બાગી થઈ ગયો છે, બેહતર છે કે તે આ મુલ્હિદપણાથી તૌબા કરે, નહીં તો અલ્લાહના ગઝબની રાહ જુએ. અકબરે આપનો આ પયગામ ટાળી દીધો અને પોતાના

Web: www.barkatekhwaja.net

નવા ધર્મની સફળતા માટે એક ખાસ દરબાર ભર્યો. હઝરત મુજદ્દિદ સાહબને પણ આમંત્રણ પાઠવ્યું. અલ્લાહ તઆલાએ દીને હનીફની તાઈદ માટે અકબર તથા તેના દરબાર પર આંધી અને તોફાન લાવી દઈ તેનાથી દરબારનો બધો સાજ શણગાર માટીમાં મળી ગયો. તેના તંબૂની એક લાકડી અકબરના હાથ પર પડતાં તે ઝખ્મી થઈ ગયો.

અકબર પછી જહાંગીર ગાદીએ આવતાં મુજદ્દિદ સાહબ رضی اللہ عنہ વિરૂદ્ધ જાતજાતની સાઝિશો થવા માંડી. આ પ્રસંગે જહાંગીરે મુજદ્દિદ સાહબને પોતાના દરબારમાં નોતર્યા અને આપથી થોડીક પ્રશ્નોત્તરી કરી. આપે તેના ખૂબ જ સંતોષકારક જવાબ આપવાથી જહાંગીર ચુપ થઈ ગયો. પરંતુ વિરોધી શરારતીઓ થોભ્યા નહીં અને જહાંગીરને ઉલ્ટુ સુલ્ટું સમજાવી એમ કહ્યું કે, મુજદ્દિદ તમારા દ્રોહી છે, તમને સિજદો કરવાથી લોકોને મના કરે છે. જ્યારે મુજદ્દિદ સાહેબ દરબારમાં તશરીફ લાવ્યા ત્યારે શાહી આદાબ બજાવવા (સિજદો કરવા) માગ થતાં આપે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો પરિણામે શરારતીઓની ચઢી વાગી અને જહાંગીરે આપને જેલમાં મોકલી આપ્યા.

મુજદ્દિદ رضی اللہ عنہ જ્યારે જેલમાં હતા ત્યારે જહાંગીરની દીકરી ખ્વાબમાં હુઝૂર સરવરે કૌનૈન ﷺના દીદારથી મુશર્રફ થઈ અને જોયું તો સરકાર, મુજદ્દિદની કેદથી જહાંગીર પર સખત ખફા છે. સવારે જહાંગીરને ખ્વાબનું વર્ણન કરવામાં આવતાં તેણે મુજદ્દિદ સાહબને એક પત્ર લખ્યો. મુજદ્દિદ સાહબે કેટલીક શરતો રજૂ કરી. જહાંગીરે જ્યાં સુધી શરતોનો સ્વીકાર ન કર્યો ત્યાં સુધી મુજદ્દિદ رضی اللہ عنہ જેલમાંથી બહાર ન આવ્યા. જહાંગીર હઝરતના અખ્લાક઼ તથા તાલીમ પર વારી ગયો. તેને એક દિવસે હઝરતના દસ્તરખ્વાન પર ખાણુ લેવાનું ભાગ્ય સાંપડયું. ખાણુ સાદુ હતું, પરતુ જહાંગીરે ઘણા શોખથી ખાધું અને કહ્યું, મને આજ સુધી આવું ખાણુ નસીબ થયું નથી. તે છેલ્લી ઉમરમાં કહ્યા કરતો હતો કે, મેં જિંદગીમાં એવું કોઈ કાર્ય નથી કર્યું કે નજાત મુક્તિ મેળવું, હા ! એક દિવસ હઝરત શયખ અહમદ સરહિંદી رضی اللہ عنہએ ફર્માવ્યું હતું કે, અલ્લાહ તઆલા અમને જન્નતમાં લઈ જશે તો અમે તારા વગર નહીં જઈએ.

આપ સુન્નતના ખૂબ જ પાબંદ હતા અને ફર્માવતા હતા કે, આ યુગમાં ઘણા ફિસ્કો ફુજૂર પેદા થઈ ગયા છે એટલે સુન્નતની પયરવી વગર નબવી માર્ગ મળવો કઠિન છે. બેકાર વાતો સાંભળતા નહીં. ખાણુ ખાયા પછી દુઆ ફર્માવતા. નબવી તરીકા મુજબ આરામ કરતા. નમાઝોની સમયસર પાબંદી ફર્માવતા, જુમ્આની રાત્રિએ તથા દિવસોએ દુરૂદ શરીફ ખૂબ પઢતા. આપ ફર્માવતા હતા કે લોકો મોટી મોટી રિયાઝતો અને મુજાહિદાઓની ખ્વાહિશો ધરાવે છે પરંતુ તેઓ એ જાણતા નથી કે નમાઝની ચીવટપૂર્વક કાળજી કેટલી જરૂરી છે. અને ફર્માવતા નમાઝના આદાબથી વધીને કોઈ રિયાઝત કે ઈબાદત નથી. આપ ફર્માવતા હતા કે, મને જે મળ્યું છે તે સુન્નતે નબવીની તાબેદારીથી મળ્યું છે. આપ રમઝાન શરીફના છેલ્લા દસ દિવસોમાં એ'તેકાફ કરતા હતા. જુમ્આની નમાઝ જુમ્આ મસ્જિદમાં અને ઈદની ઈદગાહમાં અદા ફર્માવતા. તરાવીહની નમાઝમાં ત્રણ કુર્આન ખતમ ફર્માવતા.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہની ઉમર શરીફ જ્યારે ચોસઠ વર્ષની થઈ ત્યારે આપ બીમાર થયા અને હિ.સ. ૧૦૬૪ના સફર મહિનાની ૨૯મી તારીખે રવિવારે આપનો ઈન્તેક઼ાલ થયો. 'સરહિંદ' શરીફમાં આપનો મઝાર શરીફ છે અને ત્યાં આપના આશિક઼ો, ચાહકો, મુરીદો ખુલફાઓ તથા માગનારાઓની હમેશાં ઠઠ જામેલી હોય છે. પ્રતિ વર્ષ સફર માસની ૨૭, ૨૮ તારીખોએ આપનો ઉર્સ મુબારક ઘણી જ પાકીઝગી અને સંજીદગીથી ઉજવાય છે અને સરહિંદ શરીફમાં આપનો આસ્તાનો જન્નતી વાતાવરણરૂપ છે.

*સુકૂને ક઼લ્બે મુઝતર હૈ નિશાને રૂહ પરવર હૈ,*
*હક઼ીક઼તમેં યહ જન્નતકી ગલી માલૂમ હોતી હૈ*
*યહાં કા ઝર્રા ઝર્રા દે રહા હૈ દર્સે રૂહાની*
*સુકૂને ક઼લ્બકી સી ખામોશી મા'લૂમ હોતી હૈ*

*(હવાલો : ઉર્દૂમાં લેખક : હઝરત મૌલાના અબૂ દાઊદ મુહમ્મદ સાદિક રحمۃ اللہ علیہ, પાકિસ્તાન)*

Web:-www.barkatekhwaja.net

# આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની

## ભલી આદતો તથા નેક સોચ

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)

બુઝુર્ગોને દીનની જિંદગી આપણા માટે અનુસરણીય હોય છે કે જે માર્ગે ચાલીને ઈન્સાન જન્નતી બની જાય છે, તેમજ દુનિયવી આફતોથી પણ સુરક્ષિત રહે છે. આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ મહાન ફક઼ીહ, મુફસ્સિર, મુહદ્દિષ, મુદબ્બિર, મુહક્કિક઼... વગેરે અગણિત ખૂબીઓના માલિક હોવાની સાથોસાથ એક મહાન વલી પણ હતા. આપની જિંદગીની રોજનીશી, રાત દિવસના આપના અમલો શું હતા એને ટૂંકાણમાં જાણીએ અને તેના પર શક્ય તે અમલ કરવાની કોશિશ કરીએ જેનાથી આપણી દુનિયા, ક઼બ્ર તથા આખેરત નૂરાની બની જાય. આજે મોઢાના વાઘ બનીને ઘણા લોકો ''મસ્લકે આ'લા હઝરત''ના નારા તો ખૂબ મારે છે પણ એમાં ઘણા બધા એવા પણ છે કે તેમનો દીદાર તથા કરતૂતો જોતાં તે મુસલમાન છે કે કેમ તે પણ ખબર પડતી નથી ! તો ખરેખર આ'લા હઝરતને ચાહતા હોવ તો આ'લા હઝરતની ભલી આદતોનો અભ્યાસ કરો અને તેને અનુસરી જિંદગીને સુકૂન તથા નૂરાનિયતથી ભરી દો.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના નિત્ય ક્રમમાંથી અમુક બાબતો નીચે વર્ણવીએ છીએ :–

૦૧. અસરની નમાઝ બાદ ઉનાળાની ઋતુમાં સામાન્યતઃ ફાટક (ઘરના બહારી ગેટ) પર તશરીફ રાખતા અને મેહફિલમાં હાજરજનોને પોતાની મુબારક (દીની) વાતો થકી ફૈઝયાબ કરતા.

૦૨. ઠંડી ઋતુમાં અસર બાદ એ'તેકાફની નિય્યત કરીને મસ્જિદમાં બેસતા અને ઉચ્ચ વાણી (મલ્ફૂઝાત) વડે લોકોને સંબોધન કરતા અને સાંભળનારા પણ એ'તેકાફની નિય્યતથી મૌજૂદ રહેતા.

૦૩. જુમ્આના દિવસે નિયમ હતો કે જુમ્આની નમાઝ બાદ ફાટકમાં બેસતા.

૦૪. મગરિબની નમાઝ અદા કરીને ઝનાના ખાના (પર્દાનશીન ઔરતોને રહેવાની જગા)માં તશરીફ લઈ જતા.

૦૫. પાંચેવ વખત જમાઅત સાથે નમાઝ માટે મસ્જિદમાં હાજર થતા. આખર ઉમરમાં બે માણસો ટેકો આપી લઈ જતા. એકવાર કોઈ ન હતું તો ઘસડાતા ઘસડાતા મસ્જિદે પહોંચી જમાઅતમાં શરીક થયા.

૦૬. નમાઝના સમયો સિવાય જ્યારે આપ પોતાના ઘરમાં હાજર હોતા તો જો શહેર કે શહેર બહારથી કોઈ સાહબ મળવા હાજર થતા અને ખબર કરવામાં આવતી તો તરત જ બહાર તશરીફ લાવતા.

૦૭. જો કોઈ આપની દા'વત કરતો તો તેના દિલને ખુશ કરવા માટે જરૂર તેને ત્યાં તશરીફ લઈ જતા અને ખાવા પણ ખાતા, ભલે તે ખાણુ આપના પરહેઝની પણ વિરુદ્ધ હોતું.

૦૮. જ્યારે બિસ્તર પર આરામ કરતા તો બિલ્કુલ મુહમ્મદ (محمد) શકલમાં સૂતા. એટલે જમણા પાસા પર બંને હાથ કોણીઓથી વાળીને માથા તરફ રાખતા જેનાથી મીમ (م) તથા હ઼ા (ح)નો નક઼શો બની જતો, અને કમર બીજી મીમની જેમ અને મુબારક પગો ઘુટણોથી વાળીને રાખતા કે દાલ (د)ની શકલ બની જતી.

Web: www.barkatekhwaja.net

૦૯. કદી ઠઠ્ઠા મારીને (અટ્ટહાસ્ય) ન હસતા, હમેશાં એવા સમયે કેવળ સ્મિત કરતા.

૧૦. બગાસુ આવવા પર આંગળી દાંતોમાં દબાવી લેતા અને કોઈ અવાજ ન કાઢતા.

૧૧. કુલ્લી કરતી વખતે ડાબો હાથ દાઢી મુબારક પર રાખીને ઝુકતા અને પાણી ફેંકતા.

૧૨. કદી કિ઼બ્લાની તરફ ન થૂકતા.

૧૩. કિ઼બ્લા તરફ કદી પગો ન ફેલાવતા.

૧૪. ફર્ઝ નમાઝ અમામા સાથે અદા કરતા.

૧૫. લોખંડનો ક઼લમ કદી ન વાપરતા.

૧૬. ખત બનાવતી વખતે (હજામ પાસે) પોતાનો જ કાંસકો અને આઈનો વાપરતા.

૧૭. પાબંદીની સાથે મિસ્વાક કરતા.

૧૮. એક પગ બીજા પગની પલાઠી (ઘુટણ) પર રાખીને ન બેસતા બલ્કે એને નાપસંદ કરતા.

૧૯. આપના બેસવાનો તરીક઼ો સામાન્યતઃ લખતી તથા પઢતી વખતે એ હતો કે બંને પગો સમેટીને બંનેવ ઘુટણો ઉઠાવીને રાખતા, અથવા તો જમણો ઘુટણ ઉઠાવેલો રહેતો અને બીજો બિછાવેલો રહેતો. ક્યારેક એવું પણ થતું કે જરૂરતના સમયે ડાબો ઘુટણ ઉઠાવતા તો જમણો બિછાવી લેતા હતા.

૨૦. ઝિક્રે મીલાદ શરીફની મજલિસમાં શરૂથી છેવટ સુધી અદબના તૌર પર બંને ઘુટણો વાળીને જ બેઠેલા રહેતા અને વઅઝ પણ એ રીતે બેસીને કરતા.

૨૧. અઠવાડિયામાં બે વાર જુમ્આ તથા મંગળવારે લિબાસ બદલતા. હા ! જો જુમેરાતે ઈદે મીલાદુન્નબી ﷺ અથવા ઈદનો દિવસ હોય તો એ દિવસે પણ આપ લિબાસ બદલી નાખ્યા કરતા હતા.

૨૨. આપનુ રસ્તામાં ચાલવું એટલી આહિસ્તગી સાથે હતું કે સામાન્ય રીતે લોકોને આપના ચાલવા ફરવાનો એહસાસ જ ન થતો.

૨૩. બારગાહમાં હાજર રહેનારાઓનું કહેવું છે કે આપ ઝનાનખાનાથી નીકળીને પૂરો વરંડો પાર કરીને બહાર વરંડાના દરવાજામાં તશરીફ લઈ આવતા અને અમને આપની આહટ પણ મહેસૂસ ન થતી કે આપ પોતે જ આવીને સલામ કરતા તો અમે ખબરદાર થતા.

૨૪. આપ મસ્જિદમાં નમાઝથી ફારિગ થઈને ફાટકની તરફ તશરીફ લઈ જતા તો અમામો ઉતારીને બગલમાં દબાવી લેતા અને ધીરે ધીરે ક઼દમ ઉઠાવતા ઉઠાવતા ચાલતા. એવું જણાતુ હતું કે આપ દરેક ક઼દમ પર કાંઈક પઢતા પઢતા જઈ રહ્યા છે. નિગાહો મોટાભાગે નીચી રહેતી હતી પણ કદીક સામે પણ જોઈ લીધા કરતા હતા.

૨૫. મસ્જિદમાં હમેશાં જમણો પગ પહેલાં રાખતા. જનાબ સૈયદ ઐયૂબ અલી સાહબનું બયાન છે કે એક દિવસ ફજરનો ફરીઝો અદા કરવા માટે નિયમની વિરુદ્ધ અમુક અંશે હુઝૂરને મોડુ થઈ ગયું. નમાઝીઓની નજરો વારંવાર કાશાનાએ અક઼દસની તરફ ઉઠી રહી હતી એવામાં જલ્દી જલ્દી તશરીફ લાવ્યા. એ વખતે મારા ભાઈ ક઼નાઅત અલીએ પોતાનો એ ખયાલ મને કહ્યો કે આ તંગ સમયમાં જોવાનું એ છે કે હુઝૂર સીધો ક઼દમ મસ્જિદમાં રાખે છે કે ડાબો ! પણ કુર્બાન એ ઝાતે કરીમ પર કે મસ્જિદના દરવાજાના પગથિયા પર જે વખતે ક઼દમ પહોંચે છે તો સીધો, મસ્જિદની જૂની ફર્શ પર ક઼દમ પહોંચે છે તો સીધો, આગળ મસ્જિદના સહનમાં એક સફ બિછાવેલી હતી એના પર ક઼દમ પહોંચે છે તો સીધો! અને એના પર બસ નહીં, બલ્કે દરેક સફ પર સીધા પગથી આગળ વધ્યા, ત્યાં સુધી

Web.: www.barkatekhwaja.net

મેહરાબમાં મુસલ્લા પર કદમે પાક સીધો જ પહોંચ્યો.

૨૬. મસ્જિદથી બહાર આવતી વખતે પ્રથમ ડાબો પગ બહાર કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, એટલા માટે આપ એ મોકો પર ડાબો પગ ડાબા પગના જોડાના ઉપરના ભાગે રાખીને જમણા પગમાં પ્રથમ જોડો પહેરતા પછી ડાબામાં પહેરતા.

૨૭. જાજરૂમાં દાખલ થતી વખતે અસા મુબારક બહારની બાજુ ઉભો કરીને જતા, કદાચ એમાં બે મસ્લેહતો સમાયેલી હતી : એક તો એ કે બીજો શખ્સ આવવા ન પામે. બીજુ કે અસા મુબારક મસ્જિદમાં સાથે રહેતો હતો, બલ્કે તેના સહારાથી નમાઝમાં કયામ કરતા, એટલા માટે કાળજીથી રાખતા. والحمدللہ

૨૮. ટોયલેટ તથા ઈસ્તિન્જા (જાજરૂ) કરવા સિવાય આપના દરેક કાર્યની શરૂઆત જમણી બાજુથી થતી હતી. જેમ કે અમામા મુબારકનો શિમ્લો જમણા ખભા પર રહેતો, અમામા મુબારકના પેચ (આંટા) જમણી બાજુ થતા, અમામા મુબારકનું બંધન એ રીતે થતું કે ડાબા હાથ મુબારકથી વીંટો આપતા અને જમણો હાથ મુબારક પેશાની પર પેચની પકડ કરતો હતો.

૨૯. જુમ્આની નમાઝના માટે જે વખતે તશરીફ લાવતા તો મસ્જિદની ફર્શ પર કદમ રાખતાં જ હાજર રહેલાઓને સલામમાં પહેલ કરતા. અને એના પર જ બસ નહીં બલ્કે જે દરજામાં આવતા સલામમાં પહેલ કરતા. એની પણ આંખો સાક્ષી છે કે મસ્જિદના દરેક દરજામાં મધ્યના દરવાજાથી દાખલ થતા રહેતા. ભલે આસપાસના દરવાજાઓથી દાખલ થવામાં સહૂલત હોય. તેમજ કેટલીકવાર અવરાદો વઝાઈફ મસ્જિદમાં જ ધીરે ધીરે દક્ષિણ કે ઉત્તર ચાલતા રહી પઢયા કરતા પણ મસ્જિદની ફર્શના છેડેથી વાપસી હમેશાં કિબ્લા રૂ થઈને જ થતી. કદી પીઠ કરતા કોઈએ નથી જોયા.

૩૦. બિસ્મિલ્લાહ શરીફના અદદો (અંકો) (૭૮૬) સામાન્યતઃ લોકો જ્યારે લખે છે તો શરૂઆત ૭ થી કરે છે પછી ૮ લખે છે ત્યાર બાદ ૬ લખે છે. પણ આ'લા હઝરત પ્રથમ ૬ લખતા પછી ૮ પછી ૭ લખતા. એ જ પ્રમાણે તાવીઝ (નકશા)માં લીટીઓ સીધી બાજુથી જ એટલા જે બાજુ ૭૮૬ છે એ બાજુથી નીચેની બાજુ ગડી કરતા રહી લાવતા પછી જમણી બાજુથી માદરીયાના રૂપમાં કરી દેતા.

**એક બોધદાયક પ્રસંગ :** આ'લા હઝરતે હમેશાં માલી કુર્બાનીઓ પેશ કરી છે. એનાં અનેક દૃષ્ટાંતો છે. નાના લેખમાં સર્વ વાતો સમાવવી શક્ય નથી. કેવળ એક પ્રસંગ રજૂ કરીએ છીએ. આપના ભત્રીજા મૌલાના હસ્નૈન રઝાખાં લખે છે :

આપના ઈષાર (ત્યાગવૃત્તિ)ના દષ્ટાંત રૂપે જાયદાદની વહેંચણીનો મામલો પણ છે. એનો સંક્ષિપ્ત બનાવ એ છે કે એક દિવસે આપના પિતા મૌલાના નકી અલીખાંએ પોતાના જાયદાદ (મિલ્કત) પોતાના પુત્રોની વચ્ચે પોતાની હયાતીમાં વહેંચણી કરવાનો ઈરાદો કર્યો અને આ'લા હઝરતનાં વાલિદા માજિદા (માતા)ને એક કાગળ પર લખીને આપ્યું જેમાં એ વાતની સ્પષ્ટતા હતી કે બે ગામો બંનેવ નાના પુત્રો એટલે મોલ્વી હસન રઝા તથા મોલ્વી મુહમ્મદ રઝાના માટે અને બાકીના સર્વ ગામો આ'લા હઝરતના માટે. એને આ'લા હઝરત સામે જ્યારે રજૂ કરવામાં આવ્યું તો આપની આંખોમાં આંસુ આવી ગયાં અને વાલિદાને અર્ઝ કરી, મને આ વાતો મંઝૂર નથી. હું મારા ભાઈઓને મારા પ્રતિ દસ્તેનિગર (હાજતમંદ)

Web: www.barkatekhwaja.net

બનાવવા નથી ચાહતો. વાલિદ સાહબ સુધી જ્યારે આ વાત પહોંચી તો તેમણે આ'લા હઝરતના વાલિદાને કહ્યું, હું જોઈ રહ્યો છું કે અમન મિયાં (આ'લા હઝરત) દીનની ખિદમતમાં વ્યસ્ત રહેશે. તેમને દુનિયા કમાવાનો મોકો જ મળશે નહીં. અને આ બંનેવ ભાઈ દુનિયા કમાઈને પોતાની આવકમાં વધારો કરી લીધા કરશે જે એમના ગુજારા માટે પૂરતો હશે. જ્યારે આ'લા હઝરત કોઈ રીતે રાજી ન થયા તો પિતાએ બીજુ લખાણ તૈયાર કર્યું જેમાં કુલ જાયદાદનું અડધુ આ'લા હઝરત માટે અને બાકી અડધો હિસ્સો બંનેવ પુત્રો માટે, અને ફર્માવ્યું કે અમન મિયાંને કહી દો કે હું બાપ હોવાના નાતે તમને એ હુકમ આપુ છું કે એને માની લો. સારાંશ કે રજીસ્ટ્રેશન થઈ ગયું અને થોડાક સમય બાદ વાલિદ સાહબનો ઈન્તેકાલ થઈ ગયો.

આ'લા હઝરતે પોતાનાં વાલિદાને અર્ઝ કરી, હવે તમો એવું કરો કે ઘરમાં જે પણ બચત હોય એના વડે જાયદાદ ખરીદીને બંનેવ ભાઈઓના નામે કરતાં રહો જેથી મારી અને તેમની જાયદાદ સરખી થઈ જાય. સારાંશ કે એક જમાના સુધી એવું થતુ રહ્યું. બંને નાના ભાઈઓ તે વખતે એ ઉમરના હતા કે આ વહેંચણીની બાબતમાં સમજતા પણ ન હતા અને નાના ભાઈ મુહમ્મદ રઝા તો બાળક હતા. (આવા સમયે મોટાભાઈઓ નાના ભાઈઓ સાથે કેવો વર્તાવ કરતા હોય છે તે આપણા સમાજમાં આપણે જાણીએ છીએ ! ત્યાગભાવનાનું આવું દૃષ્ટાંત હવે જવલ્લે જ મળી શકે !)

**આપની સખાવત** : આપની સખાવતના પણ ઘણા બનાવો છે તેમાંથી એક પ્રસંગ જુઓ કે એકવાર એક જરૂરતમંદ હાજર થયા અને સવાલ કર્યો. આપે ફર્માવ્યું કે અત્યારે મારી પાસે કેવળ સાડા ત્રણ આના છે અને તે પણ અમુક પત્રોના જવાબ માટે રાખેલા છે, જો તમે કહો તો હાજર કરી દઉં. જો કે આજની ટપાલમાં એક મની ઓર્ડર ૨૫૦/– રૂા. નો આવ્યો હતો તે સૌ વહેંચી દેવામાં આવ્યા, તમે વહેલા આવત તો તમને પણ મળી જાત. તે બીચારાએ આંખોમાં આંસુ લાવીને નજર નીચી કરી લીધી. તો આપે તે સાડા ત્રણ આના તેમના હવાલે કરી આપ્યા.

મલિકુલ ઉલમા મૌલાના ઝફરૂદ્દીન બિહારી رحمۃ اللہ علیہ ખુદ વર્ણવે છે કે અમે ક્યારેક રમઝાનની છૂટ્ટીઓમાં બરેલી શરીફમાં રહી જતા અને ઈદમાં પોતાના ઘરે ન જતા, તો આ'લા હઝરત પોતાના સર્વ અઝીઝોને ઈદી વહેંચતા ત્યારે મૌજૂદ તલબાને પણ એનાયત કરતા. એમાં મારા ઉપરાંત અન્ય તલબા પણ રહેતા.

મક્કા મુકર્રમાથી આ'લા હઝરત પાસે એક પત્ર આવ્યો કે મારી બે પુત્રીઓની શાદીઓ છે એના માટે આપ મદદ કરો ! આ'લા હઝરત ફર્માવે છે કે મેં વિચાર્યું કે બંને પુત્રીઓની શાદીના માટે એક હજાર રૂપિયા પૂરતા થશે. જેથી આપે "શજરએ ઝર"નો અમલ કર્યો. આ અમલ હુઝૂર સરકારે નૂર, શાહ અબુલ હસન અહમદ નૂરી મિયાં قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ડાયરીમાંથી મળ્યો હતો. એ અમલ ૪૦ દિવસનો હતો. ચાલીસમા દિવસે ફારિગ થઈને આપ બેઠા હતા એવામાં આપના મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ હઝરત મૌલાના હામિદ રઝા આવ્યા અને બાંધેલો રૂમાલ પેશ કર્યો. અને કહ્યું કે એક સાહબ મળવા માટે આવ્યા હતા તો મેં કહ્યું, અત્યારે આપ ઉપરના માળે કામમાં વ્યસ્ત છે, તમો બીજા સમયે આવજો. તેમણે મને આ રૂમાલની પોટલી આપી છે કે આપને પહોંચાડી આપું અને જતા રહ્યા. જ્યારે ખોલીને જોવામાં આવ્યું તો એમાં એક હજારથી કાંઈ વધુ રકમ હતી. વિચાર્યું કે વધારે કેમ છે ? તો તરત જ ખયાલ આવ્યો કે મક્કા મુકર્રમા સુધી પહોંચાડવાનો ખર્ચ છે. જેથી તે રકમ મક્કા શરીફ રવાના કરી આપી. આ'લા હઝરત ફર્માવે છે કે ફરીથી મેં એ અમલ નથી કર્યો કેમ કે એમાં તવક્કુલમાં ફરક આવે છે.

*(જહાને ઈમામ અહમદ રઝા, અઝ : મૌલાના હનીફ રઝવી–બરેલી શરીફમાંથી સાભાર)*



www.barkatekhwaja.net

# કોના માટે ફરિશ્તા મગફિરતની દુઆ કરે છે ?

**અઝ : બશારત અલી સિદ્દીકી અશરફી હૈદ્રાબાદી**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

પ્યારા દીની ભાઈઓ બહેનો ! દરેક મો'મિનની એ દિલી ખ્વાહિશ હોય છે કે રબ તબારક વ તઆલા તેની મગફિરત કરી આપે. તો એ કયાં કામો છે કે જેના થકી અલ્લાહના માસૂમ ફરિશ્તાઓ તેના માટે મગફિરતની દુઆ કરે. અને યકીનન ! ફરિશ્તાઓની દુઆ રબ તઆલા જરૂર કબૂલ ફર્માવે છે. તો સાચે જ તમો તમારી મગફિરત ચાહતા હોઉ તો નીચે દર્શાવેલ હદીષોનો અભ્યાસ કરો અને જે તે કામો કરતા રહી પોતાની મગફિરતનો સામાન કરતા ચાલો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺનાં સદકામાં આપ علیہ الصلوٰۃ والسلامનાં ફર્માનોને અનુસરવાથી જરૂર આપણી મગફિરત ફર્માવી આપશે.

## ★ કિતાબમાં દુરૂદ લખવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જેણે કોઈ કિતાબમાં મારા પર દુરૂદે પાક લખ્યું તો જ્યાં સુધી મારું નામ એ કિતાબમાં રહેશે ત્યાં સુધી **ફરિશ્તા એના માટે મગફિરતની દુઆ કરતા રહેશે.** *(મોઅજમે અવસત, હદીષ : ૧૮૩૫)*

## ★ સરકાર દો આલમ ﷺ પર દુરૂદ પઢવાની ફઝીલત ★

હઝરત સૈયદુના આમિર બિન રબીઆ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બંદો જ્યાં સુધી મારા પર દુરૂદ પઢતો રહે છે તો **ફરિશ્તા તેના માટે મગફિરત કરતા રહે છે.** હવે બંદાની મરજી કે ઓછુ પઢે કે વધારે !

*(મુસ્નદે અબૂ દાઊદ અલ્તયાલ્સી, હદીષ : ૧૨૩૮)*

## ★ રમઝાન મુબારકમાં ઈબાદતનો સવાબ ★

હઝરત સૈયિદુના અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે રમઝાનની પહેલી રાત આવે છે તો આસ્માનોના દરવાજા ખોલી દેવામાં આવે છે અને અંતિમ રાત સુધી તેમાંથી કોઈ દરવાજો બંધ નથી કરવામાં આવતો. અને જે બંદો આ મહિનાની કોઈ રાતમાં નમાઝ પઢે છે તો અલ્લાહ جل جلالہ તેના માટે દરેક સજદાના બદલામાં પંદરસો (૧૫૦૦) નેકીઓ લખે છે અને તેના માટે જન્નતમાં લાલ યાકૂતનું એક ઘર બનાવી દે છે જેના સાઈઠ હજાર દરવાજા હોય છે અને દરેક દરવાજા પર સોનાનું પાણી ચઢાવેલ હોય છે અને તેના પર લાલ યાકૂત જડેલો હોય છે. જ્યારે બંદો રમઝાનના પહેલા દિવસનો રોઝો રાખે છે તો તેના પાછલા રમઝાનના પ્રથમ દિવસના રોઝા સુધીના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. અને **તેના માટે દરરોજ સિત્તેર હજાર ફરિશ્તા ફજરની નમાઝથી મગરિબ (સૂર્યાસ્ત) સુધી મગફિરતની દુઆ કરતા રહે છે.** અને તેને રમઝાનના દરેક દિવસ અને દરેક રાતમાં સજદો કરવા પર જન્નતમાં એક એવું ઝાડ અર્પણ કરવામાં આવે છે જેના સાયામાં કોઈ સવાર સો વરસ સુધી ચાલતો રહે. *(શોઅબુલ ઈમાન, ફઝાઈલે શહરે રમઝાન, બાબુફીસ્સિયામ, હદીષ : ૩૩૬૨)*

## ★ રોઝાદારની ફઝીલત ★

હુઝૂર સૈયિદુના બુરૈદા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને હઝરત સૈયિદુના બિલાલ

Web : www.barkatekhwaja.net

رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા કે, હે બિલાલ ! આવો, નાશ્તો કરીએ ! તો હઝરત સૈયિદુના બિલાલ رضی اللہ عنہએ અર્ઝ કરી, રોઝો રાખ્યો છે. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આપણે આપણુ રિઝ્ક઼ ખાય રહ્યા છીએ અને બિલાલ رضی اللہ عنہનું રિઝ્ક઼ જન્નતમાં વધી રહ્યું છે. પછી ફર્માવ્યું, હે બિલાલ ! શું તમને ખબર છે કે જેટલી વાર સુધી રોઝાદાર સામે ખાણુ ખાવામાં આવે છે તો તેના હાડકાં તસ્બીહ કરે છે અને **ફરિશ્તા એના માટે મગફિરતની દુઆ કરતા રહે છે.**

*(સુનને ઈબ્ને માજહ, કિતાબુસ્સિયામ, હદીષ : ૧૭૪૯)*

## ★ તાલિબે ઈલ્મની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે : જે અલ્લાહ جل جلالہના માટે ઈલ્મ શીખવા નીકળે છે તો અલ્લાહ عزوجل તેના માટે જન્નતનો દરવાજો ખોલી આપે છે, અને **ફરિશ્તાઓ એના માટે પોતાની પાંખો બિછાવી દે છે** અને **આસ્માનના ફરિશ્તા** તથા **સમુદ્રની માછલીઓ** તેના માટે **ઈસ્તિગફાર (મગફિરતની દુઆ)** કરે છે. વધુમાં ઈર્શાદ ફર્માવ્યું, આલિમને આબિદ પર એવી ફઝીલત હાંસલ છે જેવી કે ચૌદમી રાતના ચાંદને આકાશના તારાઓ પર.

*(શોઅબુલ ઈમાન, બાબુ ફી તલબુલ ઈલ્મ, હદીષ : ૧૫૭૪)*

## ★ ઈલ્મની શોધમાં નીકળેલાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે : જે ઈલ્મની તલાશમાં કોઈ માર્ગે ચાલે છે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતના માર્ગને સરળ કરી આપે છે. અને **બેશક ! ફરિશ્તા તાલિબે ઈલ્મના અમલથી ખુશ થઈને તેના માટે પોતાની પાંખો બિછાવી દે છે.** અને બેશક ! **જમીન તથા આસ્માનમાં રહેનારાઓ ત્યાં સુધી કે પાણીમાં માછલીઓ આલિમે દીનના માટે મગફિરતની દુઆ કરે છે.** અને આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે ચૌદમી રાતના ચાંદની અન્ય તારાઓ પર. બેશક ! આલિમો નબીઓના વારસો છે. બેશક ! અંબિયા علیہم السلام દિરહમ તથા દીનારના વારસા નથી બનાવતા બલ્કે તે નુફૂસે કુદ્સિયા علیہم السلام તો કેવળ ઈલ્મના વારસ બનાવે છે. તો જેણે એને હાંસલ કરી લીધો તેણે મહાન હિસ્સો પામી લીધો.

*(સુનને ઈબ્ને માજહ, કિતાબુસ્સુન્નહ, હદીષ : ૨૨૩)*

## ★ એક મો'મિનની બીજા મો'મિન સાથે મુલાકાતની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબૂ રઝીન ઓક઼ૈલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું કે : હે અબૂ રઝીન ! મુસલમાન જ્યારે પોતાના મુસલમાન ભાઈને મળે છે અને પછી જ્યારે તે એને વિદાય કરે છે તો **સિત્તેર હજાર ફરિશ્તા તેના માટે મગફિરતની દુઆ કરે છે** અને અર્ઝ કરે છે : હે અલ્લાહ ! جل جلالہ જેવી રીતે એણે તારા માટે મુલાકાત કરી તું પણ તેને તારો કુર્બ (નઝદીકી) અતા કર.

*(મજમઉઝ્ ઝવાઈદ, કિતાબુલ્ બર વસ્સિલા, બાબુઝ ઝકાત વ ઈકરામુઝ્ ઝાઈરીન, હદીષ : ૧૩૫૯૨)*

## ★ મો'મિન હાજત પૂરી કરવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના ઈબ્ને ઉમર તથા હઝરત સૈયિદુના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہماથી રિવાયત છે કે જે પોતાના ભાઈની હાજત પૂર્ણ થતા સુધી મદદ કરતો રહે તો **અલ્લાહ** عزوجل **પંચોતેર હજાર (૭૫૦૦૦) ફરિશ્તાઓ થકી તેના પર સાયો કરે છે. તેઓ તેના માટે ઈસ્તિગફાર તથા દુઆ કરે છે.** જો સવારમાં હાજત રવાઈ કરી તો સાંજ સુધી અને જો સાંજે હાજત રવાઈ કરી તો સવાર સુધી. અને તે જે પણ ક઼દમ ઉઠાવે છે તો અલ્લાહ جل جلالہ તેનો એક ગુનોહ

Web: www.barkatekhwaja.net

માફ કરી આપે છે અને તેનો એક દરજો બુલંદ કરે છે. *(અત્તરગીબ વત્તરગીબ વત્તરહીબ, કિતાબુલ બર વસ્સિલા, હદીષ : ૩૯૭૨)*

## ★ એક મુસલમાનની ઈબાદત કરવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે : જ્યારે મુસલમાન પોતાના મુસલમાન ભાઈની અયાદત (બીમારપુર્સી) કરે છે તો તે **બીમાર પાસે બેસતા સુધી જન્નતના બાગમાં હરે ફરે છે.** જ્યારે તે બેસે છે તો રહ્‌મત તેની ઢાંકી દે છે. જ્યારે કોઈ સાંજના સમયે કોઈ બીમારની બીમારપુર્સી કરે છે તો **તેની સાથે સિત્તેર હજાર ફરિશ્તા પણ નીકળે છે જેઓ સવાર સુધી તેના માટે મગફિરતની દુઆ કરે છે.** અને જો સવાર કોઈ બીમારની ખબર પૂછવા જાય છે તો તેની સાથે **સિત્તેર હજાર ફરિશ્તા નીકળે છે જેઓ સાંજ સુધી તેના માટે ઈસ્તિગફાર કરતા રહે છે.**

જ્યારે કે એક રિવાયતમાં છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે, જે મુસલમાન સવારે કોઈ મુસલમાનની અયાદતના માટે નીકળે છે તો સાંજ સુધી સિત્તેર હજાર ફરિશ્તા તેના માટે ઈસ્તિગફાર કરે છે. અને જે સાંજે બીમારની ખબર અંતર પૂછવા જાય છે તો સવાર સુધી સિત્તેર હજાર ફરિશ્તા તેના માટે ઈસ્તિગફાર કરે છે અને તેના માટે જન્નતમાં એક બાગ લગાડી દેવામાં આવે છે. *(અત્તરગીબ વત્તરહીબ, કિતાબુલ જનાઈઝ, બાબુત્તરગીબ ફી અયાદતિલ મરીઝ, હદીષ : ૫૨૭૨, સુનને તિર્મિઝી, હદીષ : ૯૭૧)*

## ★ સૂરએ દુખાન પઢવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેણે રાતના સમયે હ઼ા મીમ દુખાનની તિલાવત કરી તો તે એ હાલમાં સવાર કરશે કે **તેના માટે સિત્તેર હજાર ફરિશ્તા ઈસ્તિગફાર કરી રહ્યા હશે.**

*(સુનને તિર્મિઝી, કિતાબુલ્ ફઝાઈલ કુર્આન, હદીષ : ૨૮૯૭)*

## ★ સૂરએ અન્આમની શરૂની ત્રણ આયતો પઢવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અબી મુહમ્મદ ફારસી رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો કે જેણે સૂરએ અન્આમની શરૂની ત્રણ આયતોની તિલાવત કરી **તેના માટે અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા મોકલશે જેઓ ક઼યામત સુધી તે શખ્સના માટે મગફિરત કરતા રહેશે.** અને તે ફરિશ્તાઓના અજર (સવાબ)ની જેટલો અજર તેને આપવામાં આવશે અને ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા તેને જન્નતમાં દાખલ કરશે, પોતાના અર્શના સાયામાં જગા અતા કરશે, તે જન્નતનાં ફળો ખાશે અને તે શખ્સ હૌઝે કૌષરથી પીશે અને નહરે સલ સબીલથી ગુસ્લ કરશે. અલ્લાહ તઆલા તેને ઈર્શાદ ફર્માવશે : હું તારો રબ છું અને તું મારો બંદો છે.

*(દુર્રે મન્થૂર, તફસીરે સૂરએ અનામ, ૩/૨૪૫)*

## ★ કુર્આન મુક઼દ્દસ પઢવા તથા શીખવાની ફઝીલત ★

તાબઈ બુઝુર્ગ હઝરત સૈયિદુના ખાલિદ બિન મઅદાન رحمۃ اللہ علیہ ફર્માવે છે : કુર્આનને પઢવા અને તેને શીખવાવાળા માટે સૂરત ખત્મ થતા સુધી ફરિશ્તા ઈસ્તિગફાર કરતા (મગફિરત ચાહતા) રહે છે. એટલા માટે જ્યારે તમારામાંથી કોઈ સૂરત પઢે તો તેની બે આયતો છોડી દે અને દિવસના અંતિમ હિસ્સામાં તેને ખત્મ કરે જેથી દિવસના શરૂથી છેવટ સુધી પઢવા પઢાવવાળા માટે ફરિશ્તા ઈસ્તિગફાર કરતા રહે.

*(સુનને દારમી, હદીષ : ૩૬૩૭)*

Web: www.barkatekhwaja.net

## ★ સૂરએ આલે ઈમરાનની ૧૮ મી આયત પઢવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના અનસ બિન માલિકથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે સૂતી વખતે આ આયતે મુબારકા :

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَ الْمَلٰٓئِكَةُ وَ اُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ؕ

(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮) પઢી **તેના માટે અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા પેદા કરશે જેઓ કયામત સુધી એના માટે મગફિરત ચાહતા રહેશે.** *(તફસીરે કુર્તબી, સૂરએ આલે ઈમરાન, આયત ૧૮ હેઠળ, ભાગ–૨, અલ જુઝ્ઉર્રાબિઅ્, પેજ–૩૪, અર્રવઝુલ ફાઈક્ ફી મવાઈઝિર્રકાઈક્, તર્જુમો બનામે હિકાયતેં ઔર નસીહતેં, પેજ : ૬૨૨)*

## ★ એક દુઆની મહાન ફઝીલત ★

હઝરત સૈયિદુના ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે આ પ્રમાણે કહ્યું :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ تَوَاضَعَ كُلُّ شَىْءٍ لِعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِىْ ذَلَّ كُلُّ شَىْءٍ لِعِزَّتِهٖ وَ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ خَضَعَ كُلُّ شَىْءٍ لِمُلْكِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اسْتَسْلَمَ كُلُّ شَىْءٍ لِقُدْرَتِهٖ

**અનુવાદ :** "અલ્લાહ ﷻના માટે સર્વ ખૂબીઓ છે જેની અઝમતની આગળ દરેક ચીજ માથુ ઝુકાવેલી છે. અને અલ્લાહ عزوجل تعالیના માટે સર્વ તારીફો છે જેની ઈજ્જતની આગળ સર્વ ચીજો ઝલીલ છે. અને સર્વ વખાણ એ અલ્લાહ ﷻના માટે છે જેની હુકૂમતની સામે દરેક ચીજ માથુ નમાવેલી છે અને સર્વ વખાણો એ અલ્લાહના માટે છે જેની કુદરતની સામે દરેક ચીજ માથુ નમાવેલુ છે."

અને આ શબ્દો અલ્લાહ عزوجل تعالیથી અજરો સવાબની તલબમાં કહે તેના માટે અલ્લાહ ﷻ એક હજાર નેકીઓ લખશે અને તેના એક હજાર દરજા બુલંદ ફર્માવશે અને **સિત્તેર હજાર ફરિશ્તાઓ કયામત સુધી તેના માટે ઈસ્તિગફાર કરવા માટે નિયુક્ત કરી આપશે.**

*(મજમઉઝ્ઝવાઈદ, કિતાબુલ અઝકાર, હદીષ : ૧૬૮૯૧)*

## ★ સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતોની ફઝીલત ★

હઝરત સૈયિદુના મઅકિલ બિન યસાર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે સવારના સમયે ત્રણવાર اَعُوْذُ بِاللّٰهِ السَّمِيْعِ الْعَلِيْمِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહિ સમીઈલ્ અલીમ મિનશ્શયતાનિર્રજીમ) અર્થ : "હું સાંભળવાવાળા, ઈલ્મવાળા અલ્લાહની શૈતાન મરદૂદથી પનાહ માગુ છું."

અને સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો પઢે તેના માટે **અલ્લાહ સિત્તેર હજાર ફરિશ્તા સાંજ સુધી ઈસ્તિગફાર કરવા નિયુક્ત કરી આપે છે.** જો સાંજના સમયે પઢે તો તેના માટે **સવાર સુધી એ જ ફઝીલત છે.**

*(સુનને તિર્મિઝી, કિતાબ ફઝાઈલુલ્ કુર્આન, હદીષ : ૨૯૨૨)*

સૂરએ હશ્રની આખરી ત્રણ આયતો તર્જુમા સાથે આ પ્રમાણે છે :

هُوَ اللّٰهُ الَّذِىْ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ وَ الشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾ هُوَ اللّٰهُ الَّذِىْ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ﴿٢٣﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ يُسَبِّحُ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَ الْاَرْضِ ۚ وَ هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٤﴾

**અનુવાદ :** "તે જ અલ્લાહ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી. દરેક છુપા તથા જાહેરને

Web : www.barkateKhwaja.net

જાણનાર. તે જ છે ઘણો જ મહેરબાન રહ્મતવાળો. એ જ છે અલ્લાહ જેના સિવાય કોઈ મઅબૂદ નથી, બાદશાહ અતિશય પાક સલામતી આપનાર, અમાન બખ્શનાર, હિફાઝત કરનાર, ઈજ્જતવાળો, અઝમતવાળો, તકબ્બુરવાળો, અલ્લાહને પાકી છે તેમના શિર્કથી. તે જ છે અલ્લાહ, બનાવનાર, પેદા કરનાર, દરેકને સૂરત (સ્વરૂપ) આપનાર. તેનાં જ છે સર્વ સારાં નામો. તેની પાકી બોલે છે જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે અને તે જ ઈજ્જત તથા હિકમતવાળો છે.''

## ★ કેટલાક કલમા પઢવાની મહાન ફઝીલત ★

હઝરત સૈયિદુના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે, ''જ્યારે હું તમને કોઈ હદીષ સંભળાવું છું તો તેના સમર્થનમાં કિતાબુલ્લાહ عزوجل ની આયત પેશ કરું છું. (પછી ફર્માવ્યું) બેશક ! બંદો જ્યારે :

سُبْحَانَ اللّٰہِ، اَلْحَمْدُ لِلّٰہِ، لَااِلٰہَ اِلَّا اللّٰہُ، اَللّٰہُ اَکْبَرُ وَ تَبَارَکَ اللّٰہ

કહે છે તો ફરિશ્તા એ કલમાઓને લઈ લે છે અને તેમને પોતાની પાંખોની નીચે છુપાવી લે છે. પછી તેઓ ફરિશ્તાની જે પણ ટોળી પાસેથી પસાર થાય છે તે આ કલમા કહેનારના માટે ઈસ્તિગફાર કરે છે. પછી હઝરત સૈયિદુના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ આ આયતે કરીમા તિલાવત કરી : اِلَیْہِ یَصْعَدُ الْکَلِمُ الطَّیِّبُ وَ الْعَمَلُ الصَّالِحُ یَرْفَعُہٗ ''એની જ તરફ ચઢે છે પાકીઝા કલામ અને જે નેક કામ છે, તે એને બુલંદ કરે છે.'' *(સૂરએ ફાતિર, આ. ૧૦)*

## ★ આંજ્ઞાક્તિ પત્નીની ફઝીલત ★

સૈયદે આલમ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

**૦૧.** પોતાના પતિની આજ્ઞાનું પાલન કરનારી સ્ત્રી માટે **હવામાં પક્ષીઓ, પાણીમાં માછલીઓ, આસ્માનમાં ફરિશ્તા અને ચાંદ સૂરજ ત્યાં સુધી મગફિરત ચાહતા રહે છે** જ્યાં સુધી કે તે પોતાના પતિના આજ્ઞાપાલનમાં રહે છે.

**૦૨.** જે સ્ત્રી પોતાના પતિની નાફર્માની કરે છે તેના પર **અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ તથા તમામ લોકોની લા'નત થાય છે.**

**૦૩.** જે સ્ત્રી પોતાના પતિના ચહેરા પર તેવર ચઢાવવા (મોં બગાડવા)નો સબબ બને છે **તો તે અલ્લાહ તઆલાની નારાઝગીમાં રહે છે, ત્યાં સુધી કે તેને હસાવીને રાજી કરી લે છે.** અને....

**૦૪.** જે સ્ત્રી પોતાના પતિની રજા વિના પોતાના ઘરેથી નીકળે છે તો તેણીના પરત થતા સુધી **ફરિશ્તા તેણી પર લા'નત મોકલતા રહે છે.** *(અઝ્ઝવાજિર અને એઅ્તેરાફિલ કબાઈર, ૨/૭૭, તર્જુમો બનામે જહન્નમમેં લે જાનેવાલા આમાલ, ૨/૧૮૫)*

## ★ મસ્જિદમાં દીવો લગાડવો તથા ચટાઈ બિછાવવાની ફઝીલત ★

હઝરત સૈયિદુના મઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે શખ્સે અલ્લાહ તઆલાના માટે મસ્જિદ બનાવી તેના માટે અલ્લાહ તઆલા જન્નતમાં ઘર બનાવશે. અને જેણે મસ્જિદમાં કંદીલ (દીવો) લટકાવ્યો તો **જ્યાં સુધી તે કંદીલ (દીવો) સળગતી રહેશે સિત્તેર હજાર ફરિશ્તા તેના માટે ઈસ્તિગફાર કરતા રહેશે.** અને જે શખ્સે **ચટાઈ બિછાવી** તો જ્યાં સુધી તે ચટાઈ સલામત રહેશે ત્યાં સુધી **સિત્તેર હજાર ફરિશ્તા તેના માટે ઈસ્તિગફાર રહેશે** અને જે માણસ મસ્જિદથી કોઈ તણખલુ પણ સાફ કરશે તેને બે અજર મળશે. *(ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારી, ૪/૨૧૨, બૈરૂત, કન્ઝુલ ઉમ્માલ, ૨૦૭૬૭)*

Web : www.barkatekhwaja.net

# 'અહલે સુન્નત' તથા 'વહાબી અહલે હદીષ'ના

## બે પાયાના મતભેદો

**અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(માજી સદરુલ મુદર્રિસીન વ સદર શોઅબએ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અહલે સુન્નત વ જમાઅત તથા વહાબી અહલે હદીષની વચ્ચે બે પાયાની વાતોમાં ફરક છે જેના કારણે બંનેવના વચ્ચે મતભેદો ઉપસ્થિત થયા અને પછી તે ન મિટનારી ખાઈની જેમ બંને વચ્ચે આડ બની ગયા.

### ★ પ્રથમ પાયાનો ફરક ★

આપણો અહલે સુન્નતનો અક઼ીદો છે કે શિર્ક કદાપિ માફ કે મુબાહ નથી હોતું, જેથી જે વાત કોઈ દૌર કે કોઈ સંજોગોમાં શિર્ક હોય તે કદાપિ જાઈઝ કે મુબાહ નથી થઈ શકતી. અને જે વાત કોઈ દૌર કે હાલમાં જાઈઝ તથા મુબાહ હોય તો કદી શિર્ક નથી થઈ શકતી.

એનાથી ઉલ્ટુ વહાબીઓનો મૌક઼ફ (ખયાલ) એ છે કે એક જ વાત કોઈ સમય અથવા કોઈ હાલમાં જાઈઝ તથા મુબાહ અને અન્ય કોઈ સમય તથા સંજોગમાં શિર્ક હોય છે. દા.ત. તેઓ કહે છે કે અંબિયા તથા અવલિયાથી તેમની હયાતમાં વસીલો જાઈઝ અને વિસાલ બાદ શિર્ક છે. એ જ પ્રમાણે એ હઝરાતની હયાતમાં તેમને પુકારવું, દા.ત. યા રસૂલલ્લાહ કહેવું જાઈઝ અને વિસાલ બાદ શિર્ક છે. એ હઝરાતની પાસે આ અક઼ીદાની સાબિતીમાં કિતાબ તથા સુન્નતથી કોઈ દલીલ નથી, જ્યારે કે આપણી દલીલ કુર્આને હકીમની આ નસ્સે કતઈ છે :

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ۚ

"અલ્લાહ એને બખ્શશે નહીં કે તેની સાથે શિર્ક કરવામાં આવે, અને જે ગુનાહ શિર્કની નીચે છે તેને જેના માટે ચાહે બખ્શી આપશે." *(સૂ. નિસાઅ, ૪/૪૮)*

આ આયતે કરીમામાં મુત્લક઼ન (બિન શર્તી રીતે) શિર્ક માફીને અપાત્ર તથા બખ્શવાને અપાત્ર (ગુનોહ) ઠરાવવામાં આવ્યો જે દરેક દૌર (સમય) તથા દરેક સંજોગો માટે આમ (સામાન્ય) છે.

જેથી જો ખુદાના ખાસ બંદાઓથી તવસ્સુલ (વસીલો) અને પુકારવાનું જાઈઝ હોવું તેમની પવિત્ર જિંદગીમાં મુબારક હદીષોથી સાબિત થઈ જાય તો પછી તે જ હદીષોથી વસીલો તથા પુકારવા સંબંધે રોશન સાબિતી પુરવાર થશે. કેમ કે જો વસીલો તથા પુકારવું શિર્ક હોત તો હયાતમાં પણ જાઈઝ તથા મુબાહ ન હોત. જેમ કે ગૈરુલ્લાહની ઈબાદત શિર્ક છે તો તે "ગૈર" ઝિંદા હોય તો પણ તેની ઈબાદત શિર્ક છે અને મૃત્યુ પામી ચૂક્યો હોય તો પણ શિર્ક છે. અને અલ્લાહનો બાગી તથા નાફર્માન હોય તો પણ શિર્ક છે. અને ગૈરુલ્લાહની આ ઈબાદત હઝરત સૈયિદુના આદમ અ઼લા નબિય્યિના વ અલૈહિસ્સલાતુ વસ્સલામના જમાનામાં પણ શિર્ક હતી અને આજે પણ શિર્ક છે અને ક઼યામત સુધી શિર્ક રહેશે. આ ધોળા દિવસની જેમ એક ઉઘાડી હક઼ીક઼ત છે જેને દરેક સમજદાર બુદ્ધિશાળાએ સ્વીકારી લેવું જોઈએ.

Web : www.barkatekhwaja.net

## ★ બીજો પાયાનો ફરક ★

કિતાબુલ્લાહની આયતોમાં ખરેખર હકીકતમાં કોઈ ટકરાવ કે મતભેદ નથી. ખુદ કુર્આન મજીદ એનું સાક્ષી છે. જેમ કે રબનો ઈર્શાદ છે :

اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ ؕ وَ لَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا

"તો શું કુર્આનમાં વિચારણા નથી કરતા ? અને જો તે ગૈર ખુદાની પાસેથી હોત તો જરૂર એમાં ઘણો જ મતભેદ પામતા." *(સૂરએ નિસાઅ, ૪/૮૨)*

પણ એ તો અલ્લાહની પાસેથી છે, અલ્લાહની કિતાબ છે એટલા માટે એમાં કાંઈ પણ મતભેદ નથી એ ધોળા દિવસની જેમ જાહેર છે. જેમાં શકની કોઈ ગુંજાઈશ નથી. આ હદ સુધી અહલે સુન્નત વ જમાઅત અને અમારા વિરોધીની વચ્ચે જાહેરી રીતે એકમતી છે, પણ એના તકાઝાઓ પર અમલની વાત આવે છે તો બંનેવમાં ઉઘાડો ફરક તથા મતભેદ જોવા મળે છે.

એનો મતલબ એ થયો કે કિતાબુલ્લાહમાં કેટલીક એવી બાબતોનું વર્ણન છે જેની સાબિતી જાહેરી રીતે કેટલીક આયતોથી થાય છે અને એનો નકાર પણ જાહેરી રીતે કેટલીક બીજી આયતોથી થાય છે. આ પ્રકારની આયતોમાં "વહાબી ફિર્કા"ની કાર્યપદ્ધતિ એ છે કે તેઓ એક પ્રકારની આયતોને અપનાવી લે છે અને બીજા પ્રકારની આયતોને છોડી દે છે. જ્યારે કે અહલે સુન્નત તદબ્બુરથી કામ લઈને બંને પ્રકારની આયતોને કબૂલ કરે છે, અને બંનેવના અર્થો કિતાબ તથા સુન્નતની રોશનીમાં વર્ણન કરીને તેમના જાહેરી મતભેદોને દૂર કરી આપે છે. એટલા માટે કુર્આને પોતાની આયતોમાં તદબ્બુર તથા તઝક્કુરનો હુકમ આપ્યો છે.

જાહેરી રીતે બે વિરોધાભાસી આયતોમાંથી અમુકને માનવી અને અમુકને છોડી દેવી, તેમની વચ્ચેના મતભેદો તથા ટકરાવોનો પતો આપે છે અને બંનેવની અલગ અલગ મુરાદ (મતલબો) સ્પષ્ટ કરીને બંનેને માનવા તેમની વચ્ચે હકીકતમાં મતભેદ તથા ટકરાવ ન હોવાને જાહેર કરે છે. એટલા માટે એક વિષયના સંબંધે કુર્આને કરીમની બંને પ્રકારની આયતોને સામે રાખીને તેના ભાવાર્થો તથા મતલબોને સમજવા માટે તદબ્બુર જરૂરી છે. કેવળ જાહેરી દૃષ્ટિથી મતલબ સુધી પહોંચ નથી થઈ શકતી. બે ત્રણ દૃષ્ટાંતો વડે તમો પણ તેને સમજો :–

Web.:-www.barkatekhwaja.net

## ★ પ્રથમ દૃષ્ટાંત ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ؕ وَ مَا يَشْعُرُوْنَ اَيَّانَ يُبْعَثُوْنَ

"હે મહબૂબ ! ફર્માવી દો કે જે લોકો આસ્માનો તથા જમીનમાં છે તેઓ ગયબને નથી જાણતા પણ અલ્લાહ, અને એ પણ નથી જાણતા કે ક્યારે ઉઠાવવામાં આવશે." *(સૂરએ નમ્લ, ૨૭/૬૫)*

જ્યારે કે બીજી આયતે કરીમામાં જાહેરી રીતે એના વિરુદ્ધ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો :

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"અલ્લાહ આલિમુલ ગયબ છે તો તે **પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતાના પસંદીદા રસૂલોના."** *(સૂરએ જિન, ૭૨/૨૬,૨૭)*

આ આયતમાં "રસૂલે મુર્તઝા" માટે ઈલ્મે ગયબની સાબિતી છે. જેથી જાહેરી રીતે બંનેવ આયતોમાં મતભેદ તથા ટકરાવ છે.

પણ બંનેવ આયતોમાં અદના તદબ્બુરથી કામ લેવામાં આવે તો જાહેર થઈ જશે કે બંનેમાં તદ્દન કોઈ મતભેદ નથી, કેમ કે **પહેલી આયતમાં જમીન તથા આસ્માનોમાં રહેનારાઓ માટે જાતે પોતે ખુદ ઝાતી**

**ગયબનો નકાર કરવામાં આવ્યો છે અને બીજી આયતમાં અલ્લાહના બતાવવાથી "રસૂલે મુર્તઝા"નું ગયબ પર માહિતગાર હોવાનું વર્ણન છે.**

એનાથી વિરુદ્ધ ઈમામુત્તાઈફા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી સાહબે અલ્લાહના સિવાય ગયબનો ઈલ્મ કોઈના માટે માનવાને મુત્લકન (વિના અપવાદ) શિર્ક ઠરાવી દીધું છે ભલે ને અલ્લાહના બતાવવાથી આ અકીદો રાખવામાં આવે.

તે તદબ્બુરે કુર્આન છે અને આ જાહેરી દષ્ટિ કે કાંઈ અન્ય. પ્રથમ કુર્આની આયતોમાં તૌફીક છે અને આ વિરોધાભાસનું પ્રદર્શન.

## ★ બીજુ દષ્ટાંત ★

'તક્‌વિયતુલ ઈમાન'માં છે : (વહાબી ગૈર મુકલ્લિદ તથા દેવબંદીઓના પેશવા ઈસ્માઈલ દહેલ્વી લખે છે :) અલ્લાહ સાહબે સૂરએ મુઅ્‌મિનૂનમાં ફર્માવ્યું :–

قُلْ مَنْ بِیَدِہٖ مَلَکُوْتُ کُلِّ شَیْءٍ وَّ ھُوَ یُجِیْرُ وَ لَا یُجَارُ عَلَیْہِ اِنْ کُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۸۸﴾ سَیَقُوْلُوْنَ لِلّٰہِ ؕ قُلْ فَاَنّٰی تُسْحَرُوْنَ ﴿۸۹﴾

"આપ ફર્માવી દો કે એવો માણસ કોણ છે જેના હાથમાં દરેક ચીજમાં પરિવર્તન આણવાની શક્તિ છે. અને તે પનાહ પણ આપે છે, અને એના વિરુદ્ધ કોઈ પનાહ (શરણ) આપી શકતુ નથી. જો તમે જાણતા હોવ તો (બતાવો). તેઓ આ જવાબ આપશે કે અલ્લાહ આપ ફર્માવી દો કે, તો પછી તમે શા કારણે પાગલ બની જાવ છો?" *(સૂરએ મુઅ્‌મિનૂન, ૨૩/૮૮,૮૯)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહ સાહબે કોઈને આલમમાં તસર્રુફ કરવાની કુદરત (પરિવર્તન કરવાની શક્તિ) નથી આપી, અને કોઈ કોઈની હિમાયત નથી કરી શકતો.

*(તક્‌વિયતુલ ઈમાન, પેજ–૭, પ્રથમ પ્રકરણ : તૌહીદ તથા શિર્કના બયાનમાં, રાશિદ કંપની–દેવબંદ)*

જ્યારે કે **અલ્લાહ તઆલાએ અગણિત બંદાઓને તસર્રુફની (પરિવર્તનની) શક્તિ અતા કરી છે અને પોતાના ખાસ બંદાઓને તો આશ્ચર્યજનક તસર્રુફની પણ શક્તિ બખ્શી છે.** અમે તસર્રુફાતે અંબિયાની ચર્ચામાં ખૂબ જ અધિક પ્રમાણમાં આયતો તથા હદીષોથી તેની ઉઘાડી સાબિતી રજૂ કરી છે. દા.ત. એક આયત જોઈ લો. ઈર્શાદે બારી તઆલા છે :

قَالَ یٰۤاَیُّھَا الْمَلَؤُا اَیُّکُمْ یَاْتِیْنِیْ بِعَرْشِھَا قَبْلَ اَنْ یَّاْتُوْنِیْ مُسْلِمِیْنَ ﴿۳۸﴾ قَالَ عِفْرِیْتٌ مِّنَ الْجِنِّ اَنَا اٰتِیْکَ بِہٖ قَبْلَ اَنْ تَقُوْمَ مِنْ مَّقَامِکَ ۚ وَ اِنِّیْ عَلَیْہِ لَقَوِیٌّ اَمِیْنٌ ﴿۳۹﴾ قَالَ الَّذِیْ عِنْدَہٗ عِلْمٌ مِّنَ الْکِتٰبِ اَنَا اٰتِیْکَ بِہٖ قَبْلَ اَنْ یَّرْتَدَّ اِلَیْکَ طَرْفُکَ ؕ فَلَمَّا رَاٰہُ مُسْتَقِرًّا عِنْدَہٗ قَالَ ھٰذَا مِنْ فَضْلِ رَبِّیْ ۖ

"સુલૈમાન عليه السلام એ ફર્માવ્યું, હે દરબારીઓ ! તમારામાં કોણ છે જે એનો (મલિકા સબાનો) તખ્ત મારી પાસે લઈ આવે, એનાથી પહેલાં કે તેણી આજ્ઞાંકિત બનીને મારી પાસે હાજર થાય. એક મોટો ખબીષ જિન બોલ્યો કે તે તખ્ત હું હુઝૂરની બારગાહમાં હાજર કરી દઈશ, એના પહેલાં કે હુઝૂર મજલિસ બરખાસ્ત કરે, અને બેશક ! હું શક્તિવાળો અમાનતદાર છું. (અને) 'જેની પાસે કિતાબનો ઈલ્મ હતો' તેણે અર્ઝ કરી કે હું તેની આખનું પાંપણ ઝપકતા પહેલાં આપની સેવામાં હાજર કરી દઈશ. પછી જ્યારે સુલૈમાને પોતાની પાસે એ તખ્તને રાખેલું જોયું તો કહ્યું, આ મારા રબનો ફઝ્‌લ છે."

*(સૂરએ નમલ, ૨૭/૩૮ થી ૪૦)*

એક "કિતાબના આલિમે" અલ્લાહની અર્પણ કરેલી શક્તિ વડે ખૂબ જ વજનદાર તથા સુરક્ષિત તખ્તને લાંબા અંતરે હોવા છતાં પાંપણ ઝપકતા પહેલાં બારગાહે સુલૈમાનીમાં હાજર કરી આપ્યું જે વિના શંકાએ એક **આશ્ચર્યજનક તસર્રુફ** છે. તો પછી



Web.: www.barkatekhwaja.net

અંબિયા અને સૈયદુલ અંબિયા عَلَیۡہِمُ السَّلَامُની અર્પણ થયેલી શક્તિનો અંદાજો કોણ કરી શકે છે ?!

આ તદબ્બુરે કુર્આન છે અને તે જાહેરી દષ્ટિ અથવા બીજુ કાંઈ છે !

## ★ ત્રીજુ દષ્ટાંત ★

રબ તઆલાનો ઈર્શાદ છે :–

اِنَّ اللّٰہَ عَلٰی کُلِّ شَیۡءٍ قَدِیۡرٌ "બેશક ! અલ્લાહ દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે."

*(સૂરએ બકરહ, ૨/૨૦)*

આના પરથી *ઈમામુલ વહાબિયા* અને તેમના સાથીઓએ એ દલીલ કરી નાખી કે, *"અલ્લાહ તઆલા જૂઠુ બોલવા પર પણ કાદિર છે. એવું ન હોય તો બંદાની શક્તિ અલ્લાહની શક્તિથી વધી જશે."*

જ્યારે કે બીજી આયતોથી જૂઠ તથા જૂઠની શક્યતાથી અને અલ્લાહ તઆલાનું અયબોથી પાક હોવું સાબિત થાય છે. દા.ત. રબ તઆલાનો ઈર્શાદ છે : لَیۡسَ کَمِثۡلِہٖ شَیۡءٌ "અલ્લાહના જેવી કોઈ ચીજ નથી." *(સૂ. શૂરા, ૪૨/૧૧)*

જો અલ્લાહનું જૂઠ બોલવું શક્ય હોય તો અલ્લાહના જેવી અસંખ્ય ચીજો થશે.

જાહેરી રીતે બંનેવ આયતોમાં મતભેદ તથા વિરોધાભાસ છે જ્યારે કે અલ્લાહનું કલામ મતભેદ તથા વિરોધાભાસથી પાક છે. હક્ક એ છે કે પ્રથમ આયતમાં "દરેક ચીજ પર કુદરત"થી મુરાદ "દરેક ચીજના સર્જન પર કુદરત" છે જે પોતાના સ્થાને એક અજોડ અને નકારી ન શકાય તેવી હકીકત છે. અને આ રીતે બીજી આયતે કરીમાથી કોઈ રીતે મતભેદ કે વિરોધાભાસની શક્યતા પણ નથી રહી જતી.

આ કુર્આનનો તદબ્બુર છે અને પેલુ કેવળ બાહ્ય દષ્ટિ છે કે બીજુ કાંઈ છે !

નબી કરીમ ﷺની હદીષો અલ્લાહની કિતાબનો ખુલાસો તથા સ્પષ્ટતા છે.

જેમ કે રબના ઈર્શાદ : لِتُبَیِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَیۡہِمۡ (જેથી હે મહબૂબ! લોકોની તરફ જે કાંઈ નાઝિલ કરવામાં આવ્યું છે આપ તેને ખોલીને વર્ણન કરી આપે. સૂ. નહ્લ, ૧૬/૪૪)થી જાહેર છે. એટલા માટે નબુવ્વતની ઝબાનથી નીકળેલા શબ્દો અને આપની સુન્નતો તથા જીવનશૈલી અને કથનો પણ મતભેદ તથા વિરોધાભાસથી પાક છે. જો ઉપર છેલ્લી નજરમાં ક્યાંક મતભેદ કે વિરોધાભાસ સમજમાં આવે તો એ જ ખુદાદાદ તદબ્બુર વડે કામ લઈને અને તેમના ઉચ્ચ ભાવાર્થોની ગહરાઈમાં જઈને તેને સમજવાની કોશિશ કરવી જોઈએ.

## ★ ચોથુ દષ્ટાંત ★

એહલે સુન્નત વ જમાઅતનો પસંદીદા તરીકો તો એ જ છે પણ વહાબી આલિમો એ જ એક તરફી રવિશ અખ્તયાર કરે છે. એક નમૂનો એનો પણ જુઓ: મુહલ્લિલ (હલાલો કરનાર) પર લઅનતના પ્રકરણમાં બે હદીષો આવેલી છે. એક મુત્લક (બિનશર્તી) જે તિર્મિઝી શરીફની હદીષ છે, બીજી મુકૈયદ (શર્તી) જે સુન્ને ઈબ્ને માજહ શરીફની હદીષ છે. તેના શબ્દો આ પ્રમાણે છે :–

قال عقبة بن عامر: قَالَ رسولُ اللّٰہ۔صلی اللّٰہ تعالیٰ علیہ وسلم: أَلا أُخبِرُكُمْ بِالتَّيسِ المُستَعار. قالوا: بَلیٰ. یَا رسُولَ اللّٰہ. قَالَ: هُوَ المُحَلِّل. لَعَنَ اللّٰہُ المُحَلِّلَ. والمُحَلَّلَ لَہٗ

"હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "શું હું તમને ઉછીના લીધેલ સાંઢ"ના બારામાં ન બતાવું ? સહાબાએ અર્ઝ કરી, કેમ નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, તે મુહલ્લિલ (હલાલો કરનાર) છે.



Web. www.barkatekhwaja.net

અલ્લાહની લઅનત હલાલો કરનારા પર, અને તેના પર જેના માટે હલાલો કરવામાં આવે."

*(સુનને ઈબ્ને માજા, પેજ : ૨૧૦, કિતાબુન્નિકાહ હવાલા વિશે, હદીષ : ૧૯૩૬)*

આ સ્પષ્ટ શબ્દો તિર્મિઝીમાં પણ છે અને ઈબ્ને માજહમાં પણ છે, જે જાહેરી દષ્ટિએ જોતાં મુત્લક઼ (વિના અપવાદ) છે અને તેનો અર્થ એ છે કે જે વ્યક્તિ પણ હલાલો કરે તે મલઊ઼ન છે. પણ સુનને ઈબ્ને માજહમાં હદીષના આ શબ્દો પહેલાં સરકાર અબદ ક઼રાર صلی اللہ علیہ وسلم એ "મુહ઼લ્લિલ" (હલાલો કરનાર)ની જે સરસ અંદાઝમાં أَلا أُخبِرُكُمْ بِالتَّيسِ المُستَعارِ، (શું હું તમને ઉધાર પર લીધેલ સાંઢના બારામાં ન બતાવું ?!)થી પેહચાન કરાવી. એનાથી ધોળા દિવસની જેમ દરેક ન્યાય પ્રિય પર જાહેર થઈ જાય છે કે હદીષે પાકમાં "મુહ઼લ્લિલ" (હલાલો કરનાર)થી તે "ખાસ વ્યક્તિ" મુરાદ છે જે સાંઢ (આખલા)ની જેમ પોતાને સંભોગના માટે ખાસ કરી લે અને તેની તલાશમાં રહે. (હલાલાને ધંધો બનાવી લે) તેના સિવાય તેનો કોઈ અન્ય ભલાઈનો હેતુ ન હોય. દા.ત. હમદર્દી, કોઈનું ઉજડેલુ ઘર વસાવવું, પતિ પત્નીનું દિલ ખુશ કરવું, જે દાદને પાત્ર તથા અજરો સવાબનું કામ છે.

આ રીતે બંનેવ હદીષોને સામે રાખો તો સ્પષ્ટ થઈ જાય છે કે **હદીષે પાકમાં લઅનત ખાસ તે હલાલો કરનાર પર છે જે સાંઢની જેમ હોય. જેથી જો કોઈ વ્યક્તિ કેવળ માનવતાની ભાવના હેઠળ કોઈનું વેરાન થતુ ઘર વસાવે અને બાળકોને નિરાશા તથા માયૂસીથી બચાવે અને તેમને તથા તેમનાં માબાપને ખુશ કરવાના માટે નેક ઈરાદાથી કોઈ સ્ત્રી સાથે હલાલાનો નિકાહ કરે તો એ જરૂર જાઈઝ બલ્કે અજરો સવાબનો સબબ છે કેમ કે અયન ઈન્સાનિયત છે, જંગલીપણુ નથી.** અને લઅનત જંગલીપણા પર છે, ઈન્સાનિયત પર નહીં. આ છે હદીષમાં તદબ્બુર.

*(સહીહૈનસે ગૈર મુક઼લ્લિદીનકા ઈન્હેરાફ઼, પેજ–૩૨ થી ૩૮, અઝ : મુફ઼તી નિઝામુદ્દીન રઝવી બરકાતી–મુબારકપુર)*

**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

web. www.barkatekhwaja.net

# મુસીબતઝદાઓને મદદ કરવાવાળા જન્નતી છે

*કાર્યાલય*

હદીષે કુદ્સીમાં છે : અલ્લાહ તઆલા કયામતના દિવસે બંદાને ફર્માવશે, હું બીમાર હતો પણ તેં મારી દેખભાળ કરી ન હતી. બંદો અર્ઝ કરશે, હે મારા રબ ! હું કેવી રીતે તારી દેખભાળ કરતો, તું તો સર્વ જહાનનો નિગેહબાન છે ?! અલ્લાહ તઆલા ફર્માવશે, શું તને ખબર નથી કે મારો ફલાણો બંદો બીમાર હતો ? શું તને ખબર નથી કે જો તેં તેની દેખભાળ કરી હોત તો મને તેની પાસે પામત. (પછી અલ્લાહ ફર્માવશે) મેં તારાથી ખાવા માગ્યું હતું, પણ તેં મને ખવડાવ્યુ ન હતું. બંદો કહેશે, હે મારા રબ ! હું તને કેવી રીતે ખવડાવતો, તું તો સર્વ જહાનનો પાલનહાર છે ! અલ્લાહ તઆલા ફર્માવશે, શું તને નથી ખબર કે મારા ફલાણા બંદાએ તારાથી ખાવા માગ્યું હતું પણ તેં તેને ખવડાવ્યું ન હતું ? શું તને ખબર નથી કે જો તું તેને ખવડાવત તો મને તેની પાસે પામત.

(પછી અલ્લાહ તઆલા ફર્માવશે) મેં તારી પાસે પાણી માગ્યું હતું, પણ તેં પીવડાવ્યું ન હતું ! બંદો કહેશે, હે મારા રબ ! હું તને કેવી રીતે પીવડાવતો ! તું તો સર્વ જહાનનો પાલનહાર છે. અલ્લાહ તઆલા ફર્માવશે, મારા ફલાણા બંદાએ તારી પાસે પાણી માગ્યું હતું પણ તેં તેને પીવડાવ્યું ન હતું. શું તને ખબર નથી કે જો તે પીવડાવત તો મને તેની પાસે પામત.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૫૬૯)*

આ હદીષ પરથી સારી રીતે અંદાઝો લગાડી શકાય છે કે ઈસ્લામમાં "ખિદમતે ખલ્ક" (લોક સેવા)ને કેટલો મહાન મર્તબો આપવામાં આવ્યો છે. એક માણસ પોતાના જેવા બીજા માણસોને મદદ કરે છે. તે ભૂખ્યા હોય તો તેમના માટે રાશન અથવા ખાવાની વ્યવસ્થા કરે છે, તરસ્યા હોય તો તેમના માટે પીવાનો બંદોબસ્ત કરે છે, બીમાર હોય તો તેમના ઈલાજની સારવારની સહૂલતો પૂરી પાડે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે કે, એવું કરનાર વ્યક્તિએ એ માણસોની મદદ નથી કરી બલ્કે ખુદ અલ્લાહની મદદ કરી છે, તેણે માણસોનો ઈલાજ નથી કર્યો બલ્કે ખુદ અલ્લાહનો ઈલાજ કર્યો છે, તેણે માણસોને ખાવા નથી ખવડાવ્યું બલ્કે ખુદ અલ્લાહને ખાવા ખવડાવ્યું છે, તેણે માણસોને પાણી નથી પીવડાવ્યું બલ્કે ખુદ અલ્લાહને ખાવા ખવડાવ્યું છે. (જ્યારે કે અલ્લાહ તઆલા મદદ, ઈલાજ, સારવાર, ખાવા, પીવા સર્વથી પાક છે.)

આ ખયાલને કુર્આન હદીષમાં ખૂબ જ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવેલ છે કે આ માલ દોલત તથા સમૃધ્ધિ અલ્લાહનું આપેલુ ઈનામ છે, પરંતુ જ્યારે એક મો'મિન બંદો તેને માણસોની જરૂરિયાત પર ખર્ચ કરે છે તો અલ્લાહ તેને પોતાના જિમ્મે કરજની હૈસિયત આપે છે ! અને વાયદો કરે છે કે તે કયામતના દિવસે તેને ખૂબ વધારી વધારીને ખર્ચ કરવાવાળાને પરત કરશે. કુર્આને કરીમમાં છે : "કોણ છે જે અલ્લાહને કરજે હસના આપે, જેથી કરીને અલ્લાહ તેને કેટલાય ગણુ વધારી વિકસાવીને પરત કરે.

*(સૂ. બકરહ, ૨/૨૪૫)*

એ જ પ્રમાણે એક હદીષમાં છે : જ્યારે માણસ પોતાની પાકીઝા કમાઈમાંથી કાંઈક અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તો અલ્લાહ તઆલા તેને પોતાના જમણા હાથમાં લે છે અને તેનો ખૂબ જ કાળજીપૂર્વક ઉછેર કરે છે, જેવી રીતે કે તમારામાંથી કોઈ વ્યક્તિ પોતાના પાળેલા જાનવરના બચ્ચાનો કાળજીપૂર્વક

web.:www.barkatekhwaja.net

ઉછેર કરે છે. ત્યાં સુધી કે તેણે જો એક ખજૂરનો સદકો કર્યો હોય તો તે અલ્લાહની નિગરાનીમાં વૃધ્ધિ પામતુ પામતુ પહાડના બરાબર થઈ જાય છે.

*(સહીહ બુખારી, ૧૪૧૦, મુસ્લિમ, ૧૦૧૪)*

કોરોના નામની વબા રૂપી બીમારીના ફેલાવાના મોકા પર જે લોકો ખિદમતે ખલ્કના કામોમાં લાગેલા હતા તેઓ અતિશય મહાન મિશનના ખુશ નસીબ રાહી છે. કેમ કે :

- ❑ આ બીમારીની ભયાનકતાથી સારી પેઠે વાકેફ હોવા છતાં જે લોકોએ ઈલાજ તથા સારવારની ખિદમત અંજામ આપી તેમનું કામ કોઈ અતિશયોક્તિ વિના "જેહાદ"ના જેમ છે.
- ❑ જે લોકો આ કામમાં પોતાની જિંદગી હારી બેઠા તેઓ વિના શંકાએ "શહાદત"ના સ્થાને બિરાજમાન થઈ ગયા.
- ❑ જે લોકોએ આ મોકા પર ખૂબ જ આગળ આગળ રહીને ખૈરાત તથા સદકા કર્યા તેમણે હકીકતમાં અલ્લાહને કરજ આપ્યું, જેને ખૂબ જ વધારી વિકસાવીને પરત કરવાનો અલ્લાહે વાયદો કર્યો છે, અને અલ્લાહનો વાયદો પૂરો થવું નિશ્ચિત છે.
- ❑ જે લોકોએ એ મોકા પર ખાવાની ચીજો જરૂરતમંદો સુધી પહોંચાડવા માટેની સેવા બજાવી છે તેમણે હકીકતમાં અલ્લાહની મદદ કરી છે. એવા લોકો કયામતના દિવસે પોતાનાં કામોનો ભરપૂર બદલો પામશે.

## ★ ભૂખ્યાઓને ખાવા ખવડાવવું એક મહાન ખિદમત ★

આપણા દેશમાં લોકડાઉનથી જે પરિસ્થિતિ ખડી થઈ હતી તે લોહીનાં આંસુ રડાવનારી હતી. પોતાના ઘરથી બહાર નીકળીએ અથવા ફોન પર કોઈ સગા સંબંધીથી વાત કરીએ તો માલૂમ પડતુ કે ચોતરફ કદમ કદમ પર એવાં પુરૂષો, સ્ત્રીઓ, વૃધ્ધો, યુવાનો, છોકરા, છોકરીઓ, બાળકીઓ, બાળકો જોવા મળતું કે સૌ ફાકાથી સપડાયેલ છે. (જેમની ભૂખે ટંકો જઈ રહી છે.) તેમના મુરઝાયેલા ચહેરા ગવાહી આપે છે. તેમને જોઈને અલ્લાહના રસૂલ ﷺનો આ ઈર્શાદ યાદ આવી જતો : "સૌથી અફઝલ સદકો એ છે કે તમે કોઈ ભૂખ્યાને ખાવા ખવડાવો." *(બયહકી ફી શોઅબુલ ઈમાન, ૩૩૬૭, અત્તરગીબ વત્તરહીબ, ૨/૯૨)*

અમ્નની હાલત અને પેટ ભરેલુ હોવું એ બે અલ્લાહ તઆલાની ઘણી જ મહાન નેઅમતો છે. *(કુરૈશ, ૪/૧૦૬)* તેની સરખામણીમાં **ભૂખ** અને **ભય** એ અલ્લાહ તઆલાની નેઅમતોની નાશુક્રીની સજા પણ છે. જેનાથી અલ્લાહ માણસોનો ભેટ કરાવે છે. *(નહ્લ, ૧૬/૧૧૨)* અને તેના તરફથી કરવામાં આવનારી આઝમાઈશ પણ છે જે માણસોને લાગુ થાય છે. *(સૂ. બકરહ, ૨/૧૫૫)*

માણસ પોતાની અન્ય જરૂરતોને ટાળી શકે છે. તેની પાસે રૂપિયા પૈસા ન હોય તો કાંઈક સબર કરી શકે છે, મકાન ન હોય તો ખુલ્લા આકાશ નીચે ગુજારો કરી શકે છે પરંતું ભૂખને અધિક સમય સુધી ટાળવી એ એના માટે શક્ય નથી હોતું. બાળકોનો મામલો તો અધિક મુશ્કેલ હોય છે કે તેઓ ભૂખ સહન નથી કરી શકતાં જેથી રડવા કકળવા લાગે છે અને શોર મચાવવા માંડે છે અને તેમને જોઈને માબાપનું કલેજુ ફાટવા લાગે છે. રીલીફનાં કામોની અગણિત પદ્ધતિઓ છે પરંતું લોકડાઉનના સમયે ભૂખ્યાઓને ખાવા ખવડાવવું એક અત્યંત મહત્વનું તથા જરૂરી કામ હતું જેના પ્રતિ ભલાઈ કરનારાઓએ શક્ય ત્યાં સુધી સત્વરે ધ્યાન આપ્યું અને પોતાનું ઈનામ ખુદાને ત્યાં મેહફૂઝ કર્યું.

એ વિચારવાની વાત છે કે જેમાં સંયુક્તપણે કહી શકાતુ હતું કે "અલ્લાહની રાહમાં ખર્ચ કરો, ગરીબો

Web : www.barkatekhwaja.net

તથા મોહતાજોની જરૂરીયાત પૂરી કરો, તેમનાં કામ આવો.'' પરંતું અલ્લાહ તઆલાએ ખાસ કરીને મિસ્કીનોને ખાવા ખવડાવવા માટે પ્રોત્સાહિત કેમ કર્યા ? અને તેના આખરી રસૂલ મુહમ્મદ ﷺએ ખાવા ખવડાવવાને ''મહાન સદકો'' કેમ ઠરાવ્યો ?

કુર્આન મજીદમાં મિસ્કીનોને ખાવા ખવડાવવાના વિવિધ તરીકા વર્ણવ્યા છે : જે શખ્સ રોઝો ન રાખી શકે તેનો ફિદીયો મિસ્કીનને **ખાવા ખવડાવવું** છે. *(સૂ. બકરહ, ૨/૧૮૪)* કસમનો કફ્ફારો દસ મિસ્કીનોને **ખાવા ખવડાવવું** છે. *(સૂ. માઈદા, ૫/૮૯)* હરમમાં કોઈ શખ્સ શિકાર કરે તો તેનો કફ્ફારો મિસ્કીનોને **ખાવા ખવડાવવું** છે. *(સૂ. માઈદા, ૫/૯૫)* ઝેહાર (પત્નીને મા કહી દેવી)નો કફ્ફારો ૬૦ મિસ્કીનોને **ખાવા ખવડાવવું** છે. *(સૂ. મજાદિલા, ૫૮/૪)* પરેશાનીના દિવસે યતીમો તથા મિસ્કીનોને **ખાવા ખવડાવવાને** મહાન અમલ કહેવામાં આવેલ છે. *(સૂ. બદલ, ૯૦/૧૪ થી ૧૬)* જન્નતવાસીઓનો એક ગુણ એ વર્ણવવામાં આવ્યો કે તેઓ દુનિયામાં અલ્લાહને ખુશ કરવા માટે મિસ્કીનો, યતીમો તથા કેદીઓને **ખાવા ખવડાવે** છે. *(સૂ. દહર, ૭૬/૮)* એ જ પ્રમાણે જહન્નમનુ બળતણ બનનારાઓનો એક જુર્મ વર્ણન કરવામાં આવે છે કે તેઓ પોતે મિસ્કીનોને ખવડાવતા હતા ન હતા ન અન્ય લોકોને આ નેક કામ માટે પ્રોત્સાહિત કરતા હતા.

*(સૂ. ફજર, ૮૯/૧૮, સૂ. માઊન, ૧૦૭/૩)*

અને અલ્લાહના રસૂલ ﷺના મહાન આદેશો છે :

- **ભૂખ્યાઓને ખાવા ખવડાવો.** *(બુખારી : ૩૦૪૬)*
- **ખાવા ખવડાવનારા જન્નત**માં જશે. *(મુસ્નદે અહમદ : ૮૨૯૫)*
- જે શખ્સ કોઈ **ભૂખ્યાને ખાવા ખવડાવશે** તેને અલ્લાહ તઆલા જન્નતનાં ફળોમાંથી ખવડાવશે. *(અલ મજમઅ લિલ નવવી, ૬/૨૩૫)*
- સદકાની એક રીત એ છે કે તમે **ભૂખ્યાને ખાવા ખવડાવો** અને તરસ્યાને પાણી પીવડાવો. *(સિયરુલ અઅ્લામ, અન્નબલા, અઝ્ઝહબી, ૧૬/૪૯૫)*
- તે શખ્સ મો'મિન નથી જે પોતે તો ધરાયેલો હોય પરંતું તેનો પડોશી ભૂખો હોય. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૨૩)*

આ આયતો તથા હદીષોમાં ખાસ કરીને ખાવા ખવડાવવાનું વર્ણન છે. એનાથી જાણવા મળ્યું કે ભલાઈના અનેક સબબોમાં આ અમલને બારગાહે ઈલાહીમાં ઘણો અધિક પસંદ કરવામાં આવેલો છે.

એ ખબરોથી ખૂબ જ પ્રમાણમાં ખુશી થાય છે કે પૂરા દેશમાં ઘણા ભલા લોકોએ ભૂખ્યાઓને ખાવા ખવડાવવા ખાસ આયોજનો કર્યાં અને ધર્મના જાતિ તથા ભેદભાવ વિના તેમણે સૌને લાભ પહોંચાડયો. અમુક વિસ્તારોમાં વિવિધ સંસ્થાઓ, તેહરીકો તથા કમીટીઓએ પણ પોત પોતાની રીતે જમવાના પેકેટો વહેંચ્યાં અને આ નેક કામમાં આગળ વધીને ભાગ લીધો. હકીકત એ છે કે જે લોકોએ એ સમયની ખૂબ મોટી જરૂરત પૂરી કરી તેમણે અલ્લાહ તઆલાને ખુશ કર્યો અને તેનો બદલો કેવળ જન્નત છે.

## ★ શરીફ લોકોની ખબર લો ! ★

લોકડાઉનના કારણે પબ્લિક જે ભૂખ તથા તંગદસ્તીનો શિકાર રહી તેના નિવારણ માટે ભલા માણસોનો ખર્ચ કરવાનો જઝબો માશાઅલ્લાહ જોશમાં રહ્યો. તેમણે મોટા પાયા પર ખાવા પકાવીને પણ વહેંચ્યું અને રાશનના પેકેટો તથા પેકેજો તૈયાર કરીને પણ હક્કદારો સુધી પહોંચાડયાં તેમની આ જિદ્દો જેહદ ઘણી જ મુબારકબાદને પાત્ર તથા દાદને પાત્ર છે. આ પ્રસંગે એક અન્ય મહત્વના પાસાની તરફ ધ્યાન દોરવું છે કે ક્યાંક તે નજરથી ઓજલ ન રહી જાય. તે એ છે કે એ લોકોની તરફ મદદનો હાથ લંબાવવો જે પોતાની જરૂરતમંદીને પોતાની જીભ વડે

web: www.barkatekhwaja.net

પ્રદર્શિત નથી કરી શકતા. જેમની શરાફત તથા શર્મિંદગી તેમના મોઢા પર તાળાં લગાડી દે છે, જેઓ ફાકા પર ફાકા તો કરી શકે છે, પરંતું પોતાની ગરીબાઈની ભણક (અણસાર) પોતાના નજીકના લોકોને પણ આપવાનું પસંદ નથી કરતા.

કુર્આન મજીદમાં બે જગાઓએ ઈમાનવાળાઓ માટે કેટલાક ગુણો વર્ણવવામાં આવેલ છે. એમનામાંથી એક ગુણ આ છે :

وَالَّذِیْنَ فِیْۤ اَمْوَالِهِمْ حَقٌّ مَّعْلُوْمٌ ﴿۲۴﴾ لِّلسَّآىِٕلِ وَالْمَحْرُوْمِ ﴿۲۵﴾

''અને જેમના માલોમાં એક 'હક્ક' નિશ્ચિત છે, સાઈલ (માગનારાઓ)નો પણ અને 'મેહરૂમ'નો પણ.'' *(સૂ. મઆરિજ, ૭૦/૨૪,૨૫)*

આ જ વસ્તુ એક શબ્દ معلومની કમીની સાથે સૂરએ ઝારિયાત (આ. ૧૯)માં પણ આવે છે.

આ આયતોમાં બે શબ્દો ખાસ ધ્યાન કરવા જેવા છે. એક ''હક્ક'' અને બીજો ''મેહરૂમનો હક્ક'' મતલબ એ છે કે **ઈમાનવાળાઓ જ્યારે પોતાની કમાઈમાંથી કોઈને કાંઈક આપે છે તો એવું નથી વિચારતા કે તેઓ એના પર એહસાન કરી રહ્યા છે.** બલ્કે તેમના દિમાગમાં એ વાત ધોળા દિવસની જેમ સાફ દેખાય રહી છે કે તેમના માલોમાં આ તેનો હક્ક છે. આ રીતે તેમને આપીને તે તેના હક્કથી મુક્ત થઈ રહ્યા છે. આ આયતોમાં ''મેહરૂમ''નો શબ્દ સાઈલ (માગવાવાળા)ની સરખામણીમાં આપ્યો છે, જેનાથી એનો અર્થ નિશ્ચિત થાય છે. એનો મતલબ છે : ''તે શખ્સ જે જરૂરતમંદ હોવા છતાં માગવાની હિંમત ન કરી શકે અને હાથ ન ફેલાવે.''

આપણી આસપાસ સમાજમાં ઘણા બધા શરીફ ખાનદાનવાળા હોય શકે છે. જેમનામાં આપણા સગાંઓ, આપણા દોસ્તો, સાથીઓ, આપણી ઓફીસોમાં કામ કરવાવાળા નોકરો, મહોલ્લાઓમાં ફેરી લગાડીને રોજ બરોજનો સામાન વેચનારા અને ટોપલાવાળા વગેરે. આપણે આપણા દિમાગ પર થોડુક જોર આપીએ તો આ વિવિધ શરીફોની તસવીરો આપણી સામે આવી જશે. આપણી જિમ્મેદારી છે કે આપણે તેમની ગૈરત (શરમ) તથા ખુદ્દારીને તૂટવા ન દઈએ અને એ મોકા પર એમને એ રીતે મદદ કરીએ કે તેમને શર્મિંદગીનો જરા પણ એહસાસ ન થાય. આપણે આમ સદકા ખૈરાત ઉપરાંત ઝકાત વડે પણ તેમની મદદ કરી શકીએ છીએ. આપનારની એ નિય્યત હોવી જોઈએ તે ઝકાત આપી રહ્યો છે, જેને ઝકાતની રકમ આપવામાં આવી રહી છે તેને જણાવવું જરૂરી નથી કે આ ઝકાતની રકમ છે.

શરીઅતમાં મુસ્તહિક્ને મદદ આપતી વખતે રકમ ખર્ચવાના મામલામાં ગુપ્તતાને ખૂબ જ મહત્વ આપવામાં આવેલ છે. ક્યામતના દિવસે જે લોકો એ વખતે રબના અર્શના સાયામાં હશે જ્યારે તેના સાયા સિવાય અન્ય કોઈ સાયો (છાંયડો) હશે નહીં. એમનામાં એક તે શખ્સ પણ હશે જે એ રીતે રાહે હક્કમાં ખર્ચ કરે કે તેના ડાબા હાથને ખબર ન થવા પામે કે તેના જમણા હાથે શું ખર્ચ કર્યો છે.

*(બુખારી : ૬૬૦, મુસ્લિમ : ૧૦૩૧)*

લોકડાઉનમાં કપરાકાળમાં ઘણા બધા લોકોએ દિલ ખોલીને પોતાનો માલ લૂટાવ્યો. તેમણે મોટા લંગરો ખોલી રાખ્યા હતા જેના થકી જાતિ ધર્મના ભેદભાવ વિના માનવોની ભૂખ મિટાવી. એવામાં એ લોકો બારગાહે ઈલાહીમાં ખાસ અજ્રના હક્કદાર થશે જેમણે ખૂબ જ ખામોશીપૂર્વક સમાજના એવા શરીફ લોકોની મદદ કરી જેમની ખુદ્દારી તેમને હાથ ફેલાવવાની ઈજાઝત આપતી ન હતી અને જેમના પર સામાન્યતઃ ભલાઈ કરનારા લોકોની નજર પડતી ન હતી.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઉર્દૂ, ફેબ્રુઆરી–૨૦૨૧, મુંબઈ, અઝ : મૌલાના ઝફરુદ્દીન બરકાતી)*

Web.: www.barkatekhwaja.net